gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

રવિવાર, 12 મે, 2024

વૈશાખ સુદ -5, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 02 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



43 વર્ષે પણ શ્વેતા તિવારી સુંદરતાની સાથે પોતાની ફિટનેસમાં પણ સબ સે આગે...

પેજ 11

સુવિચાર

જિંદગીની મૂંઝવણ ભલે પહાડ જેવી હોય ,પરંતુ નદીની જેમ વહેતા શીખો, રસ્તો એની જાતે બની જશે..!!!!



ધોરણ - 11માં પ્રવેશની ટકાવારી ઊંચી જઈ શકે

### ધો.12 સાયન્સ -જનરલ સ્ટ્રીમ બાદ હવે ધો-10નું પરિણામ પણ વહેલું જાહેર

# ત્રીસ વર્ષમાં ધો.૧૦નું સૌથી વધુ 82.56% પરિણામ આવ્યું

■ આ વખતે પણ છોકરાઓ કરતાં છોકરીઓએ બાજી મારી, 23247 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો

ગુજરાત | વંદન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધો.10ની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું . જેમાં છેલ્લા ત્રીસ વર્ષનું રકોર્ડબ્રેક 82.56% પરિણામ આવ્યું છે. ઊચા પરિણામ થી ધો.11માં પ્રવેશ માટે ટકાવારી ઊચી જઈ શકે અઆ અગાઉ ધોરણ 12ની સાયન્સ, આર્ટસ અને કોમર્સ સ્ટ્રીમનું થોડા દિવસ પહેલા પરિણામ જાહેર કરી દેવાયું હતું . હવે આજે ધોરણ 10નું પરિણામ જાહેર થઈ ગયું છે. વિદ્યાર્થીઓ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ.

આ વખતે કુલ 6,99,598 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમનું પરિણામ 82.56 ટકા આવ્યું છે. સૌથી વધુ પરિણામ ધરાવતા કેન્દ્ર દાલોદ (જિલ્લો અમદાવાદ ગ્રામ્ય) 100 ટકા, તલગાજરડા (જિલ્લો ભાવનગર) 100 ટકા રહ્યા છે. જ્યારે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર રહ્યો છે જેનું પરિણામ 87.22 ટકા આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલલો પોરબંદર જેનું 74.57 ટકા રહ્યું છે. આ વખતે 100 ટકા પરિણામ ધરાવતી શાળાઓની વાત કરીએ તો આ વખતે 2023ની તુલનાએ આવી સ્કૂલોની સંખ્યા વધીને 1389ને આંબી ગઈ છે જે 2023માં 272 જ હતી.૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા આ વખતે ઘટી છે જે 70ની આજુબાજુ છે. નોંધનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષા 11મી માર્ચથી 26મી માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પરથી સવારે આઠ વાગ્યે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

જ્યારે ગત વર્ષ 2023 કરતા 17.94 ટકા પરિણામ વધ્યું છે. આ વર્ષે એટલે કે 2024ના વર્ષનું છેલ્લા 30 વર્ષનું રેકોર્ડબ્રેક રિઝલ્ટ આવ્યું છે. આ વર્ષે છોકરાઓ કરતા છોકરીઓએ બાજી મારી છે, 2023 કરતા આ વર્ષે 17.94 ટકા વધુ પરિણામ આવ્યું છે. સૌથી વધુ ગાંધીનગર જિલ્લાનું 87.22 ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા A1 ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર ગણી વધી છે. ગત વર્ષે A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 6111 હતી. જ્યારે આ વર્ષે A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 23,247 પહોંચી છે.ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પરિણામમાં 10.03 ટકાનો વધારો થયો છે. આ સાથે જ ગુજરાતમાં સૌથી વધુ સુરતના 4870 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ જાહેર થયેલા ધોરણ 12ના પરિણામમાં સુરત ગુજરાતમાં A1 અને A2 ગ્રેડમાં પ્રથમ હતું.

દરમિયાનમાં રાજ્યના શિક્ષણમંત્રી પ્રફૂલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, પાસ થયા છે તેવા તમામ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. જે સફળ નથી થયા તેઓને ડબલ અભિનંદન આપું છું કે આજથી મહેનત શરૂ કરી દો. અમે ફરીથી તમારા માટે પરીક્ષાની વ્યવસ્થા કરી છે. એકાદ-બે મહિનામાં સોલ્વ કરીને રનિંગ પ્રવાહમાં આવી જશે.

## તલગાજરડા કેન્દ્રનું 100 ટકા સૌથી વધુ પરિણામ



અમદાવાદ ગ્રામ્યના દાલોદ કેન્દ્ર અને ભાવનગરના તલગાજરડા કેન્દ્રનું 100 ટકા સૌથી વધુ પરિણામ

- સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર 87.22 ટકા
- સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો પોરબંદર 74.57 ટકા
- 1389 સ્કુલોનું 100 ટકા પરિણામ
- 23247 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો
- વિદ્યાર્થીઓનું પરિણામ 79.12 ટકા
- વિદ્યાર્થિનીઓનું પરિણામ 86.69 ટકા
- છોકરીઓનું પરિણામ 7.57 ટકા વધુ

## ૩ સુરતીલાલાઓએ A1 ગ્રેડમાં બાજી મારી

સુરત જિલ્લાનું 86.75 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેના પગલે સ્કૂલો ખાતે પહોંચેલા વિદ્યાર્થીઓ ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા. સુરતમાં 4,870 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે, જે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ છે. આ સાથે A2માં 12,930, B-1માં 15,207 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. 9 મેના રોજ જાહેર થયેલા ધોરણ 12ના સાયન્સ પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં પણ સુરત A1 ગ્રેડમાં 328 વિદ્યાર્થી અને A2 ગ્રેડમાં 1,844 વિદ્યાર્થી રાજ્યમાં અગ્રેસર રહ્યા હતા. ફરી એકવાર સુરતીઓએ A1 ગ્રેડમાં બાજી મારી છે.

## છોકરાઓ કરતા છોકરીઓએ બાજી મારી



- ગત વર્ષે 64.62 ટકા પરિણામ હતું
- 17.94 ટકા પરિણામ વધુ આવ્યું

## ગુજરાતી ભાષાને લઈ આંખ ઉઘાડતું પરિણામ

ધો-10માં ગુજરાતી પ્રથમ ભાષામાં 46,178 નાપાસ થયા છે. જ્યારે ગુજરાતી દ્વિતિય ભાષામાં 6345 વિદ્યાર્થી નાપાસ થયા છે. બેઝિક ગણિતમાં 1.04 લાખ વિદ્યાર્થી નાપાસ થયા થછે તો વિજ્ઞાનમાં 81382, અને અંગ્રેજી દ્વિતિયમાં 44703 નાપાસ થયા છે તો સ્ટાન્ડર્ડ ગણિતમાં માત્ર 388 વિદ્યાર્થી નાપાસ થયા છે.

## ગ્રેડ મુજબ ધોરણ -10નું પરિણામ...

- A1 ગ્રેડમાં 23,247 વિદ્યાર્થી
- A2 ગ્રેડમાં 78,893 વિદ્યાર્થી
- B1 ગ્રેડમાં 1,18,710 વિદ્યાર્થી
- B2 ગ્રેડમાં 1,43894 વિદ્યાર્થી
- C1 ગ્રેડમાં 1,34,432 વિદ્યાર્થી
- C2 ગ્રેડમાં 72,252 વિદ્યાર્થી
- D ગ્રેડમાં 6,110 વિદ્યાર્થી



- E1 ગ્રેડમાં 18 વિદ્યાર્થી પાસ થયા છે.

## પરિણામ ઉડતી નજરે....

- 23,247 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યું
- 78,893 વિદ્યાર્થીને A2 ગ્રેડ
- 21,869 વિદ્યાર્થીઓ એક વિષયમાં નાપાસ જાહેર
- જિલ્લામાં ગાંધીનગર મોખરે
- સૌથી વધુ-સૌથી ઓછુ પરિણામ...
- ગાંધીનગર જિલ્લાનું સૌથી વધુ 87.22 ટકા પરિણામ
- સૌથી ઓછું પોરબંદર જિલ્લાનું 74.57 ટકા પરિણામ
- 1389 શાળાઓનું 100 ટકા પરિણામ જાહેર
- 1389 શાળાઓનું 100 ટકા પરિણામ જાહેર થયું છે અને 264 શાળાનું 30 ટકા અને 70 શાળાનું શૂન્ય પરિણામ આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### અજબ ગજબ : YouTube જોઈને ખેતી શીખ્યો



હરિયાણાના સિરસા જિલ્લાના રહેનાર ખેડૂત સતબીર ડેહરૂએ બીજા ખેડૂતો માટે મિસાલ ઉભી કરી છે. જે જૈવિક વરિયાળીની ખેતીથી દર વર્ષે લાખો રૂપિયા નફો કમાઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે સતબીર હેડરૂએ જૈવિક વરિયાળીની ખેતી યુટ્યુબ પર વીડિયો જોઈને શરૂ કરી. જેમ જેમ વરિયાળીની ખેતીમાં ફાયદો થતો ગયો તે તેને વધારતા ગયા. હવે બીજા ખેડૂત પણ તેમની પાસે જૈવિક ખેતી કરવાની રીત શીખી રહ્યા છે.

### નીરજ ચોપરાએ સિલ્વર મેડલ જીત્યો



નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગમાં સિલ્વર મેડલ જીત્યો છે. તે પોતાના ટાઈટલનો બચાવ કરી શક્યો ન હતો. તેણે 6 રાઉન્ડ પછી 88.36 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો, જે તેના છેલ્લા પ્રયાસમાં આવ્યો. ચેક રિપબ્લિકનો યાકુબ વાદલેચ પ્રથમ નંબરે રહ્યો, તેણે ત્રીજા એટેમ્પટમાં 88.38 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો હતો.દોહા ડાયમંડ લીગ કતારની સ્પોર્ટ્સ ક્લબમાં યોજાઈ, નીરજે દોહાથી જ તેની સીઝનની શરૂઆત કરી. તેણે ગઈ સિઝનમાં દોહામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતના અન્ય જેવલિન થ્રોએર કિશોર જેના 10 એથ્લેટ્સમાં 9મા સ્થાને રહ્યો. તેણે ત્રીજા પ્રયાસમાં 76.31 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો હતો.

### પ્રથમ પરમાણુ બોમ્બ ધડાકાને 80 વર્ષ

તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના કાર્યકાળમાં 1998માં પાંચ પરમાણુ પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આમાં 11 મે 1998ના રોજ ત્રણ અને 13 મે 1998ના રોજ બે પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યા હતા.વર્તમાનની વાત કરીએ તો, હવેથી એક વર્ષ પછી, આપણે હિરોશિમા અને નાગાસાકીના પરમાણુ બોમ્બ ધડાકાની 80મી વર્ષગાંઠમાં પ્રવેશ કરીશું. પરમાણુ શસ્ત્રો આજે વૈશ્વિક ચર્ચામાં છે. યુદ્ધ અને અસુરક્ષા પ્રબળ બની ગઈ છે અને મહાન શક્તિઓ ફરી એકવાર તેમના શસ્ત્રાગારને તીક્ષ્ણ બનાવી રહી છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




# મોદીનો દાવો: કોંગ્રેસને 50 બેઠકો પણ નહીં મળે

■ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને ફેંક્યો પડકાર

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડિશાના કંધમાલમાં એક ચૂંટણી રેલી દરમિયાન કોંગ્રેસને ખુલ્લો પડકાર ફેંક્યો છે. પીએમ મોદીએ કોંગ્રેસ અંગે દાવો કરતા કહ્યું કે તેને આગામી લોકસભાની ચૂંટણીમાં 50 બેઠકો પણ મળશે નહિ. ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મહારાષ્ટ્રના નંદુરબારમાં એક વિશાળ રેલીને સંબોધી હતી.

વડાપ્રધાને આ દરમિયાન કોંગ્રેસની સાથે-સાથે તેમણે શિવસેના પર પણ જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે નકલી શિવસેના વાળા મને જીવતો દાટી દેવાની વાત કરે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે આ લોકો કહી રહ્યાં છે કે મોદીની કબર ખોદાશે. તુષ્ટિકરણ માટે આ ભાષા બોલી રહ્યાં છે. તેમને સપના દેખાઈ રહ્યાં છે કે મોદીને જમીનમાં દાટી દઈશું. તેમને એ વાતનો ખ્યાલ નથી કે દેશની માતાઓ અને બહેનો મોદીની રક્ષા કરશે.

મોદીએ કહ્યુ હતું કે મહા અઘાડી આરક્ષણના મહાભક્ષણનું મહા અભિયાન ચલાવી રહી છે. જ્યારે એસસી, એસટી અને ઓબીસીનું આરક્ષણ બચાવવા માટે મોદી મહારક્ષણ મહાયજ્ઞ કરી રહ્યો છે. હું કોંગ્રેસના શાહી પરિવારની જે મોટા પરિવારમાંથી આવતો નથી. હું તો ગરીબીમાં જ મોટો થયો છું. મને ખબર છે કે અહીં તમે કેટલી તકલીફ ઉઠાવી છે. તમારા જીવનમાં પણ મુશ્કેલીનો પહાડ હતો. કેટલાક આદિવાસી પરિવારો પાસે પાક્કું ઘર નહોતું. આઝાદીના 60 વર્ષ પણ ગામડાઓમાં વીજળી પહોંચી નહોતી.

## કપૂત પાક્યો : મધર્સ ડેના આગલા દિવસે માતા સહિત પાંચની હત્યા

ગુજરાત | વંદન


મધર્સ ડેના આગલા દિવસે જ ઉત્તર પ્રદેશથી એક દર્દનાક અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, યુપીના સીતાપુરમાં એક જ પરિવારના 6 લોકોના મોતથી ખળભળાટ મચી ગયો છે. રિપોર્ટ અનુસાર યુવકે માતા, પત્ની અને બાળકોની નિર્દયતાથી હત્યા કરી હતી. આ સાથે આરોપીએ તેની માતાને ગોળી મારી અને તેની પત્નીની હથોડી વડે હત્યા કરી. આ પછી

...અનુસંધાન પેજ નં. 6 પર

# કરૂણ ઘટના: કારમાં સવાર વરરાજા સહિત ચારનાં મોત

■ ઝાંસી-કાનપુર હાઈવે પર મોટી દુર્ઘટના

ગુજરાત | વંદન



ઝાંસી જિલ્લાના એરિચ પોલીસ સ્ટેશન વિસ્તારના બિલાટી ગામમાં રહેતા આકાશના લગ્ન 10 મેના રોજ થયા હતા. તે લગ્નની જાન સાથે બાડા ગામ પોલીસ સ્ટેશન વિસ્તારના છાપર ગામ જઈ રહ્યો હતો. આકાશ તેના સાચા ભાઈ આશિષ, લગભગ 7 વર્ષના ભત્રીજા આશુ અને બે સંબંધીઓ સાથે કારમાં હતો. જ્યારે કાર બડા ગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાનપુર હાઈવે પર પરીછા ઓવર બ્રિજ પર પહોંચી ત્યારે તેને પાછળથી આવી રહેલા ડીસીએમ વાહને ટક્કર મારી હતી. જેના કારણે કાર અને ડીસીએમ વાહનમાં આગ લાગી હતી.

યુપીના ઝાંસીમાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઝાંસી-કાનપુર હાઈવે પર ડીસીએમ અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. થોડી જ વારમાં બંને વાહનોમાં આગ લાગી હતી અને કારમાં સવાર વરરાજા સહિત ચાર લોકો બળીને ખાખ થઈ ગયા હતા. ત્યાં બે લોકોનો આબાદ બચાવ થયો હતો. બંને ઘાયલ છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં વરરાજા, વરરાજાના ભાઈ, વરરાજાના ભત્રીજા અને કાર ચાલક બળીને ખાખ થઈ ગયા હતા.

ઝાંસી જિલ્લાના એરિચ પોલીસ સ્ટેશન વિસ્તારના બિલાટી ગામમાં રહેતા આકાશના લગ્ન 10 મેના રોજ થયા હતા. તે લગ્નની સરઘસ સાથે બાડા ગામ પોલીસ સ્ટેશન વિસ્તારના છાપર ગામ જઈ રહ્યો હતો. આકાશ તેના સાચા ભાઈ આશિષ, લગભગ 7 વર્ષના ભત્રીજા આશુ અને બે સંબંધીઓ સાથે કારમાં હતો. ડ્રાઈવર ભગત કાર ચલાવી રહ્યો હતો. ગામ છોડ્યા પછી, જ્યારે તે બડા ગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાનપુર હાઈવે પર પરીછા ઓવર બ્રિજ પર પહોંચ્યો, ત્યારે તેને પાછળથી આવી રહેલા ડીસીએમ વાહને ટક્કર મારી. જેના કારણે કાર અને ડીસીએમ વાહનમાં આગ લાગી હતી.

## 'નવીન મુખ્યમંત્રી નહી બને તો રાજનીતિ છોડી દઈશ',: વીકે પાંડિયન

■ પટનાયક 5 માર્ચ 2000 થી સતત ઓડિશાના મુખ્યમંત્રી પદે રહ્યા છે

ગુજરાત | વંદન



બીજેડી નેતા વીકે પાંડિયને શુક્રવારે કહ્યું કે જો પાર્ટીના અધ્યક્ષ નવીન પટનાયક વિધાનસભા ચૂંટણી પછી સતત છઠ્ઠી વખત ઓડિશાના મુખ્યમંત્રી નહીં બને તો તેઓ રાજકારણ છોડી દેશે. પટનાયકના નજીકના સાથી પાંડિયને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનને એવી જાહેરાત કરવા પડકાર ફેંક્યો કે જો ભાજપ રાજ્યમાં સત્તામાં આવવામાં નિષ્ફળ જશે તો તેઓ પણ રાજકીય 'નિવૃત્તિ' લેશે. ધર્મેન્દ્ર પ્રધાન ઓડિશામાં ભાજપનો ચહેરો છે. પૂર્વ આઈએએસ અધિકારી પાંડિયને ઝારસુગુડા જિલ્લાના બ્રજરાજનગરમાં એક રેલીને સંબોધિત કરતા કહ્યું, "તમે

...અનુસંધાન પેજ નં. 6 પર

## જેલમાંથી છુટતાં જ અરવિંદ કેજરીવાલ હનુમાનજીના શરણે

■ સોશિયલ મીડિયા પર પ્રથમ પોસ્ટમાં કહ્યું- રેલીમાં જરૂર આવજો


ગુજરાત | વંદન

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યા પછી તેમણે આજે x પર પોસ્ટ કરી છે. આ ટ્વિટમાં તેમણે પોતાના ચૂંટણી પ્રચારની વિગતો આપી છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારે સુપ્રીમ કોર્ટે કેજરીવાલને રાહત આપતા તેમના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. તેના પગલે હવે કેજરીવાલ 1 જૂન સુધી ચૂંટણી પ્રચાર કરી શકશે. કેજરીવાલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા કહ્યું છે કે હનુમાનજીના આશીર્વાદથી, કરોડો લોકોની દુઆથી અને સુપ્રીમ કોર્ટના જજના ન્યાયના કારણે તમારા બધાની વચ્ચે આવવાનો મોક મળ્યો છે. ખૂબ જ ખુશી થઈ રહી છે. સીએમએ પોતાના કાર્યક્રમ અને રેલીની માહિતી આપતા પોસ્ટમાં લખ્યું કે તમે બધા જરૂર આવજે. અરવિંદ કેજરીવાલ આજે દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત હનુમાન મંદિર પણ જશે.

## હાઈકોર્ટનો અનોખો ચુકાદો : બંને પક્ષકારો 25-25 વૃક્ષો વાવો

■ એક મંદિર મામલે આપ્યો પ્રયોગલક્ષી નવતર આદેશ

ગુજરાત | વંદન




જયપુરના મંદિરમાં ભગવાનની મૂર્તિઓ અને તસવીરો પર પર ચંદન લગાવવા સંબંધિત કેસમાં રાજસ્થાન હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટે બંને પક્ષકારોને મંદિર પરિસરમાં 25-25 વૃક્ષો વાવવા અને કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી તેમની સંભાળ રાખવા આદેશ આપ્યો છે. રાજસ્થાન હાઈકોર્ટે શહેરના મ્યુઝિયમ રોડ પર સ્થિત શિવ મંદિરમાં કૃષ્ણાનંદજીની મૂર્તિઓ અને તસવીર પર ચંદન લગાવવા સંબંધિત કેસમાં બંને પક્ષકારોને મંદિર પરિસરમાં 25-25 વૃક્ષો વાવવા અને જ્યાં સુધી કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી તેમની સંભાળ રાખવાનો આદેશ આપ્યો છે. આ સાથે હાઈકોર્ટે નીચલી કોર્ટમાં ચાલી રહેલા કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી દર વર્ષે જુલાઈના પ્રથમ સપ્તાહમાં આ વૃક્ષોની તસવીરો કોર્ટમાં રજૂ કરવા પણ જણાવ્યું છે.

જસ્ટિસ અનૂપ કુમાર ધંડની સિંગલ બેન્ચે ભાનુ પ્રકાશ શર્મા અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યુ હતું કે 'વૃક્ષો વાવવાથી પક્ષકારોની ભગવાન અને પ્રકૃતિમાં શ્રદ્ધા વધશે.' આ ઉપરાંત હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે 'દરેક નાગરિકની આપણી સંસ્કૃતિ અને વારસાની રક્ષા કરવાની ફરજ છે.આ સિવાય કોઈને પણ મૂર્તિ કે પ્રતિમાને નુકસાન પહોંચાડવાનો અધિકાર નથી, પરંતુ મંદિરમાં પૂજા કરતા કોઈને રોકવાનો પણ કોઈને અધિકાર નથી.'

## રેવન્ના સેક્સ સ્કેન્ડલ મામલે ભાજપના નેતાની ધરપકડ

■ પ્રજ્વલના અશ્લીલ વીડિયો લીક કરવાનો આરોપ

ગુજરાત | વંદન



પ્રજ્વલ રેવન્ના સેક્સ સ્કેન્ડલ કેસમાં ભાજપ નેતા જી.દેવરાજ ગૌડાની પણ ધરપકડ કરવામાં આવી છે. ભાજપના નેતા અને વ્યવસાયે વકીલ. દેવરાજે ગૌડાની શુક્રવારે રાત્રે હાસન ખાતેથી જનતા દળ સેક્યુલર સાંસદ પ્રજ્વલ રેવન્ના સાથે સંબંધિત અશ્લીલ વીડિયો કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, દેવરાજે ગૌડાને હિરીયુર પોલીસે ચિત્રદુર્ગ જિલ્લાના ગુલિહાલ ટોલ નાકા પર પેન ડ્રાઈવ દ્વારા વીડિયો લીક કરવા બદલ ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે, હાસન પોલીસ પાસેથી મળેલી બાતમીના આધારે ગૌડાની ધરપકડ કરવામાં આવી હતી.

કર્ણાટકમાં 26 એપ્રિલના રોજ મતદાન પહેલા પ્રજ્વલ સાથે કથિત રીતે સંબંધિત કેટલાક અશ્લીલ વીડિયો સામે આવ્યા હતા. દેવરાજે ગૌડા પર આ વીડિયો લીક કરવાનો આરોપ છે, જેને તેમણે સંપૂર્ણપણે ફગાવી દીધા છે. એક મહિલાએ દેવરાજ ગૌડા સામે જાતીય સતામણીનો કેસ પણ નોંધાવ્યો હતો. આરોપ છે કે તેણે પોતાની મિલકત વેચવાના નામે મહિલાની

...અનુસંધાન પેજ નં. 6 પર

## જમૈકાની ડંકી ફ્લાઈટમાં 5 ગુજરાતી હતા, શંકરપુરાના છે વતની

■ અમેરિકામાં ઘૂસવા જતા ઝડપાયેલા હતા 175 ભારતીય

ગુજરાત | વંદન



તાજેતરમાં આખી ફ્લાઈટ બૂક કરીને ગુજરાતીઓને અમેરિકામાં ઘુસાડવાનું વધુ એક ષડ્યંત્ર બહાર આવ્યું છે. 10 દિવસ પહેલા દુબઈથી ઉડાન ભરીને નીકળેલી ફ્લાઈટને જમૈકામાં રોકી દેવામાં આવી હતી. આ પ્લેનમાં કુલ 253 મુસાફર હતા, જેમાં 150થી 175 ભારતીય મુસાફર સવાર હતા. એમાંથી મોટા ભાગના ગુજરાતીઓ અને પંજાબી હતા. આ ફ્લાઈટને કિંગ્સ્ટનની રાજધાની જમૈકાથી દુબઈ પરત મોકલી દેવામાં આવી છે. આ ગુજરાતી મુસાફરોમાં માણસા પાસે આવેલા શંકરપુરા ગામના પાંચ લોકો હોવાનો પણ ખુલાસો થયો છે.

આ ડંકી ફ્લાઈટને પગલે ગામમાંથી ગયેલા લોકોની તપાસ કરવા દિવ્યભાસ્કર શંકરપુરા ગામ પહોંચ્યું હતું. જ્યાં લોકો સાથે વાત કરી તો આ વાત સાંભળીને લોકો મોઢું ચૂપ કરી દેતા હતા અને અમારે શું કામ કહેવું એમ કહીને આખા પ્રકરણ પર પૂર્ણ વિરામ મૂકી દેતા હતા.અમદાવાદથી 40 કિલો મીટર દૂર આવેલા માણસાના શંકરપુરા ગામની વસ્તી ભલે 1200 લોકોની જ હોય પણ ગામમાં જોવા મળતા બંગ્લો અમેરિકન ટચના અને તમામ વૈભવી સુવિધા ધરાવે છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગાંધીનગર જિલ્લાનું ગત વર્ષની સરખામણીમાં ધો.12 વિજ્ઞાન પ્રવાહનું 19.5 ટકા પરિણામ વધ્યું

■ ધો-12 સાયન્સમાં જિલ્લામાં 25 વિદ્યાર્થીઓએ A - 1 ગ્રેડ હાંસલ કર્યો

ગુજરાત | વંદન






ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - 12 સામાન્ય પ્રવાહનું રાજ્યનું 91.93 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું 94.10 ટકા પરિણામ જાહેર કરાયું છે. જિલ્લામાં 11 હજાર 199 વિદ્યાર્થીઓ પૈકી 11 હજાર 162 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં A - 1 ગ્રેડ માત્ર 27 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ગત વર્ષ 2023નું 74.60 ટકા પરિણામ જાહેર કરાયું હતું. આમ ગત વર્ષ 2023ની સરખામણીએ આ વર્ષે ગાંધીનગર જિલ્લાનું 19.5 ટકા પરિણામ વધુ આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં 11 હજાર 199 વિદ્યાર્થીઓમાંથી 11 હજાર 162 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં A - 1 ગ્રેડ 104 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે 14 હજાર 641 વિદ્યાર્થીઓમાંથી 14 હજાર 581 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જે પૈકી A 1 ગ્રેડ માત્ર 27 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. માર્ચ - 2023 નું જિલ્લાનું 74.60 ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે વર્ષ - 2022 માં ગાંધીનગર જિલ્લાનું 87.84 ટકા રિઝલ્ટ રહ્યું હતું. આમ વર્ષ - 2022 તેમજ વર્ષ - 2023 કરતા આ વર્ષે પરિણામ વધ્યું છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - 12 વિજ્ઞાન પ્રવાહનું રાજ્યનું 82.45 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું 81.60 ટકા પરિણામ જાહેર કરાયું છે. જિલ્લામાં 4 હજાર 632 વિદ્યાર્થીઓમાંથી 4 હજાર 620 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સાયન્સની પરીક્ષા આપી હતી. જેમાં A - 1 ગ્રેડ 25 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ગત વર્ષે જિલ્લામાં ધોરણ 12 સાયન્સમાં 4679 પરીક્ષાર્થીઓમાંથી માત્ર 2 વિદ્યાર્થીએ A-1 ગ્રેડ હાંસલ કર્યો હતો.

જે અન્વયે ગત વર્ષે ગાંધીનગર જિલ્લાના કેન્દ્રોની સ્થિતિ ઉપર નજર કરીએ તો માર્ચ - 2023 ની પરીક્ષામાં કુલ 2976 વિદ્યાર્થીઓ પરિણામ મેળવવાના પાત્ર (EQC) રહ્યા છે. જે પૈકી ગાંધીનગર ઉત્તર કેન્દ્રમાં 3457 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 2215, NI - 1246 મળીને 64. 07 ટકા પરિણામ આવ્યું છે. કલોલ કેન્દ્રમાં 513 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 341, NI - 172 મળીને 66.57 % પરિણામ કલોલ કેન્દ્રનું રહ્યું છે. જ્યારે માણસા કેન્દ્રમાં 175 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 124,NI - 51 મળીને 70.86 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરાયું હતું.

# નવા શૈક્ષણિક વર્ષથી સ્કૂલોને કાયમી શિક્ષકો નહીં મળી શકે

■ તેને નિવારવા જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ કરવા આદેશ

ગુજરાત | વંદન



નવા શૈક્ષણિક વર્ષ-2024-25માં સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં કાયમી શિક્ષકો કદાચ નહી હોય તેવી શક્યતા રહેલી છે. કેમ કે શિક્ષણ વિભાગના સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કરાર આધારીત જ્ઞાન સહાયકોનો કરાર રિન્યુ નવા શૈક્ષણિક વર્ષના પ્રથમ દિવસથી કરવાના આદેશ પરથી લાગી રહ્યું છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓને કરાર આધારીત જ્ઞાન સહાયકથી ભરતી ચાલુ શૈક્ષણિક વર્ષમાં કરવામાં આવી હતી. જોકે નવા શૈક્ષણિક વર્ષ-2024-25માં સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યાએ કાયમી શિક્ષકોની ભરતી થશે તેવો આશાવાદ ટેટ અને ટાટ પાસ ઉમેદવારોમાં હતો. પરંતુ ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની આશા મૃગજળ સમાન બની રહેશે.

કેમ કે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઉનાળું વેકેશન પૂર્ણ થતાં જ 12મી, જૂન-2024ના રોજ પૂર્ણ થશે. આથી 13મી, જૂન-2024થી જ રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કરાર આધારીત જ્ઞાન સહાયકોનો કરાર આગામી 11 માસ માટે રિન્યુ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

## યુવાનોએ પોતાના વિચારો રજૂ કર્યા

# નવી શિક્ષણ નીતિમાં થિયરીકલ નહીં પરંતુ પ્રેક્ટિકલ હોવું જોઈએ

■ કર્મચારીઓની ભરતી ફુલ પગાર સાથે કરવી જોઈએ -યુવાઓનો મત

ગુજરાત | વંદન



નવી શિક્ષણ નીતિમાં થીયરીકલ નહી પરંતુ પ્રેક્ટિકલ શિક્ષણ આપવામાં આવે તે વર્તમાન સમયની માંગ છે. ઉપરાંત ડીગ્રી મેળવવી યુવાનો માટે સરળ બની ગયું તેવી જ રીતે નોકરી પણ સરળતાથી મળી રહે તેવું આયોજન કરવાથી બેકારી દુર થાય. મફત અનાજ દરેકને આપવા કરતા જરૂરીયાત વ્યક્તિઓને આપવાથી મફતનું ખાવાની ટેવ લોકોમાં પડશે નહી. શાળાઓ સહિત દરેક સરકારી કચેરીઓમાં કર્મચારીઓની ભરતી ફુલ પગાર સાથે કરવી જોઈએ. હાલમાં ફિક્સ પગારમાં ભરતી કરવામાં આવે છે તેનાથી ભષ્ટ્રાચાર વધે છે. ઉપરાંત તેની સાથે સાથે નોકરી પ્રત્યેની જવાબદારી ઘટી જાય છે તેવા મંતવ્યો પ્રથમ વખત મતદાન કરવા આવેલા યુવા મતદારોએ જણાવ્યું હતું.

હાલમાં શૈક્ષણિક વ્યાપ એટલો બધો થયો છે કે જે રીતે યુવાનો સરળતાથી ડીગ્રી મેળવે એટલી સરળતાથી જોબ મળી રહે તેવું આયોજન કરવું જોઈએ. ઉપરાંત શિક્ષણ થીયરીકલ ઓછું અને પ્રેક્ટિલ વધારે હોવું જોઈએ. કે.જી.થી પી.જી. સુધીનો અભ્યાસ ગરીબ બાળકો મફતમાં ભણી શકે તે માટે સરકારી શાળાઓ અને કોલેજો બનાવવી જેથી શિક્ષણના વેપારીકરણને નાબુદ કરી શકાય. ઉપરાંત શિક્ષણ સેવાનું કાર્યનો હેતુ સિદ્ધ થાય તે માટે શાળા અને કોલેજોમાં શિક્ષકો અને પ્રોફેસરોની કાયણી ભરતી કરવી જોઈએ તેમ યુગે જણાવ્યું છે.

મફત અનાજ આપવાની યોજનાથી લોકો આળસું બનશે અને દિવસે દિવસે તેમાં વધારો થવાથી જે દેશ માટે ખતરનાક બની રહેશે. પરંતુ શ્રમજીવીઓને મહેનત કરતા ઓછું વેતન મળી રહ્યું છે. તેવા પરિવારોને મફત અનાજ આપવામાં આવે તો મહેનત કરનાર વર્ગમાં વધારો થશે. શ્રમજીવીઓને રહેવા માટે મકાનો આપવા જોઈએ જેથી નગરપાલિકા કે મહાનગર પાલિકા વિસ્તારોની ખૂલ્લી જગ્યાઓમાં ઉભી થઈ રહેલી ઝુંપડપટ્ટી દુર થાય તેમ શ્રેયાએ જણાવ્યું છે.

નાના ગામથી લઈને મહાનગર પાલિકા વિસ્તારોમાં સરકાર તરફથી આરસીસી અને ડામરના રોડ બનાવવા છતાં છાશવારે તૂટી જતા હોય છે. ત્યારે રોડ અને રસ્તા મજબૂત બને અને ભષ્ટાચાર દુર થાય તેવા આયોજનથી લોકોને તૂટતા રોડથી છુટકારો મળશે. સારા રોડ અને રસ્તા બનવાથી નાના ગામડાથી લઈને મહાનગર પાલિકાનો વિકાસ થાય છે. પરંતુ કામગીરી નબળી રહેતા રોડ બનાવ્યાને અમુક વર્ષોમાં તૂટી જવાના કિસ્સા બનતા હોવાનું વ્યોમે જણાવ્યું છે. હાલમાં મોંઘવારી વધી રહી છે તેની સાથે સાથે મોજશોખ પણ વધી રહ્યા છે. જોકે પહેલાં આવા મોજશોખના કારણે પરિવારના દરેક વ્યક્તિની પાસે એન્ડ્રોઇડ મોબાઇલ જોવા મળી રહ્યો છે.

# ગાંધીનગરમાં દાહોદના શ્રમજીવીઓનું ધર્મ પરિવર્તન કરાવવાનો પ્રયાસ

■ વીએચપી દ્વારા સેક્ટર 7 પોલીસ મથકમાં ફરિયાદ

ગુજરાત | વંદન



ગાંધીનગર શહેરના સેક્ટર ૫માં રાત્રે દાહોદના ૧૫ જેટલા શ્રમજીવીઓનું ધર્મ પરિવર્તન કરાવવામાં આવતું હોવાના મામલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ત્યાં પહોંચીને હોબાળો મચાવી દેવામાં આવ્યો હતો અને તમામને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જોકે અહીં એક ધર્મની પ્રાર્થના ચાલતી હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૫માં રહેતા મૂળ દાહોદના ૧૫ જેટલા શ્રમજીવીને ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કરાવવામાં આવતો હોવાની જાણ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળને થતા આગેવાનો રાત્રે સેક્ટર ૫ના કોમર્શિયલ કોમ્પ્લેક્સના ભોયરામાં પહોંચ્યા હતા અને ત્યાં હોબાળો મચાવી દીધો હતો. અહીંયા પંદર જેટલા વ્યક્તિઓને જય શ્રીરામના નારા સાથે સેક્ટર ૭ પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.

ત્યાં પોલીસને કાર્યવાહી કરવા માટે માંગણી કરવામાં આવી હતી. બજરંગ દળ દ્વારા જણાવાયું હતું કે, ૧૫ જેટલા આ હિન્દુ વનવાસી ભાઈઓને લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. જેની જાણ થતા અહીં પહોંચીને તેમને પોલીસ મથકે લાવવામાં આવ્યા છે અને આ મામલે કાર્યવાહી કરવા માટે પોલીસને લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવી છે. બીજી બાજુ ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આ મામલે જણાવવામાં આવ્યું હતું કે, ધર્મ પરિવર્તન મામલે હિન્દુ સંગઠન દ્વારા લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે અને તેની તપાસ કરવામાં આવતા ક્રિશ્ચિયન ધર્મ દ્વારા પ્રાર્થના સેન્ટર ચલાવવામાં આવે છે અહીં આ હિન્દુ લોકો પ્રાર્થના કરતા હોવાનું હાલ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ધર્મ પરિવર્તનની કોઈ બાબત હાલમાં ધ્યાનમાં આવી નથી.

# 10 લાખની લીડ માટે 89% મત મળવા જોઈએ

■ 12.90 લાખ મતદાન થયું એટલે શાહને 11.50 લાખ મત મળવા જોઈએ

ગુજરાત | વંદન



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉમેદવાર હોવાથી હાઈપ્રોફાઈલ બનેલી ગાંધીનગર લોકસભા બેઠક પર સાંજે 6 સુધીમાં આશરે 60 ટકા મતદાન નોંધાયું છે. આ સંજોગોમાં ગાંધીનગર બેઠક પર નોંધાયેલા 21.50 લાખ મતદારોમાંથી 12.90 લાખ મતદાતાઓના મત પડ્યાં છે. ગાંધીનગર બેઠક પર ભાજપના કાર્યકરોને શાહે દસ લાખથી વધુની લીડથી જીતનો લક્ષ્યાંક આપ્યો હતો. મંગળવારે નોંધાયેલા કુલ મત 12.90 લાખમાંથી અમિત શાહને 11.50 લાખ એટલે કે કુલ મતના 89 ટકા મત મળે જ્યારે કોંગ્રેસ સહિતના ઉમેદવારોને 11 ટકા એટલે કે, 1.40 લાખ મતો મળે તો આ લક્ષ્યાંક સિદ્ધ થાય.

અલબત્ત ગઈ ચૂંટણીમાં નોંધાયેલા કુલ 66 ટકા મતદાન વખતે શાહને 70 ટકા મત મળ્યા ત્યારે તેમની લીડ 5.57 લાખ નોંધાઈ હતી. અમદાવાદ પશ્ચિમ બેઠક પર 55 ટકા મત પડ્યા હોઈ કુલ 17.11 લાખ મતની સામે 9.40 લાખ મત પડ્યાં. આમ ભાજપના ઉમેદવાર દિનેશ મકવાણાને 77 ટકા સાથે 7.21 લાખ મત મળે તો 5 લાખની લીડ થાય. પૂર્વની બેઠક પર 55 ટકા મત સાથે ભાજપના ઉમેદવાર હસમુખ પટેલને 73 ટકા વોટશેર સાથે 8.05 લાખ મત મળે તો 5 લાખ લીડ થઈ શકે.

# રંગભેદની ટિપ્પણી મુદ્દે ગાંધીનગરમાં સામ પિત્રોડાના પૂતળાનું દહન કરાયું

■ ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયુ

ગુજરાત | વંદન




કોંગ્રેસના સિનિયર નેતા સામ પિત્રોડાએ પૂર્વ ભારતીયોને ચીની , દક્ષિણ ભારતીયોને આફ્રિકી અને પશ્ચિમ ભારતીયોને આરબ જેવા કહી રંગભેદની શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ ટીપ્પણી કરતા ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પૂતળા દહન તેમજ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

તાજેતરમાં વંશીય ટિપ્પણી કરીને વિવાદમાં આવેલા સામ પિત્રોડાએ ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસે તરત જ તેમનું રાજીનામું સ્વીકારી લીધું હતું. વિવાદિત નિવેદનને લઈને દેશભરમાં ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. જે અન્વયે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પૂતળાદહન - વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ અંગે ભાજપે જણાવ્યું હતું કે, કોંગ્રેસના સિનિયર નેતા સામ પિત્રોડાએ પૂર્વ ભારતીયોને ચીની , દક્ષિણ ભારતીયોને આફ્રિકી અને પશ્ચિમ ભારતીયોને આરબ જેવા કહી રંગભેદની શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ ટીપ્પણી કરતા દેશમાં લોકસભાની ચાલી રહેલી ચુંટણી વચ્ચે કોંગ્રેસની નિમ્નસ્તર અને હલકી માનસિકતા જનતા સમક્ષ વધુ એક વખત ખુલ્લી પડી છે. ત્યારે આ શરમજનક કૃત્યને વખોડવા ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા સામ પિત્રોડા અને કોંગ્રેસ સામે વિરોધ પ્રદર્શન અને પૂતળાદહનનો કાર્યક્રમ પથિકાશ્રમ સર્કલ પાસે યોજવામાં આવ્યો હતો.

# ગાંધીનગર બેઠકના EVM સે-15ના સ્ટ્રોંગરૂમમાં મુકાયા

■ 4 જૂનના રોજ મત ગણતરી વખતે બહાર કઢાશે

ગુજરાત | વંદન



લોકસભા ચૂંટણીમાં મતદારોએ પોતાની પસંદગીના ઉમેદવારોને આપેલા મત ઈવીએમમાં કેદ થઈ ગયા છે. મતદાન બાદ ગાંધીનગર લોકસભા બેઠકના તમામ બુથ પરથી ઈવીએમ ગાંધીનગર સેક્ટર-15 ખાતે તૈયાર કરવામાં આવેલા સ્ટ્રોંગરૂમમાં કેદ કરી દેવામાં આવ્યા છે. સ્ટ્રોંગ રૂમની બહાર અર્ધ લશ્કરી દળોનો પહેરો ગોઠવી રૂમ સીલ કરી દેવાયા છે. સેક્ટર-15 ખાતે લોકસભા બેઠકમાં આવતી સાત વિધાનસભા બેઠક દીઠ અલગ અલગ રૂમ બનાવવામાં આવ્યા છે અને તે પ્રમાણે ઈવીએમ મૂકવામાં આવ્યા છે. હવે 4 જૂનના રોજ મત ગણતરી વખતે ઈવીએમને સ્ટ્રોંગરૂમમાંથી બહાર કાઢીને મતગણતરી કેન્દ્ર પર લાવવામાં આવશે.

# એરપોર્ટથી એસ.ટી.ની ACવોલ્વો બસમાં સીધા વડોદરા પહોંચી જવાશે



■ ફેબ્રુઆરીમાં રાજકોટની ટ્રીપ શરૂ કરવામાં આવી હતી

ગુજરાત | વંદન

અમદાવાદ એરપોર્ટ પર આવતા મુસાફરોને પોતાના ઘરે પહોચવા માટે ટેક્ષી કે કેબ કરવી પડતી હોય છે. હવે મુસાફરને આ ઝંઝટમાંથી મુકિત મળી જાય તેના માટે ગુજરાત એસટી વિભાગ દ્વારા અમદાવાદ એરપોર્ટ પરથી સીધી વડોદરાની બસ સેવા શરૂ કરી છે.એસી વોલ્વો બસ દરરોજ એરપોર્ટથી વડોદરાની બસ સેવા શરૂ કરી છે. એસી વોલ્વો બસ દરરોજ એરપોર્ટથી વડોદરાની બે ટ્રીપ કરશે. જેને કારણે એરપોર્ટ પરથી મુસાફરો સીધા એસી વોલ્વો બસમાં વડોદરા જઈ શકશે. તેવી જ રીતે વડોદરાના મુસાફરો પણ બસમાં સીધા એરપોર્ટ સુધી પહોચી શકશે.

એસટી બસ દ્વારા ફેબ્રુઆરી માસમાં રાજકોટની ટ્રીપ શરૂ કરવામાં આવી હતી. રાજકોટ બસ સેવાને યોગ્ય રીસ્પોન્સ નહી મળ્યો હોવા છતાં વડોદરાની બસ સેવા શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ઉત્તર ગુજરાત કચ્છ તથા ઉદયપુર માટેની બસ સેવા અને દક્ષીણ ગુજરાત માટે બસ સેવા શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે.વિદેશ જતાં કે આવી રહેલા મુસાફરોને લેવા-મુકવા માટે આવતા તેમના સ્વજનોને વાહન પાર્કીગને લઈને ઘણી પરેશાની થઈ રહી છે. એરપોર્ટ પર પાર્કીગના ચાર્જ પણ મનઘડંત તરીકે વસુલ કરવામાં આવી રહયા છે. વારંવાર એરપોર્ટ પર કેબ-ટેક્ષી ચાલકો તથા રીક્ષાચાલકો વચ્ચે તકરાર પણ થતી હોય છે.

આ પરીસ્થિતીમાં જીએસઆરટીસી સમક્ષ એરપોર્ટ ઓથોરીટી દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને ધ્યાને લઈને એસટી દ્વારા અમદાવાદ એરપોર્ટથી સીધી રાજકોટની બસ સેવા શરૂ કરાઈ હતી. હવે વડોદરાના મુસાફરો માટે પણ બસ સેવા શરૂ કરવામાં આવી છે. એરપોર્ટ ખાતેથી જાણવા મળતી માહિતી મુજબ ૯મી મેથી આ બસ સેવા શરૂ થશે જે દિવસમાં બે વખત વડોદરાથી અમદાવાદ એરપોર્ટની ટ્રીપ મારશે. એસી વોલવો બસમાં મુસાફરોની સુવિધાની બાબતો પણ ખાસ ફોકસ કરવામાં આવ્યું છે.

# દહેગામમાં ફૂડ પોઈઝનિંગને પગલે શિક્ષણ સંઘની રજૂઆત

ગુજરાત | વંદન

દહેગામ વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી દરમિયાન ફરજ બનાવનાર સો જેટલાં કર્મીઓને (ફૂડ પોઈઝનિંગ) ઝાડા ઊલટીની અસર થતા ભોગ બનનારાઓમાં ચિંતા પ્રસરી હતી આ કર્મીઓમાં સો જેટલા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો માધ્યમિકનાં શિક્ષકોને ઝાડા ઊલટી થયા હોવાનું પ્રાથમિક તપાસ જાણવા મળ્યું હતું આ બનાવ અંગે પ્રાથમિક શિક્ષક સંઘ અને માધ્યમિક શિક્ષક સંઘ ઉપરાંત જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને હોદ્દેદારોએ દહેગામ ખાતે આવેલા પ્રાંત અધિકારીને આ અંગે રજૂઆત કરી હતી.

# ધો.12 ના ટોપર વિદ્યાર્થીઓ AIમાં કારકિર્દી બનાવવા ઉત્સુક

■ AI ટેકનોલોજીનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં થઈ રહ્યો છે

ગુજરાત | વંદન



ધોરણ-12 સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં એ-1 ગ્રેડ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સમાં ભાવી કારકિર્દી બનાવવામાં રસ દાખવ્યો છે. કોમ્પ્યુટર સાયન્સમાં બીઈ કર્યા બાદ ડેટા એનાલીસીસમાં તરીકે રીસર્ચ લાઈનમાં જવાનો રસ વિદ્યાર્થીઓએ દાખવ્યો છે. જોકે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સમાં કારકિર્દીના સ્કોપ વધારે હોવાથી ટોપર વિદ્યાર્થીઓમાં વિશેષ રસ જોવા મળ્યો છે.વર્તમાન ટેકનોલોજીનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં થઈ રહ્યો છે. ત્યારે ટેકનોલોજીમાં કારકિર્દી બનાવવાની ઈચ્છા સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં ટોપર હાંસલ કરનારા વિદ્યાર્થીઓએ જણાવ્યું છે. જોકે સાયન્સમાં એ-1 ગ્રેડ હાંસલ કરનાર વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે કોમ્પ્યુટર સાયન્સમાં હાલમાં ફુગાવો રહેલો છે. પરંતુ આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ નવું ફિલ્ડ હોવાથી તેમાં વધુ અભ્યાસ કરીને ડેટા એનાલીસીસ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો મત વ્યક્ત કર્યો હતો. કેમ કે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ આગામી સમયમાં દરેક ક્ષેત્રમાં હાવી થઈ જશે.

# ગુજરાત સરકારે બનાવેલા લેન્ડ ગ્રેબિંગ કાયદા પર હાઈકોર્ટની મંજૂરીની મહોર

■ કાયદાને પડકારતી 100 થી વધુ અરજીઓને ફગાવી દેવાઈ

ગુજરાત | વંદન




ગુજરાત હાઈકોર્ટે ગુરુવારે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ, 2020 ની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું અને કાયદાને પડકારતી 100 થી વધુ અરજીઓને ફગાવી દીધી હતી.

કાયદો ડિસેમ્બર 2020 માં અમલમાં આવ્યો હતો અને ફેબ્રુઆરી 2021 માં તેને પ્રથમ વખત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી તત્કાલિન મુખ્ય ન્યાયાધીશ વિક્રમ નાથ (હવે સુપ્રિમ કોર્ટના જજ)ની આગેવાની હેઠળની ડિવિઝન બેંચ દ્વારા પ્રથમ વખત કરવામાં આવી હતી. આ મામલો પાછળથી આગામી ચીફ જસ્ટિસ અરવિંદ કુમારની આગેવાની હેઠળની ડિવિઝન બેંચ દ્વારા લેવામાં આવ્યો હતો, જેઓ સુપ્રીમ કોર્ટના જજ પણ છે.

ગુરુવારે ચુકાદાના ઓપરેટિવ ભાગને વાંચતા, મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ અનિરુદ્ધ માઈએ કહ્યું કે, તેમને કાયદાને ગેરબંધારણીય રાખવા માટે કોઈ સારો આધાર મળ્યો નથી. તેમણે વધુમાં કહ્યું કે, "સીમા અધિનિયમ, 1963 જેવા કેન્દ્રીય કાયદાઓનો વિરોધ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, સિવિલ પ્રોસિજર કોડ (CPC), 1908, ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC), 1973, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ, 1882, વિશિષ્ટ રાહત અધિનિયમ, 1963, ભારતીય પુરાવા અધિનિયમ, 1872, અને ભારતીય કરાર અધિનિયમ, 1872, જેમ કે અરજદારો દ્વારા દાવો કરવામાં આવ્યો છે.કોર્ટને ગુજરાતનો કાયદો કેન્દ્ર સરકારના કાયદા સાથે વિરોધાભાસી લાગતો ન હતો તે નોંધીને, કોર્ટે જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપતિની સંમતિની ગેરહાજરીમાં, તે ભારતના બંધારણની કલમ 254 થી પ્રભાવિત થઈ શકે તેવું કહી શકાય નહીં," કલમ 254 સંસદ દ્વારા બનાવેલા કાયદાઓ અને રાજ્ય વિધાનસભાઓ દ્વારા બનાવેલા કાયદાઓ વચ્ચેની અસંગતતા સાથે સંબંધિત છે.

કોર્ટે એમ પણ કહ્યું કે 'અસમાનોને સમાન ગણીને બંધારણની કલમ 14નું સ્પષ્ટ મનસ્વીતા અને ઉલ્લંઘન કરવાની અરજી પણ માન્ય નથી. ત્યારબાદ તેણે અવલોકન કર્યું કે, "ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ, 2020 ની વિવિધ જોગવાઈઓ આ કાયદાના ઉદ્દેશ્ય અને હેતુ સાથે તર્કસંગત હોવાનું જણાયું છે, જેનો હેતુ ગુજરાતમાં જમીન પડાવી લેવાની પ્રવૃત્તિઓને રોકવાનો છે." અરજીઓને "યોગ્યતાથી વંચિત" ગણાવતા, બેન્ચે નોંધ્યું હતું કે આ અધિનિયમ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતો હોવાનું કહી શકાય નહીં.

# ATMમાંથી રૂપિયા ઉઠાવવાની ગઠીયાઓની નવી તરકીબ, રેફરન્સ નં. નાખી રૂ.૧૦.૨૦ લાખ છૂમંતર

ગુજરાત | વંદન

ઈન્કમટેક્ષના નિવૃત્ત મુખ્ય કમિશનરને દિલ્હીથી પેન્શન ઓફિસર બોલતો હોવાનો ફોન કરીને શખ્સે પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવાનું કહીને કેટલીક પ્રોસેસ કરાવી હતી. બેંકની એપ્લિકશન અપડેટ કરાવીને ફરિયાદીને એટીએમ મશીનમાં મોકલીને ત્રણ વખત રેફરનસ નંબર નંખાવ્યો હતો. ત્યારબાદ અધિકારીના એકાઉન્ટમાંથી રૂ.૧૦.૨૦ લાખ કપાઈ ગયા હતા જેથી આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.આંબાવાડીમાં રહેતા ૬૭ વર્ષીય રમેશકુમાર રામરાજ અમદાવાદ ઈન્કમટેક્ષ ઓફિસમાં મુખ્ય કમિશનર હતા અને વર્ષ ૨૦૧૬માં નિવ્ત્ત થયા હતા. ગત ૧૫મી એપ્રિલે રમેશકુમાર ઘરે હતા તે સમયે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ દિલ્હીના પેન્શન ઓફિસર મિસ્ટર તિવારી તરીકેની આપી હતી. રમેશકુમારે તેની સાથે વાત કરી ત્યારે શખ્સે જણાવ્યું હતું કે, તમારો પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવો પડશે નહીં તો એપ્રિલ મહિનાનું પેન્શન નહીં આવે.

ત્યારબાદ ગઠિયાએ મોબાઈલમાં રહેલી એસબીઆઈ યોનો એપ્લિકેશન ઓપન કરાવીને પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવાનું કહીને અપડેટ માટે એટીએમમાં જવાનું કહ્યું હતું. જેથી રમેશકુમાર આ શખ્સના જણાવ્યા પ્રમાણે એટીએમમાં ગયા જ્યાં સર્વિસીસના ઓપ્શનમાં જઈને ત્રણ વખત રેફરન્સ નંબર નંખાવ્યો હતો.

### અખાત્રીજે જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના રથોનું પૂજન

# અખાત્રીજથી શહેરની ઐતિહાસિક રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ

ગુજરાત | વંદન

અષાઢી સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળતા હોય છે. અમદાવાદમાં ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા 7 જુલાઈના રોજ યોજાવાની છે, ત્યારે રથયાત્રા પહેલા ત્રણેય રથનું પૂજન કરવામાં આવતું હોય છે. આજે 10 મે, 2024ના અખાત્રીજના દિવસે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના રથનું પૂજન કરવામાં આવ્યું હતું. જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, ટ્રસ્ટી મહેન્દ્ર ઝા અને મેયર પ્રતિભા જૈન, શહેર ભાજપ પ્રમુખ અમિત શાહ સહિત સરસપુર મંદિરના ટ્રસ્ટીઓ અને મહંતોની હાજરીમાં રથનું પૂજન કરવામાં આવ્યું હતું.

જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે કહ્યું હતું કે, આજથી રથયાત્રાની વિધિની શરૂઆત થાય છે. આજે અખાત્રીજનો દિવસ એટલે કે, અક્ષય તૃતીયાના દિવસથી ત્રણેય રથની પૂજન કરવામાં આવતું હોય છે. આજે વિશિષ્ટ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરવામાં આવે છે. પુરી ખાતે પણ આજે રથનું પૂજન કરવામાં આવતું હોય છે, તેમ અમદાવાદ ખાતે નીકળનારી રથયાત્રામાં ત્રણેય રથનું પૂજન આજે કરવામાં આવે છે. આજે ત્રણેય રથનું પૂજન વિશિષ્ટ મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું. સંતો-મહંતો



અને શ્રદ્ધાળુઓની હાજરીમાં પૂજન વિધિ સંપૂર્ણ કરવામાં આવી હતી. ભગવાનની ચંદન યાત્રા પણ આજે થઈ હતી. હવે 108 કળશમાં જળ ભરીને ભગવાનને લાવવાની જળયાત્રા છે, પણ યોજાશે.

અમદાવાદના મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, આજે ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલા ત્રણેય રથનું પૂજન કરવામાં આવે છે અને ચંદનયાત્રા યોજવામાં આવે છે, તેનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાનની ચંદનયાત્રા અને રથના પૂજનમાં હાજરી આપી હતી. આજે સવારે 9:30 વાગ્યાથી ભગવાનના ત્રણેય રથના પૂજનની વિધિ શરૂ કરવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચાર સાથે રથનું પૂજન કરવામાં આવ્યું હતું.

ગત વર્ષે ત્રણેય રથ નવા તૈયાર કરવામાં આવ્યા હતા. ત્રણેય રથને ફૂલોથી સજાવવામાં આવ્યા હતા. દર વર્ષે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, શહેરના મેયર સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો અને હોદ્દેદારો પૂજામાં હાજર રહેતા હોય છે. જો કે, આ વર્ષે હર્ષ સંઘવી ભગવાન જગન્નાથના રથ પૂજનમાં હાજર રહ્યા નહોતા તો મેયર પ્રતિભા જૈન હાજર રહ્યાં હતાં.

# ગુજરાતમાં આ વખતે 1.90 કરોડ મતદારો મતદાનથી રહ્યાં દૂર

### ઓછા મતદાન માટે ગરમી મુખ્ય કારણ બની

ગુજરાત | વંદન

ગુજરાતની 25 લોકસભા બેઠકો પર ગઈકાલે અંદાજે 60 % મતદાન થયું છે. રાજ્યના કુલ 4.79 કરોડ મતદાતાઓમાંથી 2.85 કરોડ લોકોએ પોતાના કીમતી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે 1.90 કરોડ લોકો એવા છે કે જમણે મત જ નથી આપ્યો. વર્ષ 2019માં રાજ્યમાં 64.51% મતદાન થયું હતું, જેમાં આ વખતે 7.03% નો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા પાછળનું કારણ ગરમીની અસર હોઈ શકે તેવો અંદાજ બાંધવામાં આવ્યો છે.

સવારે 7થી 11 વાગ્યાના 4 કલાકના ગાળામાં દર સેકન્ડે 810 લોકોએ મતદાન કર્યું હતું. જ્યારે બપોરે 1થી 5ના સમયગાળા દરમયિાન દર સેકન્ડે 580 લોકોએ મતદાન કર્યું હતું. બપોરે 3થી 5




ગાળામાં સૌથી ઓછું માત્ર 8.19% મતદાન થયું હતું. ત્યારબાદ હવે બધા ઉમેદવારોના ભાવિ EVMમાં 27 દિવસ માટે લોક થઈ ગયા છે. હવે 27 દિવસ બાદ 4 જૂને સમગ્ર દેશની સાથે ગુજરાતની 25 લોકસભા બેઠકોનું પણ પરિણામ બહાર આવશે.આ ચુંટણીમાં રાજ્યમાં કુલ મતદાન 57.48% થયું. જ્યારે 2014માં રાજ્યમાં 63.66% અને 2019માં 64.51% મતદાન થયું હતું. 5 વર્ષમાં મતદાનમાં 7.03% ઘટાડો જોવા મળ્યો હતો.

### મુસાફરી સાથે પાર્કિંગ સુવિધા વિના મૂલ્યે અપાશે ..

# મતદાન બાદ 2 લાખથી વધુ મતદારોએ મફત મુસાફરી કરી

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરની બે બેઠકો સહિત રાજ્યની 25 બેઠકો માટે સાત મેના રોજ ગુજરાત રાજ્યમાં ત્રીજા તબક્કાની ચૂંટણી યોજાઇ હતી. ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેના માટેના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. મતદાતાઓને મતદાન મથક સુધી જવામાં અને મતદાન મથક પર પહોંચ્યા બાદ કોઈ હાલાકી ન થાય તેના માટે જિલ્લા કલેક્ટર અને અમદાવાદ ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા વિવિધ સુવિધાઓ માટે જાહેરાત કરવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ કમિટીના ચેરમેન ધરમશી દેસાઈ દ્વારા જણાવ્યું હતું કે, સાતમીના રોજ મતદાનના દિવસે જે નાગરિકો દ્વારા ચૂંટણી



કાર્ડની ઝેરોક્ષ વોટર સ્લીપ અથવા તો પોતાની આંગળીમાં મતદાન કર્યા અંગેની શાહી બતાવશે, તેઓને AMTS બસમાં મફતમાં મુસાફરી કરવા દેવામાં આવશે. જેથી એએમટીએસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે વધુમાં વધુ મતદાન કરવામાં આવે અને આ તકનો લાભ ઉઠાવવામાં આવે. અત્રે નોંધનીય છે કે ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા રોજ 750 જેટલી બસ રોડ પર મૂકવામાં આવે છે. પરંતુ 7 મીના રોજે લગભગ 450 બસ ઈલેક્શન ડ્યુટીમાં મૂકવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લા અને શહેરમાં યોજાનાર લોકસભાની ચૂંટણીમાં નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરશે જેના માટે ફાળવેલા મતદાન મથકો ઉપર જવાના હોય ત્યારે વાહન પાર્કિંગને લઈ જ્યાં પેડ પાર્કિંગ છે ત્યાં પાર્ક કરવા અંગે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવ્યો નહતો. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના કેટલાક વિસ્તારોમાં પે એન્ડ પાર્કિંગ આપવામાં આવેલું છે. જેથી મતદાનના એક દિવસ પૂરતું સવારે સાતથી સાંજે છ વાગ્યા સુધી મતદાન સમય દરમિયાન ક્યાંય પણ વાહન પાર્કિંગનો ચાર્જ લેવામાં આવશે નહીં.

# શાળાઓને મળેલી ધમકીઓ પાકિસ્તાનથી મોકલાઈ હતી

### ક્રાઈમ બ્રાન્ચનો દાવો પાક.થી ઇ-મેઇલ થયા હતા

ગુજરાત | વંદન

દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન ગુજરાતમાં થયું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીના મતદાનના આગલા દિવસે એટલે કે 6 મેના રોજ અમદાવાદની 28થી વધુ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઇ-મેઈલ દ્વારા ધમકી મળી હતી. ધમકીવાળી સ્કૂલો પર પોલીસે જઈ ચેકિંગ કર્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડે પણ ઘટનાસ્થળે ચેકિંગ કર્યું હતું. જો કે, તપાસમાં પોલીસને કંઈ મળ્યું નહોતું. જો કે, આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઇ-મેઈલ પાકિસ્તાનથી થયો હોવાનો દાવો કર્યો છે. અગાઉ રશિયન ડોમેનનો દાવો કરવામાં આવ્યો હતો.

દિલ્હી અને ગુજરાતમાં સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી આપનાર ઇ-મેઈલ મળ્યા બાદ અલગ અલગ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. જેમાં ખાસ કરીને અમદાવાદમાં 28થી વધુ સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી મળ્યા બાદ તપાસ પહેલાં પોલીસે કહ્યું હતું કે, આ ઇ-મેઇલ રશિયન ડોમેનથી થયા છે અને હવે આ ઇ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ કહી રહી છે. એક અઠવાડિયામાં આ કેસની તપાસ રશિયાથી પાકિસ્તાન થઈ હોવાની વિગતો સામે આવી છે. હવે આ કેસમાં વધુ મદદ માટે સેન્ટ્રલ એજન્સીની મદદ લેવામાં આવે તેવી પણ વિગતો સામે આવી રહી છે.

ગુજરાતમાં તાજેતરમાં ચૂંટણીના એક દિવસ પહેલાં ધમકીભર્યા ઇ-મેઈલ અમદાવાદ શહેરની અલગ-અલગ સ્કૂલમાં આવ્યા હતા અને તેની સાથે આ ઇ-મેઈલની સંખ્યા 28થી વધુ થઈ ગઈ હતી. એટલે કે, 28થી વધુ સ્કૂલોમાં ધમકીભર્યા ઇ-મેઈલ મળ્યા હતા.

### સ્ટડી સર્કલ દ્વારા 'ડ્રગ એડિક્શન એન્ડ યુથ' વિષય પર વક્તવ્ય

# શહેરમાં ડ્રગ્સની લત સામે જાગૃતિ લાવવા સેમિનારનું આયોજન




ગુજરાત | વંદન

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચએ કોલેજ ઓફ કોમર્સના સ્ટડી સર્કલ દ્વારા 'ડ્રગ એડિક્શન એન્ડ યુથ' વિષય પર વક્તવ્ય રાખવામાં આવ્યું હતું., જેમાં કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે કહ્યું હતું કે,આજની યુવા પેઢી ડ્રગ્સના રાવડે ચઢી રહી છે, જે સમાજ માટે ચિંતાનો વિષય છે. આ સમાજના મોભીઓએ વિચારમાં મૂકી દે તેવો એક સળગતો પ્રશ્ન નક્કી જ છે . સમયાંતરે હજારો કિલોનું નુકસાનકારક ડ્રગ્સ દરિયાઈ મારફતે રાજ્યમાં ઘૂસેડવાનો પ્રયન્ત કરવામાં આવે છે. જેનાથી આજનો યુવા ડ્રગ્સનો બંધાણી થવા માંડયો છે. જેનાથી યુથ બરબાદ થઈ રહ્યું છે, તે ચોક્કસપણે વિચાર કરવા જેવી બાબત છે. યુવાનો થોડીક ક્ષણોનો આનંદ મેળવવાના કારણે ડ્રગ્સના વ્યસની થઈ જાય છે, જેનાથી શારીરિક, માનસિક તથા આર્થિક રીતે બરબાદીની શરૂઆત થાય છે. આવી લતથી બચવા શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિના કાર્યક્રમો, કાઉન્સેલિંગની વ્યવસ્થા, સ્પોર્ટ્સ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી તથા ક્રિએટિવ એક્ટિવિટીનું આયોજન કરવું આવશ્યક બની રહ્યું છે.

# છેલ્લા દોઢસો વર્ષમાં અમદાવાદ કેટલું વિકસ્યું-કેટલુ વિસ્તર્યું,એક નજર....

ગુજરાત | વંદન

નવરંગપુરામાં આવેલ સેપ્ટ યુનિવર્સિટી ખાતે ઔડાના સહયોગથી 'મેપ્સ ઈન હિસ્ટ્રી: અર્બન ટ્રાન્સફોર્મેશન ઓફ અમદાવાદ' શીર્ષક સાથે એક્ઝિબિશન યોજાયું છે, જેમાં 150 વર્ષ પહેલા બનેલા અમદાવાદના નકશાથી લઈ વિવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ, રિલીફ રોડનું બાંધકામ, વિવિધ પ્રકારના દસ્તાવેજ, વોટર સપ્લાયિંગ મેપ્સ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ એક્ઝિબિશનમાં છેલ્લા 150 વર્ષોમાં પ્રકાશિત થયેલા મુખ્ય નકશા એકઠા કરવામાં આવ્યા છે. 1881માં જ્યારે પહેલીવાર સિટી સર્વે કરવામાં આવ્યો તે સમયે વિવિધ પ્રકારના નકશાંઓ તૈયાર કરવામાં આવ્યા હતા અને આ સર્વેમાં મિલકતના માલિકની




માહિતી, સર્વે નંબર, ધાર્મિક અને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ 19મી સદીના અંત સુધીમાં બોમ્બેની પ્રેસિડેન્સી દ્વારા 2000થી વધારે વસ્તી ધરાવતા એરિયાના સર્વે કરવામાં આવ્યા અને તેનો ઉપયોગ શહેરી વિસ્તારોના આયોજન અને વહીવટ માટે કરવામાં આવતો. આ વિશે આ પ્રોજેક્ટના પ્રિન્સિપાલ રિસર્ચર ડૉ. અંજલિ કદમે કહ્યું કે, 'ઘણા મહિનાઓ સુધી અમે ગવર્નમેન્ટ ઓફિસ, ન્યૂઝપેપર ઓફિસ વગેરે જગ્યાએ વિવિધ રીપોર્ટ અને આર્કાઈવ પેપર્સ વિશેની માહિતી મેળવવામાં પ્રયત્નો કર્યા હતા.અમે અમદાવાદ, ગાંધીનગર, બરોડા, મુંબઈ, પુને અને દિલ્હીના રેકોર્ડ તપાસી 50 જેટલા નકશાઓ એકત્ર કર્યા છે.' આ સાથે સેન્ટર ફોર રિસર્ચ ઓન આર્કિટેક્ચર અને અર્બનિઝમના હેડ એ. શ્રી વસ્તને કહ્યું કે, 'આ એક્ઝિબિશન દ્વારા લોકોને ઘણી નવી જાણકારી મળશે. આ ડેટા શહેરના વિકાસ અને તેની સાથે સંકળાયેલા આર્કાઈવ્સ અને નકશાઓને દર્શાવે છે. અમે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના સમર્થન માટે તેમના આભારી છીએ.' આ એક્ઝિબિશન 8 મેથી સેપ્ટ યુનિવર્સિટી, નવરંગપુરામાં શરૂ થયું છે. જે તમામ લોકો માટે ઓપન ફોર ઓલ રહેશે. ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર પાંચને સિટી વૉલ ઈમ્પ્રુવમેન્ટ નામ આપવામાં આવ્યું. આ સ્કીમ પણ મિરામ્સ દ્વારા જ નક્કી કરાઈ હતી. આ સ્કીમને લાગુ કરવામાં ઘણા લોકોએ વિરોધ કર્યો જેને કારણે આ યોજનાના અમલીકરણમાં ઘણો વિલંબ થયો. મિરામ્સે આ યોજનાના હેતુ વિશે કહ્યું હતું કે, આ વૉલની જગ્યાએ રીંગ રોડ તૈયાર કરવામાં આવશે. આ સાથે દિવાલના હટવાથી શહેરમાં ટ્રાફિકનું યોગ્ય નિયમન થઈ શકશે અને હવા તથા પ્રકાશ વધારે મળશે.આ સાથે વૃક્ષોનું વાવેતર કરી ઉદ્યાનોનું નિર્માણ કરવામાં આવશે.'

# શહેરમાં બે વર્ષથી બંધ 82 ટ્રાફિક જંક્શનના CCTV શરૂ કરાયા

### રોજના સરેરાશ 4500 જેટલા ઈ-મેમો ઈશ્યૂ કરવામાં આવશે

ગુજરાત | વંદન

શહેરના 82 જંક્શનો પર સીએમઆઈટીએમએસ (સિટી સર્વેલન્સ અને ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ) લગાવેલા કેમેરા કે છેલ્લા બે વર્ષથી બંધ હતા. ટ્રાફિક નિયમના ભંગ બદલ રોજના સરેરાશ 2 હજાર જેટલા ઈમેમો ઈશ્યૂ કરવામાં આવતા હતા. જો કે કોન્ટ્રાક્ટ રિન્યૂ થતા જ તાત્કાલિક આ 82 જંક્શનો પરના બંધ કેમેરા શરૂ કરવામાં આવતા હવે રોજના સરેરાશ 4500 જેટલા ઈમેમો ઈશ્યૂ કરવામાં આવશે.

સ્માર્ટ સિટી જંક્શન અંતર્ગત 130 જંક્શન પર 2,303 કેમેરા જ્યારે સીએમઆઈટીએમએસના(સિટી સર્વેલન્સ અને ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ) 82 જંક્શનો પર 254 કેમેરાઓ લગાવવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા બે વર્ષથી સીએમઆઈટીએમએસ સાથેનો કરાર પૂર્ણ થઈ ગયો હોવાથી આ 82 જંક્શનો પરના 254 કેમેરાઓ બંધ હાલતમાં હતા, જ્યારે 130 જંકશનો પૈકી 85 જંકશનોમાં સીસીટીવી વાયર કપાઈ, જવા, કેમેરાની દિશા બદલાઈ જવી, કેમેરા ડિસ્મેન્ટલ થવા, સ્ટોપ લાઈનની સમસ્યા સહિતના કારણોથી આ જંકશનો પરના કેમેરા બંધ થઈ ગયા હતા. જેથી મ્યુનિ દ્વારા કરાર રીન્યુ કરવામાં આવતા આ તમામ જંકશનો ચાલુ કરી દેવામાં આવ્યા છે અને આ જંકશનો પર હાલ 220 જેટલા કેમેરા લગાવી દેવામાં આવ્યા છે.એઈસી, એરપોર્ટ, અખબારનગર, અંજલી, અપસરા સિનેમા, અસલાલી, બાકરોલ, શીલજ-બોપલ રોડ, બોપલ સર્કલ, ચિમનભાઈ બ્રીજ, ચોખા બજાર, સર્કિટ હાઉસ, સિવિલ હોસ્પિટલ, સીટીએમ, દાણીલીમડા, દાસ્તાન સર્કલ, દહેગામ સર્કલ, દિલ્હી દરવાજા, ગીતામંદિર, ઘી કાટા, ગોતા, હજરત શ્રી અલી દરગાહ, હાટકેશ્વર, હેલમેટ સર્કલ, આઈઆઈએમ, ઈન્કમટેક્ષ, ઈસ્કોન, જમાલપુર, જનપત ટી, જશોદાનગર, જવાહર ચોક, ઝુન્ડાલ સર્કલ, જુહાપુરા, કમોર્ડ સર્કલ, કર્ણાવતી, ખમાસા, ખોખરા, માનસી, મેમ્કો, મધર ડેરી સર્કલ, નરોડા પાટિયા, નારોલ સર્કલ, નેશનલ હાઈવે ટોલ 1, નવી હાઈકોર્ટ, નહેરુનગર, નિકોલ, ઓઢવ, ઓગણજ, નવા વાડજ, પકવાન, પાલડી, પ્રેમ દરવાજા, પુષ્પકુંજ સર્કલ, રાણીપ, રખિયાલ, આરટીઓ, રૂબી ટી, સાણંદ, સાણંદ ટાવર, સનાથલ, સારંગપુર સહિતના જંક્શન.

# અકસ્માત:સોલા સિવિલ હોસ્પિ. પાસે હિટ એન્ડ રન



### ■ 15 વર્ષના સગીરનું કારની ટક્કરથી મૃત્યુ

ગુજરાત | વંદન

વસ્ત્રાલમાં રહેતો 15 વર્ષીય અમન ભદોરિયા આરસી ટેકનિકલ હાઈ સ્કૂલ સોલામાં અભ્યાસ કરતો હોવાથી તે નિયમિત રીતે મેટ્રો ટ્રેનમાં અપડાઉન કરે છે તથા થલતેજથી કોલેજ અન્ય વાહનમાં જાય છે. શુક્રવારે સવારે તે તેના મિત્ર સાથે સોલા સિવિલ હોસ્પિટલ પાસે સર્વિસ રોડ પરથી ચાલતો જતો હતો ત્યારે પૂરઝડપે આવી રહેલી કારચાલકે અમનને ટક્કર મારી હતી, જેથી તે ઉછળીને જમીન પર પટકાયો હતો.

# સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે હવે ઝુંબેશ હાથ ધરવી પડશે....

ગુજરાત | વંદન

ધો.12 પછી આર્ટસ, કોમર્સ અને સાયન્સ સહિતની જુદા જુદા કોર્સમાં પ્રવેશ માટે હાલમાં કોમન પોર્ટલ પર રજિસ્ટ્રેશન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં માત્ર અઢી લાખથી વધારે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.તમામ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન હોવાથી અત્યાર સુધીમાં પાંચથી સાત લાખ રજિસ્ટ્રેશન થશે તેવી અપેક્ષા વચ્ચે ઓછા રજિસ્ટ્રેશનના કારણે હવે પરિણામ પહેલા રજિસ્ટ્રેશન માટે વિશેષ ઝૂંબેશ ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ધો.12 આર્ટસ, કોમર્સ અને સાયન્સના પરિણામ પછી દરેક



યુનિવર્સિટીઓ પોતાની રીતે પ્રવેશ કાર્યવાહી કરતી હતી. રાજયની સરકારી યુનિવર્સિટીઓમાં કોમન એક્ટ લાગુ થયા બાદ પહેલી વખત કોમન એડમીશન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટી સહિત તમામ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ માટે પહેલી વખત એપ્રિલ મહિનાથી ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ધો.12નું પરિણામ જાહેર થયાના બે સપ્તાહ સુધી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. સૂત્રો કહે છે કે, સામાન્ય રીતે મે માસ શરૂ થતા સુધીમાં રજિસ્ટ્રેશનનો આંકડો ચારથી પાંચ લાખ સુધી થશે તેવી અપેક્ષા હતી. જોકે, હજુસુધી બેથી અઢી લાખ વચ્ચે રજિસ્ટ્રેશન થયું છે. આમ, આટલા ઓછા રજિસ્ટ્રેશન માટેના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. સૂત્રો કહે છે પરિણામ જાહેર થયા પછી કેટલાક વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તેવી શકયતાં છે.જોકે,પરિણામ પછી રજિસ્ટ્રેશનમાં ધસારો ન થાય તે માટે જ એપ્રિલ માસથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આમછતાં વહેલા રજિસ્ટ્રેશનનો કોઈ અર્થ ન રહે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જેના કારણે હવે આગામી દિવસોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તે માટે ખાસ ઝુંબેશ શરૂ કરવાનું નક્કી કરાયું છે. જેમાં અમદાવાદ શહેરમાં 68 કોલેજોમાં હેલ્પસેન્ટર શરૂ કરવા ઉપરાંત વધુમાં વધુ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તે માટે પ્રયાસ કરવામાં આવશે. આ જ રીતે અન્ય શહેરો અને જિલ્લા કક્ષાએ આવેલા તમામ ગ્રાન્ટેડ, સરકારી કોલેજમાં હેલ્પસેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં અંદાજે 464થી વધારે હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થી-વાલીઓને પ્રવેશ,રજિસ્ટ્રેશનની જાણકારી આપવામાં આવશે. મહત્ત્વની વાત એ કે, હજુ સુધી અડધાથી વધારે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું નથી.

### ગુજરાત નહીં પ્રવેશેલાં વાહનોને ફિટનેસ ટેસ્ટમાં પાસ કરી દેવાયાં

# RTOમાં ગેરરીતે મામલે FIR નોંધવાનો આદેશ છતાં લોલમલોલ

ગુજરાત | વંદન

વાહન વ્યવહાર કચેરી દ્વારા ગેરરીતિ આચરનારા ફીટનેસ સેન્ટરો વિરૂદ્ધ એફઆઈઆર કરવા ઓર્ડર આપ્યો હતો. જેમાં અમદાવાદના વસ્ત્રાલ આરટીઓ કચેરી, ગાંધીનગર આરટીઓ કચેરી અને મહેસાણા આરટીઓ કચેરીને તેમના સંબંધિત ફીટનેસ સેન્ટરો વિરૂદ્ધ એફઆઈઆર કરવાનો ઓર્ડર અપાયો હતો. જેમાં ગાંધીનગર, મહેસાણા અને વસ્ત્રાલ આરટીઓ કચેરી દ્વારા હજુ સુધી એફઆઈઆર નોંધાવવામાં આવી નથી. જે ગાડીઓએ આજ દિન સુધી ગુજરાતનું ટોલનાકું પાર કર્યું જ નથી તેવી ગાડીઓને પણ ફીટનેસ ટેસ્ટમાં પાસ કરી સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યા




હતા.

ગુજરાતમાં કુલ 37 ફીટનેસ સેન્ટરો છે જેમાંથી 25 ચાલુ છે અને 12 ટૂંક સમયમાં જ ચાલુ થવાના છે. વાહન વ્યવહાર કચેરી દ્વારા ફીટનેસ સેન્ટરો વિરૂદ્ધ તપાસ કરતા અમુક ગેરરીતિ સામે આવતા તેમની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. વાહનો સેન્ટર પર આવ્યા વગર જ ફીટનેસ સર્ટિફિકેટ આપી દેવા, વાહનોના ડેટા ઓનલાઈન અપલોડ ન કરવા, જે વાહનો ગુજરાતમાં આવ્યા જ નહોતા તેવા વાહનોને ફીટનેસ સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યા હતા. આ પ્રકારની ગંભીર ગેરરીતિ પકડાતા વાહન વ્યવહાર કચેરી દ્વારા તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. જોકે આ અંગે આધિકારિક સૂત્રોએ જણાવ્યું કે, જે તે આરટીઓ કચેરીના અધિકારીઓએ જેમણે આ તપાસમાં ગેરરીતિ પકડવામાં આવી છે તે જ એફઆઈઆર નોંધે તેવી માગણી કરાઈ છે. તેના કારણે એફઆઈઆર નોંધવામાં મોડું થઈ રહ્યું છે.

આ ફિટનેસ સેન્ટર FIRનો આદેશ અપાયો હતો. એસ.એસ. સ્ટોન, ગાંધીનગર, યોગેન્દ્ર સોની, વસ્ત્રાલ, નમન ઈલે., મહેસાણાનો સમાવેશ થાય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## સંપાદકીય....

# અરરરર બિચ્ચારા..અંબાણી અને અદાણી વિચારતા હશે કે આમ કેમ થયું...અરરર...?!!



ઉદ્યોગ જગતમાં એમ કહેવાય છે કે અંબાણી અને અંદાણી એકબીજાને ભાગ્યે જ વાતચીત કરતાં હશે. કેમ કે બન્ને એકબીજાના હરિફ જ નહીં પણ કટ્ટર હરિફ છે. પરંતુ 8 મેના રોજ તેલંગાણામાં વડાપ્રધાન મોદીએ તેમના નામ લઇને જે કહ્યું તે પછી અદાણીએ અંબાણીને અથવા અંબાણીએ અદાણીને ફોન કરીને પૂછ્યું હશે, ભાઇ.. આપણાં સાહેબે આ શું કર્યું....આપણને જ ઉઘાડા પાડ્યા.... આપણી પાસે બ્લેક મની છે એ કહેવાની ક્યાં જરૂર છે અને આપણે ટેમ્પા ભરી ભરીને આપીએ છીએ...અરરર....સાહેબે આ શું કર્યું....આ તો એના જેવુ કર્યું કે હમ તો મરેંગે સનમ તુમ્હે ભી લે ડૂબેંગે....સામે છેડેથી અવાજ આવ્યો હશે- હશે...બીજુ તો શું થાય...પણ આપણને ઉઘાડા કરી નાંખ્યા...ચાલો, જયશ્રી કૃષ્ણ....!

ઉદ્યોગ જગતમાં અદાણી અને અંબાણી ભાજપ અને ખાસ કરીને વડાપ્રધાન મોદીના ખાસમખાસ છે અને દેશું બધુ જ એમને લૂંટાવી દેવામાં આવ્યું હોવાના આરોપો અને આક્ષેપો કરવામાં કોંગ્રેસના રાહુલ ગાંધીએ કાંઇ બાકી રાખ્યું નહોતું...,

અને 8મી મે પહેલાં પણ રાહુલે આ બન્નેના નામ લઇને 22 અબજોપતિઓને વડાપ્રધાન મોદીએ જેટલા આપ્યાં એટલા અમે ગરીબોને આપવા જઇ રહ્યાં છે એવું વારંવાર બોલવા છતાં વડાપ્રધાનને કેમ એમ લાગ્યું કે છેલ્લાં એક મહિનાથી શહેજાદાએ અબાણી ઔર અડાણી કે ખિલાફ બોલના ક્યોં બંધ કર દિયા...ચોરી કા કિતના માલ ઉઠાયા હૈ...બરીયા ભર ભર કે...ટેમ્પો મેં લાદ લાદ કે બ્લેકમની કોંગ્રેસ કો દિયે હૈ.. ક્યા સોદા હુવા હૈ...જરૂર દાલ મેં કુછ કાલા હૈ....એવુ બોલ્યું ત્યારે લાઇવ ચલાવનાર ખાસ મિડિયાની તો કહેવાય છે કે હાલત ખરાબ થઇ ગઇ.....કેમ કે સાહેબ પોતે જ અડાણીનું નામ બોલ્યા પણ ત્યાં સુધીમાં તો તીર કમાનમાંથી નિકળી ચૂક્યું હતું અને જેમને જે રાજકીય નુકશાન થવાનું હતું તે થઇ જ ગયું હશે તેમાં કોઇ બેમત નથી....?! એ સર્વ વિદિત છે કે વડાપ્દાન મોદી કોઇ ઉદ્યોગપતિ સાથે અને ખાસ તો અદાણીની સાથે પોતાનું નામ ન જોડાઇ જાય તે માટે ખૂબ જ સતર્ક રહેતા હતા... કોઇ એવુ લખે કે દર્શાવે તો તેની સામે પગલા લેવાયા હોવાનું પણ સૌએ જોયું છે. સંસદમાં રાહુલે મોદી અદાણીની સાથે વિમાનમાં આરામથી બેઠા છે એવી તસ્વીરો બતાવી ત્યારે તેનું પરિણામ એ આવ્યું કે રાહુલ સંસદની બહાર થઇ ગયા.... એવા કડક પગલા લેવાતા હોય ત્યારે ખુદ વડાપ્રધાન આ બે ઉદ્યોગપતિઓની સામે એવા આરોપો મૂકે કે તમે ટેન્પા ભરી ભરીને કાળુ નાણું કોંગ્રેસને આપ્યું છે....!

જાહેરમાં અદાણીના નામનો અ પણ બોલવાથી દૂર રહેતા વડાપ્રધાન મોદીને જાહેરમાં અદાણીની સાથે અંબાણીનું નામ પણ કેમ ઉચ્ચારવુ પડ્યું તે એક રહસ્ય જ કહી શકાય અને તેમને એમ કેમ બોલવુ પડ્યું તેનો ખુલાસો ખુદ વડાપ્રધાન કરે ત્યારે જ દેશને જાણ થશે. પણ હાલમાં તો રાજકારણમાં એક જ ચર્ચા છે કે આમ કેમ થયું....એવુ તે શું બની ગયું કે જેમને પોતાની સાથે બદનામ કરવામાં આવ્યાં તેમને કોંગ્રેસને કાળુનાણું આપ્યું કહીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો..? ભાગ્યેજ બનતી આવી ઘટના કે આવા નિવેદનો આમ તો ઇતિહાસમાં નોંધાયેલા છે અને હવે વદઉ એક આવુ વિવાદાસ્પદ ઉચ્ચારણો મોદીના નામે નોંધાઇ ગયા છે. કારણ... અકબંધ અને 4 જૂન પછી જાહેર થાય કે 8મીનેના રોજ કેમ આવુ બોલવુ પડ્યું..?

## ધર્મ

# હર હર ગંગે: 14મીએ ધામધૂમથી ઉજવાશે ગંગા સપ્તમી..!



ભારતમાં ગંગા નદીને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે . જ્યાં ગંગા અને તેની ઉપનદીઓ વહે છે ત્યાં ગંગા સપ્તમી પર કરવામાં આવતી વિધિઓ અને ધાર્મિક વિધિઓ ખૂબ જ પ્રખ્યાત છે. હિન્દુ ભક્તો માટે, જેઓ દેવી ગંગાની પૂજા કરે છે, આ દિવસ ખૂબ જ શુભ છે, અને તેઓ પવિત્ર જળમાં ડૂબકી પણ લે છે. એવું માનવામાં આવે છે કે ગંગા નદીમાં પવિત્ર સ્નાન કરવાથી લોકોના તમામ પાપોમાંથી મુક્તિ મળે છે ગંગા સપ્તમી 2024: હિંદુ ધર્મમાં ગંગા સપ્તમીનું ઘણું મહત્વ છે. વૈશાખ મહિનાના શુક્લ પક્ષની સપ્તમી તિથિને ગંગા સપ્તમી (ગંગા સપ્તમી આ વર્ષે 14મેના રોજ) તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે માતા ગંગામાં સ્નાન કર્યા બાદ તેમની પૂજા કરવામાં આવે છે અને દાન કરવામાં આવે છે. તેનાથી વ્યક્તિના જીવનમાં સુખ અને શાંતિ આવે છે. તમામ પ્રકારની પરેશાનીઓ અને ગૂંચવણોનો અંત આવે છે.

ગંગા સપ્તમી પાછળનું મહત્વ અને કથાનો ઉલ્લેખ પદ્મ પુરાણ, બ્રહ્મ પુરાણ અને નારદ પુરાણ જેવા પવિત્ર ગ્રંથોમાં કરવામાં આવ્યો છે. હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, એવું માનવામાં આવે છે કે દેવી ગંગા પ્રથમ 'ગંગા દશેરા'ના દિવસે પૃથ્વી પર આવી હતી. પરંતુ એકવાર એવું બન્યું કે સંત જહ્નુએ ગંગા નદીનું પાણી પીધું . જો કે, દેવતાઓ અને રાજા ભગીરથની વિનંતી પછી, ઋષિ જહ્નુએ ફરી એકવાર વૈશાખ મહિનામાં શુક્લ પક્ષ સપ્તમીના દિવસે ગંગાને મુક્ત કરી હતી . ત્યારથી, આ દિવસ ગંગા સપ્તમી તરીકે ઉજવવામાં આવે છે, અને તે દેવી ગંગાના પુનર્જન્મને ચિહ્નિત કરે છે. તદુપરાંત, ઋષિ જહ્નુની પુત્રી હોવાને કારણે, દેવી ગંગાને 'જાહ્નવી' પણ કહેવામાં આવે છે, અને પરિણામે, આ દિવસને 'જહ્નુ સપ્તમી' પણ કહેવામાં આવે છે.. પંચાંગ અનુસાર વૈશાખ માસના શુક્લ પક્ષની સપ્તમી 14 મેના રોજ સવારે 2.50 કલાકે શરૂ થશે. જે બીજા દિવસે 15મીએ સવારે 4:19 કલાકે પૂર્ણ થશે. ઉદય તારીખને ધ્યાનમાં રાખીને, ગંગા સપ્તમી 14 મે 2024 ના રોજ ઉજવવામાં આવશે. આ દિવસે ત્રણ શુભ યોગ પણ બની રહ્યા છે. આમાં માતાની આરતી અને પૂજા કરવાથી વિશેષ લાભ થશે. રવિ યોગ, વૃદ્ધિ યોગ અને કરણ યોગ 14 મેથી શરૂ થઈ રહ્યા છે. આ યોગોમાં પૂજા કરવાથી તમને ઘણો ફાયદો થશે.

ગા સપ્તમીના દિવસે ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. આ દિવસે શિવલિંગ પર ગંગાજળથી જલાભિષેક કરવો જોઈએ. જો શક્ય હોય તો, તમે ગંગા નદીમાં સ્નાન કરી શકો છો. એવું માનવામાં આવે છે કે ગંગા જળમાં સ્નાન કરવાથી ભક્તને તમામ દુઃખ, કષ્ટ અને પાપોમાંથી મુક્તિ મળે છે.

જ્યોતિષની દૃષ્ટિએ પણ આ તહેવારનું મહત્ત્વ છે. વૈદિક જ્યોતિષ અનુસાર, આ દિવસે દેવી ગંગાની પૂજા કરવાથી , વ્યક્તિ મંગલ દોષની અસરોને ઘટાડી શકે છે, કારણ કે તે જન્મ પત્રિકામાં 'મંગળ'ની અસરોને ઘટાડે છે.

## કોઇ મારૂ શું બગાડી લેશે...એવા અભિમાનમાં રાચનારના પાપો છાપરે નહીં પણ પેન ડ્રાઇવમાં પોકાર્યા....!!

# ''વિકૃત'' પ્રજવલ રેવન્નાએ નામ ડૂબાડ્યું...!

## 400 મહિલાઓનું યૌન શોષણ, 100-200 નહીં પણ 2,900 વીડિયો વાઇરલ અને યુવરાજ ફરાર...!

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com





દાદા પૂર્વ વડાપ્રધાન. પિતા પૂર્વ મંત્રી, કાકા પૂર્વ મુખ્યમંત્રી અને પોતે પણ સાંસદ હોય ત્યારે શું થઇ શકે તેનો જિવંત દાખલો છે પ્રજ્વલ રેવન્ના. કર્ણાટકની હાસન બેઠકનો સાંસદ અને વર્તમાન ચૂંટણીમાં ફરીથી ઉમેદવારી કરનાર 35 વર્ષિય યુવાન પોતાના મતવિસ્તારમાં મતદાન પૂરુ થતાં જ જે પહેલી ફ્લાઇટ મળી તેમાં બેસીને વિદેશ જતો રહ્યો અને ત્યાં સુધીમાં તો તેની 50-100 કે 500-600 નહીં પણ ૨૯૦૦+ સેક્સુઅલ એબ્યુઝ(બળાત્કાર-છેડતી-વ્યભિચાર) ના વીડિયો ધરાવતી પેન ડ્રાઈવનું રેવડી કલ્ચરની જેન વિતરણ થઇ ગયું હતું..... અને તે સાથે ભારતના વર્તમાન ઈતિહાસમાં એક કલંકિત પ્રકરણ ઉમેરાઇ ગયું...

ભારતના રાજકારણમાં નેતાઓના સેક્સ સ્કેન્ડલ કાંઇ નવી વાત નથી. પણ કર્ણાટકમાં જેડીએસ પાર્ટીના પરિવારમાં જે બન્યુ તે ચોંકાવનારૂની સાથે ડરામણું એટલા માટે છે કે એક રાજકીય પરિવારના યુવાને પોતાના ઘરમાં કામ કરતીં મહિલાઓને પણ છોડી નથી...! આટલા મોટા પરિવારમાં રહેનાર અને પોતે પાછો સંસદસભ્ય, કાયદો ઘડનાર, એવા કાયદાની ચુંગાલમાં લપેટાઇ ગયો છે કે તેની સાથે પિતા-દાદાની રાજકીય પાર્ટીને પણ રાજકીય પીછેહટ કરવી પડે તેમ છે.પાર્ટીએ તેને પક્ષમાંથી કાઢીમૂક્યો છે અને હવે તે વિદેશથી આવે કે તેને ત્યાંથી પકડી લાવવામાં આવે ત્યારે નવા નવા ચોંકાવનારા ખુલાસા સામે આવી શકે.

આ સેક્સ સ્કેન્ડલ બાદ લોકોમાં એવી ચિંતા છે કે શું ખરેખર ભારત દેશનો આજ સુધીનો સૌથી મોટો સેક્સ સ્કેન્ડલ બની રહેશે કે હજુ આનાથી પણ વધુ ખરાબ બનશે..? કેમ કે કર્ણાટકમા ૩૫ વર્ષીય પ્રજવલ રેવન્નાના ૨૯૦૦+ પોર્ન વિડીયો વાઈરલ થયા છે, જેમાં દરેકે દરેક ઊંમરની મહીલાઓ સાથે પ્રજવલ જબરદસ્તી બળાત્કાર કરતો નજર આવી રહ્યો છે.....

આ સ્ત્રીઓમાં તેમના ઘરની જ ૬૩ વર્ષીય કામવાળીથી લઈને શાળા-કોલેજ જતી દિકરીઓ, મહિલા પોલિસ અધિકારીઓ, સરકારી અધિકારી સ્ત્રીઓ, પાર્ટીની કાર્યકર્તાઓ, ઓળખીતા નેતાઓ-બિઝેનસમેન, પુરુષોની પત્નીઓ-દિકરીઓ, પારિવારીક દીકરીઓ-મહિલાઓ, પત્રકારો, ટીવી એન્કરો, મદદ માંગવા આવનાર લાભાર્થી સ્ત્રીઓ જેવી ગણી ગણાય નહી એટલી સ્ત્રીઓને પોતાની હવસ સંતોષવા અને વારંવાર સેક્સુઅલ ગેરલાભ લેવાના દુરાશયના કારણે વીડિયો ઉતારીને બડાઈ હાંકવા મિત્રોને બતાવતો હતો...... તેના આ કાળા કરતૂતો સત્તાનો મદ દર્શાવે છે. કોઇ મારૂ શું બગાડી લેશે...એવા અભિમાનમાં રાચનારના પાપ છાપરે નહીં પણ પેન ડ્રાઈવમાં પોકાર્યા....

એક મહિલાએ હીંમત કરીને ફરીયાદ કર્યા પછી જે બાકીના વાયરલ થયેલા વીડિયોના કારણે ત્યાં સ્થાનિક પ્રજામાં વિરોધનો જુવાળ ઊભરી આવ્યો છે. હવે આ બળાત્કારી જર્મની ભાગી ગયો છે. પ્રજ્વલના આ કુકર્મો અને કાંડો વિશે એક રાજકીય પાર્ટીને અગાઉથી જ માહીતી હતી. છતાં ૨૯૦૦+ માતાઓ-બહેનોની સુરક્ષા અને ન્યાયને નજરઅંદાજ કરીને તેને ટીકીટ આપવામાં આવી હતી

દેશ માટે લડતા નિર્દોષ આંદોલનકારીઓ તો તરત પકડાઈ જાય છે, અને પ્રજવલ જેવા વિકૃત ગુનેગારો સરળતાથી સરકી જાય છે. કર્ણાટક સહિત દેશભરના રાજકારણમાં ખળભળાટ મચાવનાર જેડી (એસ)ના સાંસદ પ્રજવલ રેવન્નાનો સેક્સકાંડ છાપે ચડ્યો છે. પરંતુ તેના આ ઘૃણાસ્પદ દુષ્કૃત્યને લીધે સૌ કોઈ શરમજનક સ્થિતિમાં મૂકાયા છે.

જોકે માત્ર પ્રજવલ જ નહીં આ અગાઉ દેશના ઘણા રાજકારણીઓ આ પ્રકારના વિવાદોમાં સપડાયા છે. એક તરફ મહિલા સશક્તિકરણની વાતો કરતા તમામ રાજકીય પક્ષોના નેતાઓના આવા કરતૂત કાં તો છાપે ચડ્યા છે અને કાં તો લોકમૂખે ચર્ચાયા છે.

2009માં કોંગ્રેસના વરિષ્ઠ નેતા નારાયણ દત્ત તિવારી(એનડી તિવારી) આંધ્રપ્રદેશના રાજ્યપાલ હતા. આ દરમિયાન એક દિવસ તેની સેક્સ સીડી બહાર આવી, જેણે સમગ્ર દેશની રાજનીતિને હચમચાવી દીધી. તિવારી રાજભવનમાં જ મહિલાઓ સાથે વાંધાજનક સ્થિતિમાં જોવા મળ્યા હતા. જે બાદ તેમણે રાજ્યપાલ પદેથી રાજીનામું આપવું પડ્યું હતું.

પ્રજ્વલ તો એનાથી પણ ટપી ગયો... કેમ કે તેની લામે એવો આરોપ છે કે 400 મહિલાઓની સાથે તેણે યૌન શોષણ કર્યું છે. કોંગ્રેસના રાહુલ ગાંધીએ એક ચૂંટણી જાહેર સભામાં તેને માસ રેપીસ્ટ(સામૂહિક બળાતકરી) ગણાવ્યો હતો.

1990ના દાયકામાં ઉત્તર પ્રદેશની રાજનીતિમાં અમરમણિ ત્રિપાઠીનું નામ ઘણું મોટું હતું. તેઓ એક મજબૂત નેતા હતા અને તમામ રાજકીય પક્ષો માટે જરૂરી બની ગયા હતા. આ સમય દરમિયાન, કવયિત્રી મધુમિતા શુક્લા સાથે તેના ગેરકાયદેસર સંબંધો પ્રકાશમાં આવ્યા હતા. મધુમિતા શુક્લા તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી આ કેસમાં અમરમણિ દોષિત સાબિત થયો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. તાજેતરમાં જ તેને મુક્ત કરવામાં આવ્યો છે.

આ યાદીમાં હરિયાણાના ગોપાલ કાંડાનું નામ પણ સામેલ છે. એર હોસ્ટેસ ગીતિકા શર્માએ ઓગસ્ટ 2012માં પોતાના ઘરમાં આત્મહત્યા કરી લીધી હતી. એક સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં શર્માએ ગોપાલ કાંડા પર ઉત્પીડનનો આરોપ લગાવ્યો હતો. જો કે ગયા વર્ષે જ આ કેસમાં ગોપાલ કાંડાને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા.

## લઘુવાર્તા

# એક સવાલ મોટર ગાડીમાં બેસીને આવે છે, આ લોકો માતાજી પાસે શું માંગતા હશે?"

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

આજ સવારથી જ અંબા ખુશ મિજાજમાં હતી. આજે નવરાત્રીની છેલ્લી રાત હતી. અંબાજી આવીને પોતાના નામને સાર્થક કરતી હોય તેમ અંબા ગરબે ઘૂમતી હતી. એને શોધતી એની મા આવી, પણ અંબાના નામે બૂમો પાડવાનો કોઈ અર્થ ન હતો ! ઝબકારા મારતી લાઈટો અને કાનના પડદા ફાડી નાંખે એવા નવરાત્રીના ગરબે ઘૂમનારાની વચ્ચે અંબાને શોધવા માટે, ગરબા પૂરા થવાની રાહ જોવા સિવાય બીજો ઉપાય જ નહોતો !

જ્યારે અંબા એની માને મળી, ત્યારે રાતના બે વાગ્યા હતા. બંને જણાં એકબીજાના હાથ પકડીને મંદિરના પરિસરમાંથી બહાર નીકળ્યાં. અંબાના પિતા એમની રાહ જોતા જાગતા હતા. પત્નીને અને દીકરીને જોતાં જ થોડી નારાજગીથી બોલ્યા, 'અરે તમે લોકો આટલા મોડા કેમ આવ્યા? હું પણ ભજન મંડળીમાં ભજનો ગાઈને સત્સંગ કરીને વહેલો આવી ગયો, કાલે સવારે તો આપણે પાંચ વાગ્યાની ટ્રેન પકડીને માલપુર જવાનું છે ને તમે . ત્યાં પણ 12:00 વાગ્યાથી મેળો ભરાશે અને જો આ બધો સામાન ભજિયાં તળવાની કડાઈથી માંડીને આ ગોટા બનાવવાનો બધો સામાન મેં અહીંયા તૈયાર કરી રાખ્યો છે .ચાલો હવે જલદી સૂઈ જાવ !'

આમ અંબાનો પરિવાર જ્યાં જાય ત્યાં થોડા સમય માટે વસવાટ ઊભો કરી દેતો. મેળામાં થોડું ફરસાણ વેચી પેટિયું રળી ખાતાં ! એ જ એમનું હરતું ફરતું ઘર !

આસપાસનાં ગામોમાં થતા દરેક મેળામાં તેઓ જતાં, ક્યારેક ફરસાણ તો ક્યારેક રમકડાં કે ફુગ્ગા વેચી ગુજરાન ચલાવતાં. આઠદસ વર્ષની દીકરી ક્યારેક પૂછતી, 'બાપા આપણું ઘર ક્યાં ? 'તે બળપૂર્વક હસીને કહેતા, 'તું જ્યાં કહે ત્યાં; 'પત્ની સજળ નેત્રે એ બંને સામે જોઈ રહેતી !

આજે અહીંથી જવાનું હતું. અંબા બાપાને પૂછતી હતી, 'બાપા, આપણે ક્યાં જવાના અને કેમ ત્યાં જવાના? ત્યાં તમે શું કરશો ? એવા અનેક પ્રશ્નોના જવાબ આપતા થાકેલા પિતાએ કહ્યું, "અંબા, સવારે વહેલા ઊઠવાનું છે, હવે સૂઈ જા." પણ અંબાએ કહ્યું , 'કે બાપા, મને ઊંઘ નથી આવતી, મને એક સવાલ સૂવા નથી દેતો. આપણે રોજે મજૂરી કરીએ તો પણ તો ખાવા અનાજ નથી, ને રહેવા માટે ઘર નથી ! મારી પાસે રમકડાં તો ક્યાંથી હોય !"

"આપણે મેળામાં કેટલું બધું કામ કરીએ છીએ, જેમતેમ કરીને પેટ ભરીએ છીએ, પણ આ મેળામાં ગાડી લઈને આવનારા પાસે તો બધું જ હશે ને? પોતાનું ઘર હશે, એ બધાં સરસ કપડાં પહેરીને આવે છે. એમની પાસે સરસ મજાનું ખાવાનું હશે, ઘણાં બધાં રમકડાં હશે, તેઓ સરસ મજાની મોટી મોટર ગાડીમાં બેસીને આવે છે, તો પછી બાપા, આ લોકો માતાજી પાસે શું માંગતા હશે?"પિતા નિરુત્તર હતા. પિતાને સંજોગવસાત્ પોતાનું શિક્ષણ અધવચ્ચે છોડવું પડ્યું, એનું દુઃખ આટલાં વર્ષ પછી પણ ભૂલાયું નહોતું .પિતાને કહેવાનું મન થતું કે, બેટા આ લોકો બધા સુખની શોધમાં નીકળ્યા છે, આમ જોવા જઈએ તો સુખ સાપેક્ષ છે તેમ જ એ માનવ સ્વભાવની ઝંખના છે. પૈસાવાળાં બધા સુખી જ હોય એમ નથી, પણ ખરું સુખ શામાં છે તેની તેમને કદાચ ખબર નથી હોતી. એમની સુખની ટ્રેનમાં અપેક્ષાની સાંકળ ખૂબ લાંબી હોય છે, એટલે તેઓ સંતોષના સ્ટેશન સુધી પહોંચતા જ નથી ! એમના જીવનની ટ્રેનમાં સંતોષ નામનું સ્ટેશન જ્યારે આવે ત્યારે તેઓ કદાચ સાચા સુખને પામે એવું મને લાગે છે!

અંબા પોતાના સવાલનો જવાબ સાંભળતાં પહેલાં જ મનમાં ચાલતા સવાલને ઓઢીને સૂઇ ગઇ !

સૌજન્યથી..
(વસુધા ઈનામદાર|Opinion)



## ઇલેક્શનોમિક્સ

## ઐયરે એમ કહ્યું કે મોદીના વિચારો નિમ્ન સ્તરના છે અને પછી તો એવુ ચાલ્યું કે..

# કોંગ્રેસમાં મણિશંકર ઐયરોની કમી નથી....હવે પિત્રોડા બોલ્યા...!

## પિત્રોડા ફરીથી કોંગ્રેસને મુશ્કેલીમાં મૂકીને બાજી બગાડવાનું કામ કરી રહ્યાં હોવાની ચર્ચા..

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

કોંગ્રેસમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવુ બની રહ્યું છે. કોંગ્રેસ માટે વર્તમાન ચૂંટણીમાં વાતાવરણ કંઇક સારૂ બને છે અને કોઇને કોઇ મણિશંકર ઐયરના રૂપમાં હાજર થઇ જાય છે. યાદ છે ને ઐયરજી...? ગુજરાત વિધાનસભાની 2017 ચૂંટણીમાં તેમણે વડાપ્રધાન મોદીના વિચારો નિમન સ્તરના છે એમ કહેતાં જ જાણે ટાંપીને જ બેઠા હોય તેમ ભાજપને બગાસુ ખતાં પતાસુ પડ્યુ હોય તેમ, કોંગ્રેસે મોદીને નીચ કહ્યાં એવો પ્રચાર એવો શરૂ થયો કે કોંગ્રેસ ફિર એક બાર સત્તા સે દૂર રહી.... કોંગ્રેસમાં તે વખતે ઐયર પર ખૂબ સારા માછલા ધોવાયા હશે અને તે પછી તેમને કોઇ નિવેદન આપવા પર મનાઇ ફરમાવી દેવાઇ હોય તેમ તેઓ ખૂણો પકડીને બેસી ગયા.

હવે ઐયરની ભૂમિકા ભજવવા ગાંધી પરિવારના એનઆરઆઇ મિત્ર પિત્રોડા આવ્યાં છે....! વારસા વેરાનો વિવાદ તેમણે જ તાજેતરમાં સર્જ્યો અને ભાજપે તેનો બરાબરનો રાજકીય લાભ લીધો. કોંગ્રેસ પાર્ટી પણ 'હેરિટન્સ ટેક્સ' વિવાદ પર પડદો પાડી શકી ન હતી અને વિવાદ તથા મુદ્દો ચર્ચામાં છે તેવા સમયે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ ભારતની વિવિધતા પર બોલીને વધુ એક નવો વિવાદ સર્જ્યો છે....કોંગ્રેસની કરમ કઠિનાઇ જ કહો.....



તેમણે એમ કહ્યું કે ભારતમાં દક્ષિણના લોકો "આફ્રિકન જેવા (કાળા) દેખાય છે અને પૂર્વોત્તરમાં ચાઈનીઝ (ચપટુ નાક ઝીણી આંખો) જેવા દેખાય છે." બસ...પછી તો ભાજપ આવી તક છોડે....ચૂંટણી દરમિયાન તેને મુદ્દો બનાવ્યો છે, તો કોંગ્રેસે અગાઉની જેમ જ પિત્રોડાના વિવાદની ગરમી વચ્ચે આ નિવેદનથી પોતાને સંપૂર્ણપણે દૂર કરી દઈને એમ કહ્યુ કે એ તેમના પોતાના અંગત વિચારો છે... કોંગ્રેસને તેની સાથે કોઇ લેવા દેવા નથી...

વાસ્તવમાં પિત્રોડા 'ધ સ્ટેટ્સમેન'ને આપેલા ઈન્ટરવ્યુમાં ભારતની વિવિધતા પર ચર્ચા કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે, અમે 75 વર્ષથી ખૂબ જ ખુશનુમા વાતાવરણમાં રહીએ છીએ, જ્યાં અહીં અને ત્યાંની થોડી લડાઈઓ સિવાય લોકો સાથે રહી શકે છે. આપણે ભારત જેવા વૈવિધ્યસભર એવા દેશને એક કરી શકીએ છીએ, જ્યાં પૂર્વના લોકો ચીની જેવા દેખાય છે, પશ્ચિમના લોકો આરબો જેવા દેખાય છે, ઉત્તરના લોકો ગોરા જેવા દેખાય છે અને કદાચ દક્ષિણના લોકો આફ્રિકન જેવા દેખાય છે."

તેમણે વધુમાં કહ્યું કે ભારતના લોકો વિવિધ ભાષાઓ, ધર્મો, ખોરાક અને રિવાજોનો આદર કરે છે જે દરેક પ્રદેશમાં અલગ હોય છે. "આ તે ભારત છે જેમાં હું વિશ્વાસ કરું છું, જ્યાં દરેક માટે જગ્યા છે અને દરેક જણ થોડું સમાધાન કરે છે.જો કે પિત્રોડાના આવા નિવેદન પર ભાજપ જાણે કે રાહ જોઈને જ બેસી રહ્યું હોય તેમ સૌ કોઇ તેમના પર તૂટી પડ્યા અને પિત્રોડા એક બાજુ રહી ગયા, રાહુલ ગાઁધી કેન્દ્રમાં આવી ગયા અને પિત્રોડાના વિચારો એટલે રાહુલના અને કોંગ્રેસના છે એમ કહીને કોંગ્રેસને ઘેરી છે....

* કેન્દ્રીય મંત્રી અને ભાજપના ઉમેદવાર પિયુષ ગોયલે કહ્યું, "કોંગ્રેસ દિશાહીન છે. તેઓ દેશને તોડવા સિવાય કંઈ કરી શકતા નથી. તેમની પાસે ન તો કોઈ નેતા છે કે ન તો નેતૃત્વ. આ વખતે કોંગ્રેસ પાસે ગત વખતની સરખામણીમાં અડધી બેઠકો છે. આવી સ્થિતિમાં, તેમણે આવા વિવાદાસ્પદ નિવેદનો કરવા સિવાય બીજું કંઈ કરવાનું નથી.

* બીજેપી સાંસદ કિરેન રિજિજુ નોર્થ ઈસ્ટના છે,.એ પણ પિત્રોડા પર આકરા પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો હતો કે તેમની ટિપ્પણીઓ ભારતમાં ભાગલા પાડવાનો હેતુ છે. તેમણે ટ્વીટ કર્યું, "રાહુલ ગાંધીના મુખ્ય સલાહકાર કહે છે કે, દક્ષિણ ભારતીયો આફ્રિકન જેવા દેખાય છે, બધા ઉત્તર-પૂર્વીય લોકો ચીની જેવા દેખાય છે, પશ્ચિમ ભારતીયો આરબો જેવા દેખાય છે અને ઉત્તર ભારતીયો ગોરા જેવા દેખાય છે. આ નિવેદનનો સ્વર અને ટેનર ભારતને વિભાજિત કરશે." ..શરમજનક....!"

* પૂર્વોત્તરમાં આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા કે જેઓ મૂળ કોંગ્રેસી છે અને તેઓ કોંગ્રેસની સામે આવુ કાંઇ આવે તેની રાહ જોતા જ હોય છે.... તેથી પિત્રોડાને સૌથી પહેલા પ્રતિક્રિયા આપનારાઓમાંના એક હતા જ્યારે તેમણે ટ્વિટર પર કહ્યું, "સામ ભાઈ, હું નોર્થ ઈસ્ટનો છું અને હું એક ભારતીય જેવો દેખાઉં છું. અમે વૈવિધ્યસભર દેશ છીએ - અમે અલગ છીએ. પરંતુ અમે એક છીએ. આપણા દેશ વિશે થોડું સમજો સારૂ..!"

* તિરુવનંતપુરમના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે પિત્રોડાની ટિપ્પણીને 'શરમજનક' ગણાવી હતી. "આ રીતે રાહુલ ગાંધીને તેમના શિક્ષક અને માર્ગદર્શક સામ પિત્રોડા દ્વારા ભારતને વિભાજિત કરવા અને જોવાનું શીખવવામાં આવ્યું છે.



* હિમાચલ પ્રદેશના મંડીના બીજેપી ઉમેદવાર કંગના રનૌત પણ શું કામ પાછળ રહે..... તેમણે ટ્વીટર X પર નિશાન સાધ્યું અને કહ્યું કે કોંગ્રેસની સમગ્ર વિચારધારા ભાગલા પાડો અને રાજ કરોની રહી છે... તેમણે કહ્યું, કે સેમ પિત્રોડા રાહુલ ગાંધીના ગુરુ છે. ભારતીયોને તેમના જાતિવાદી અને વિભાજનકારી ટોણાઓ સંભળાવે છે.. તેમની સમગ્ર વિચારધારા ભાગલા પાડો અને રાજ કરો. સાથી ભારતીયોને ચાઈનીઝ અને આફ્રિકન કહેવું ઘૃણાજનક છે. કોંગ્રેસને આ અંગે શરમ આવવી જોઈએ..!

* શિવસેના (UBIT)ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું, "હું તેમના નિવેદન સાથે સહમત નથી. પરંતુ, શું તેઓ મેનિફેસ્ટો કમિટીના સભ્ય છે, કોંગ્રેસના સ્ટાર પ્રચારક છે અને શું તેઓ આ દેશમાં રહે છે? તેઓ વિદેશમાં રહે છે. એક તરફ તેમના મુદ્દાઓને દેશનો મુદ્દો બનાવવો દુર્ભાગ્યપૂર્ણ છે અને બીજી તરફ સેમ પિત્રોડા અમેરિકા વિશે જે કહી રહ્યા છે તેનાથી અમને કોઈ લેવાદેવા નથી, ન તો આ કોઈ મુદ્દો છે અને ન તો આ દેશનો મુદ્દો છે. પરંતુ જવાબ આપવા માંગુ છું.

(અનુસંધાન પેજ-6 ઉપર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### સમસ્યા ઉકેલવા નવેસરથી પોલીસી બનાવવી પડે: ચેરમેન

## શહેરના જાહેર માર્ગો-ફૂટપાથ ઉપર દબાણોની સમસ્યા

ગુજરાત | વંદન

શહેરના તમામ જાહેર માર્ગો અને ફૂટપાથ ઉપર લારીગલ્લા તથા પાથરણાવાળાનાં દબાણોની સમસ્યા દિવસે ને દિવસે વિકટ બનતી જઈ રહી છે. અને તેના કારણે ટ્રાફીક જામના સહીતનાં પ્રશ્નો તરફ મ્યુનિ. દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે. ત્યારે દબાણોની સમસ્યા ઉકેલવા માટે નવેસરથી પોલીસી બનાવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. તેમ ટાઉન પ્લાનીગ કમીટી ચેરમેન પ્રિતેશ મહેતાએ કબૂલ્યું હતું.

ટાઉન પ્લાનીગ કમીટીની બેઠક બાદ ચેરમેન પ્રિતેશ મહેતાએ જણાવ્યું હતું કે શહેરમાં છેલ્લા કેટલાંય સમયથી રોડ અને ફૂટપાથ પર લારીગલ્લાનાં દબાણો વધી ગયા હોવાનું પ્રતીપાદીત થઈ રહયું છે. તેમણે કમીટી બેઠકમાં-લોગાર્ડન આસપાસના રોડ પર વધી ગયેલાં દબાણોથી ટ્રાફીકને અડચણ થાય છે.તેને ધ્યાને લઈ દબાણો હટાવવા પશ્ચિમ ઝોન એસ્ટેટ અધિકારીને સુચના આઅપી હતી. તેમણે મીડીયા સાથેની વાતચીત સ્વીકાયું હતું કે, ફકત લો-ગાર્ડન જ નહી પરંતુ શહેરમાં ઠેરઠેર પાનનાં ગલ્લા, ચ્હાની કીટલીઓ ખાણીપીણીની લારીઓ, પાથરણાવાળા વગેરે પ્રકારનાં દબાણોની સંખ્યયા વધી ગઈ છે. જેને હટાવવા માટે હવે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે.અને દબાણો હટાવવા માટે નવેસરથી અસરકારક નીતિ ઘડવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. તે બાબતે મેયર ડે.મેયર, સ્ટે.કમીટી ચેરમેન અને પક્ષનાં મોવડીમંડળ સાથે વાતચીત કરવામાં આવશે.

જોકે મ્યુનિ. સુત્રોએ સાત ઝોનમાં એસ્ટેડ-ટીડીઓ ખાતાનાં હપ્તારાજનો પર્દાફાશ કરતાં કહયું કે સાત ઝોનમાં દબાણ હટાવતાં એસ્ટેટ ખાતાનાં તમામ કર્મચારી અને અધિકારીને રોડ ઉપર લારીગલ્લા સહીતનાં દબાણ વડે એટલે મલાઈ વધારે મળે તેમાં જ રસ હોય છે. જે રોડ પર પહેલાં લારીગલ્લા જેવા દબાણ નહોતા ત્યાં પણ હવે તો લારીગલ્લા અને ખાણી પીણીનાં ધંધાર્થીઓ ધીમે ધીમે પગદંડો જમાવતા હોય છે. જે રોડ પર પહેલાં લારીગલ્લા જેવા દબાણ નહોતા ત્યાં પણ હવે તો લારીગલ્લા અને ખાણી પીણીનાં ધંધાર્થીઓ ધીમે ધીમે પગદંડો જમાવતાં થયાં છે.

સુત્રોએ કહયું કે, મ્યુનિ. કમીશ્નર એમ.થેન્નારસને પણ દબાણોની સમસ્યાને ગંભીરતાથી લઈ સાત ઝોનનાં એસ્ટેટ-ટીડીઓ ખાતાને મેઈન રોડ પરથી દબાણો હટાવવાની તાકીદ કરી હતી. પરંતુ તેને કયાંય અમલ થયો હોય તેમ જણાતું નથી તે જોતાં હવે કમીશ્નરે દબાણ ખાતાનાં જવાબદાર અધિકારી અને કર્મચારીઓ સામે સસ્પેન્શન સહીતનાં કડક પગલા લેવાનો સમય આવી ગયો છે. જો આમ નહી કરવામાં આવે તો આગામી દિવસોમાં અમદાવાદ શહેર ધુળીયા-પ્રદુષીત શહેરની સાથે લારીગલ્લાનાં દબાણોવાળું શહેર તેવું બિરૂદ મેળવશે તેવો કટાક્ષ પણ મ્યુનિ. સુત્રોએ કર્યો હતો.



## હીટવેવની વચ્ચે રેઈનવેવની આગાહી, ત્રણ દિવસ ગાજવીજ સાથે વરસાદ

ગુજરાત | વંદન

અત્યારે ગુજરાતમા ઉનાળો ભયંકર આગ વરસાવી રહ્યો છે. અમદાવાદ શહેર જાણે આગની ભઠ્ઠી બની ગયું હોય એમ ગરમીનો પારો આસમાને પહોંચી ગયો છે. ગુજરાતમાં આગ ઝરતી ગરમી વચ્ચે હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં ત્રણ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે આપેલા આંકડા પ્રમાણે અમદાવાદ આગની ભઠ્ઠી સમાન બની ગયું છે. સતત ત્રણ દિવસથી અમદાવાદમાં સૌથી વધારે 43 ડિગ્રી ગરમી પડી રહી છે. ગુરુવારે પણ અમદાવાદનું મહત્તમ તાપમાન 43 ડિગ્રી રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં પણ 43 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત ગુજરાતમાં મોટા ભાગના વિસ્તારોમાં 40 ડિગ્રી ઉપરનું તાપમાન રહ્યું હતું. ગાંધીનગર, વિદ્યાનગર અને અમરેલીમાં ગરમી 41 ડિગ્રી ઉપર રહી હતી.

હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે ગુજરાતમાં દક્ષિણ વિસ્તાર અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે 12થી 15 મે 2024 વચ્ચે દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી, ડાંગ,



નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ગાજવીજ અને 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકના પવન સાથે વરસાદ પડશે.

જ્યારે 14મી મેએ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓની સાથોસાથ જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી અને ભાવનગરમાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
નસીબ કરતાં કર્મમાં વિશ્વાસ રાખવાથી સ્વાભાવિક રીતે જ તમારા માટે સારા સંજોગો સર્જાશે. પરસ્પર સંબંધો વચ્ચે ચાલી રહેલા તણાવને પણ સંવાદિતા દ્વારા ઉકેલવામાં આવશે. ઘરમાં કોઈ ધાર્મિક પ્રસંગ પણ બની શકે છે. તમારા વર્તનને નિયંત્રિત રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ સપ્તાહે સમય અનુકૂળ છે. સામાજિક અને રાજકીય લોકો સાથે સંબંધોમાં નિકટતા રહેશે. તમારી કાર્ય પ્રણાલીમાં પરિવર્તન લાવવા માટે તમે બનાવેલી યોજનાઓને અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે. તમારી વધુ પડતી મહત્વાકાંક્ષાઓ પર નિયંત્રણ રાખો.

**મિથુન** (ક.છ.ઘ)
તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો અને તમારું ધ્યાન ફક્ત તમારા લક્ષ્યો પર કેન્દ્રિત રહેશે અને તમારી ભૂતકાળની કેટલીક ભૂલોને સુધારીને તમે સુંદર ભવિષ્ય તરફ આગળ વધશો. તમે યોગ્ય રોકાણ કરી શકશો અને તમને ઈચ્છિત સફળતા પણ મળશે.

**કર્ક** (ડ.હ)
તમારું મન અને મગજ સંતુલિત રાખવાથી તમને નિર્ણય લેવામાં મદદ મળશે. બીજાની જરૂરિયાતોનું ધ્યાન રાખતી વખતે તમારા બજેટને પણ ધ્યાનમાં રાખો. આ સાથે તમે ચોક્કસપણે સફળ થશો. સંબંધીઓ સાથેના સંબંધોમાં પણ વધુ મધુરતા આવશે.નબળાઈઓને દૂર કરવી મહત્વપૂર્ણ છે.

**સિંહ** (મ.ટ)
તમારી ક્ષમતા અને કાર્યક્ષમતા દ્વારા તમને અપેક્ષા કરતા વધુ લાભ મળવાના છે. વ્યસ્ત હોવા છતાં, પરિવાર અને સંબંધીઓ સાથે થોડો સમય વિતાવવો તમને ઉત્સાહી બનાવશે. યુવાનોને તેમના કોઈપણ પ્રોજેક્ટમાં સફળતાથી રાહત મળશે.નકામી પ્રવૃત્તિઓમાં તમારો સમય ન બગાડો.

**કન્યા** (પ.ઠ.ણ)
તમે વ્યવસ્થિત કાર્યપદ્ધતિ અને પરિશ્રમ દ્વારા કોઈપણ મુશ્કેલ કાર્યને પૂર્ણ કરી શકશો. સ્વજન સાથે ચાલી રહેલા વિવાદનો ઉકેલ આવવાથી માનસિક શાંતિ મળશે. ઓનલાઈન શોપિંગમાં પણ યોગ્ય સમય પસાર થશે. તમારા સ્વભાવમાં અહંકાર અને ક્રોધ જેવી પ્રવૃત્તિઓને સ્થાન ન આપો.

**તુલા** (ર.ત)
વ્યસ્ત હોવા છતાં તમારી રચનાત્મક રુચિઓ જાળવી રાખો. તેનાથી મન પ્રફુલ્લિત અને ઉર્જાવાન રહેશે. બાળકોના ભવિષ્ય માટે મહત્વની યોજનાઓ બનશે અને રોકાણ સંબંધિત કામ પણ પૂર્ણ થશે. જે ફાયદાકારક રહેશે.બાળકો તેમની કોઈ સમસ્યાને કારણે તણાવમાં રહેશે.

**વૃશ્ચિક** (ન.ય)
આ તમને તમારી અંદર શાંતિ અને સકારાત્મક ઉર્જાનો અનુભવ કરવામાં મદદ કરશે. તમારા ઘરનું નવીનીકરણ અથવા જાળવણી કરતી વખતે વાસ્તુ નિયમોનો ઉપયોગ કરવાની ખાતરી કરો. આ સમયે સાવધાન રહેવાની જરૂર છે. પ્રતિસ્પર્ધીને કારણે તણાવની સ્થિતિ પણ ઊભી થઈ શકે છે.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહે તમે સામાજિક અને પારિવારિક કાર્યોમાં વ્યસ્ત રહેશો. બધા કામ મનની ઈચ્છા મુજબ થશે. આજની મહેનત નજીકના ભવિષ્યમાં નફાના દરવાજા ખોલશે. કોઈ ખાસ કારણસર યાત્રા થઈ શકે છે અને તે સાર્થક પણ રહેશે. બીજાની અંગત બાબતોથી પોતાને દૂર રાખો.

**મકર** (ખ.જ)
કેટલાક સમયથી અટકેલા કામ પૂરા થશે. જો તમે નવું વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો તો સમય અનુકૂળ છે. તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો અને તમારું સામાજિક વર્તુળ પણ વધશે. તમારા બાળકોની કોઈ નકારાત્મક પ્રવૃત્તિને કારણે ચિંતા રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
ખાસ કરીને મહિલાઓ માટે આ સપ્તાહ ખૂબ જ આરામદાયક રહેશે. તમારી જીવનશૈલી અને બોલવાની રીત બીજાને તમારી તરફ આકર્ષિત કરશે. તમારા સ્વભાવમાં અહંકારની ભાવનાને ન આવવા દો, તેના કારણે ચાલી રહેલા કેટલાક કામમાં અવરોધ આવી શકે છે.

**મીન** (દ.ચ.ઝ)
નિર્ણયો દિલની જગ્યાએ મનથી લો. તમે ભાવુક થઈને નુકસાન કરી શકો છો. જો કે, તમારી કાર્ય ક્ષમતાના આધારે, તમે કોઈપણ મહત્વપૂર્ણ કાર્યને ઉત્તમ રીતે પૂર્ણ કરી શકશો. સ્વજનોના આગમન અને વાતચીતના કારણે ઘરમાં સુખદ વાતાવરણ રહેશે. કેટલાક પડકારોનો સામનો કરવો પડશે. શાંત મનથી સમસ્યાનો ઉકેલ લાવો. વરિષ્ઠ સભ્યોના અભિપ્રાય પર પણ ધ્યાન આપો.

### બાલવાટિકાની બસ દ્વારા શિક્ષણથી વંચિત રહેલા બાળકોને ભણાવાશે

## અમદાવાદમાં શરૂ થઈ દેશની પ્રથમ બાલવાટિકા

ગુજરાત | વંદન

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા દેશ લેવલે સૌ પ્રથમવાર કહી શકાય તેવી વિશિષ્ટ પહેલ એટલે કે બાલવાટિકા શરૂ કરવામાં આવી છે. દેશમાં આ પ્રકારની પ્રથમ બાલવાટિકા સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ વિક્રમનાથજીના વરદ્ હસ્તે શરૂ કરવામાં આવી છે.

જેનું શ્રેય ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરને પ્રાપ્ત થયું છે મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના શાસનાધિકારી લબ્ધીર દેસાઈના જણાવ્યા મુજબ ગુજરાત હાઈકોર્ટ ખાતે બાળકો માટે બનાવેલ ખાસ હરતી-ફરતી શાળા કે જેમાં શૈક્ષણિક રમકડાં, શૈક્ષણિક વાર્તા, ગીતો ઈન્સ્ટોલ કરેલ ટી.વી.સેટ, બ્લેક બોર્ડ, પાણીની સગવડ વગેરે સુવિધાઓ સાથે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ વિક્રમનાથજીના વરદ્ હસ્તે બાલવાટિકાનો શુભારંભ કરવામાં આવ્યો.

આ શુભ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઉપરાંત ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુનીતા અગ્રવાલજી, ગુજરાત વડી અદાલતના સિનીયર જસ્ટીસ બિરેન વૈષ્ણવજી અને વરિષ્ઠ ન્યાયાધિશો, ઈન્ચાર્જ મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ જેવા મહાનુભાવોએ દ્વારા તેઓના વરદ્ હસ્તે તમામ બાળકોને શૈક્ષણિક કીટ,



સ્કૂલ બેગ, વોટર બોટલ,રમકડાં, બિસ્કીટ, ચોકલેટ તથા ફ્રુટી આપવામાં આવી હતી.

હાઈકોર્ટના પ્રાંગણમાં આજે એક અનોખું અને નયનરમ્ય દ્રશ્ય જોવા મળ્યું કેમ કે પતંગીયા જેવા બાલવાટિકાના બાળકો હાઈકોર્ટના ગાર્ડનમાં ખૂબ જ એન્જોય કરતા જોવા મળ્યા હતા.

હરતી-ફરતી બાલવાટિકાના શુભારંભ પ્રસંગે ઈન્ચાર્જ મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ જણાવ્યું હતુ કે દેશભરમાં પ્રથમ કહી શકાય તેવી આ બાલવાટિકાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જેમ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સંયુકત ઉપક્રમે સિગ્નલ સ્કૂલનો પ્રોજેકટ સફળતાથી ચાલી રહેલ છે


તેમ આ બાલવાટિકાની બસ દ્વારા શિક્ષણથી વંચિત રહેલા બાળકોને શિક્ષણનો હકક પ્રાપ્ત થશે. આ બાળકોને ૧૦ માસ સુધી ભણતર આપીને બ્રીજકોર્સ દ્વારા શૈક્ષણિક રીતે સજ્જ બનાવી મેઈન સ્ટ્રીમ દ્વારા નજીકની મ્યુનિ. શાળામાં તેમની ઉંમર અનુસાર જે-તે ધોરણમાં પ્રવેશ અપાવી શિક્ષણ આપવામાં આવશે.

## કાળઝાળ ગરમીથી શહેરમાં પાણીજન્ય રોગના બે હજારથી વધુ કેસ નોંધાયા

■ પ્રદૂષિત પાણીને લગતી ફરિયાદ ઉકેલવાની સુચનાનો અમલ થતો નથી

ગુજરાત | વંદન

અમદાવાદમાં કેટલાક સમયથી પડી રહેલી કાળઝાળ ગરમીની સાથે શહેરના અનેક વિસ્તારમાં પ્રદૂષિત પાણી આવવાની સમસ્યાના કારણે એક મહિનામાં પાણીજન્ય રોગના બે હજારથી વધુ કેસ સામે આવ્યા છે. એપ્રિલના એક જ મહિનાના સમયમાં ઝાડા ઉલટીના ૧૫૨૪ કેસ નોંધાયા હતા. ટાઈફોઈડના ૩૬૧ કેસ જયારે કમળાના ૧૫૧ કેસ નોંધાયા હતા.પૂર્વ ઝોનમાં આવેલા વટવા વોર્ડમાં ઝાડા ઉલટીના સૌથી વધુ ૧૬૬ કેસ નોંધાયા હતા. ઠક્કરબાપાનગર વોર્ડમાં ૧૫૫



જયારે વિરાટનગર વોર્ડમાં ૧૨૭ કેસ ઝાડા ઉલટીના નોંધાવા પામ્યા હતા.

શહેરના મધ્ય ઝોનના વિવિધ વોર્ડ વિસ્તારની સાથે પૂર્વ ઝોન ઉપરાંત દક્ષિણ તથા ઉત્તર ઝોનના વિવિધ વોર્ડ વિસ્તારમાં પ્રદૂષિત પાણી આવતુ હોવા અંગેની અનેક ફરિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રને શહેરીજનો કોમ્પ્રિહેન્સિવ રીડ્રેસલ સિસ્ટમ અંતર્ગત ઓનલાઈન કરતા હોય છે.મ્યુનિસિપલ કમિશનર દ્વારા લોકો તરફથી પ્રદૂષિત પાણીની મળતી ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવા ઈજનેર વિભાગ સહિતના વિભાગના અધિકારીઓને અવારનવાર સુચના આપેલી છે.પ્રદૂષિત પાણીને લગતી ફરિયાદ વોર્ડ કક્ષાએ જ ઉકેલવા અપાયેલી સુચનાનો પણ અમલ કરવામાં આવતો નથી.

વટવા, રામોલ-હાથીજણ ઉપરાંત અમરાઈવાડી, ભાઈપુરા-હાટકેશ્વર સહિતના વોર્ડમાં રહેતા લોકો એક તરફ પ્રદૂષિત પાણી અને બીજી તરફ કાળઝાળ ગરમીના કારણે પાણીજન્ય રોગનો ભોગ બની રહયા છે. આ વર્ષના જાન્યુઆરીથી મે-૨૪ સુધીમાં શહેરમાં ઝાડા ઉલટીના ૩૩૪૯, ટાઈફોઈડના ૧૧૭૬ જયારે કમળાના ૫૨૦ કેસ નોંધાયા છે.

## કોની રહેમનજર? અમદાવાદથી 20 કિમી દૂર ધમધમે છે ફટાકડાની અનેક ફેક્ટરીઓ

ગુજરાત | વંદન

અમદાવાદના દસક્રોઈ તાલુકામાં રામોલથી આગળ એક્સપ્રેસ હાઈવે નજીક વાંચ ગામ આવેલું છે. આ ગામ ફટાકડાની ફેક્ટરી માટે જાણીતું છે. અહીં 15થી વધુ ફેક્ટરીઓ આવેલી છે. અહીં સમગ્ર વર્ષ દરમિયાન અલગ-અલગ પ્રકારના ફટાકડા બનાવવામાં આવે છે.પંજાબ અને મુંબઈથી આવે છે ફટાકડાનું રો મટીરીયલ્સફેક્ટરીના માલિક નદીમભાઈ કાસમભાઈ બાગબાન સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, 'અમે 3 પેઢીથી ફટાકડા બનાવવાનું કામ કરીએ છીએ. દારૂગોળો ચાળવાથી માંડીને તેનું ફાઈનલ પેકિંગ સહિતની તમામ કામગીરી અહીં જ કરવામાં આવે છે. દિવાળીના 6 મહિના પહેલા અમે ફટાકડા બનાવવાની કામગીરી શરૂ કરીએ છીએ. પંજાબ અને મુંબઈથી ફટાકડા બનાવવાનું રો મટીરિયલ્સ મંગાવીએ છીએ.'તેમણે વધુમાં જણાવ્યું કે, 'અમારી પાસે હાલ 20 માણસો કામ કરે છે. ફટાકડા બનાવાની કામગીરીને કારીગરોની અલગ-અલગ ટીમ બનાવીને વહેંચી દેવામાં આવે છે. શરૂઆતમાં દારૂગોળો ચાળીને તેનો પાઉડર બનાવાવામાં આવે છે. આ પાઉડરમાં દોરી નાંખી લાંબી દિવેટ બનાવી તેને સૂકવવામાં આવે છે. દિવેટ સુકાઈ ગયા બાદ તેનું કટિંગ કરવામાં આવે છે. ત્યાર બાદ કોઠી, મીરચી બોમ્બના ખોખામાં 1 ગ્રામ દારૂગોળો પાઉડર ભરવામાં આવે છે.

## કરદાતા હવે મ્યુનિ. પ્રોપર્ટી ટેકસ ઘેરબેઠાં જોઈ શકશે

### કોર્પોરેશન તંત્રની વેબસાઈટ પર મુકાશે

ગુજરાત | વંદન

મ્યુનિસિપલ કોર્પોરેશન માટે આવકનો મુખ્ય સ્ત્રોત પ્રોપર્ટી ટેકસ હોઈ આ વિભાગ દ્વારા કાર્પેટ એરિયા-પદ્ધતિ મુજબ પ્રોપર્ટી ટેકસ આકારવા અંગે આકારણીની ચોપડી ઈ-ફોર્મ સ્વરૂપમાં તૈયાર કરાઈ છે અને તમામ ઝોનની ઝોનલ ઓફિસના ટેકસ વિભાગમાં તે જોવા મળવાની છે.

જો કે, જે કોઈ પ્રપોર્ટી ટેકસ કરદાતાને પોતાની મિલકતની આકારણી સંદર્ભે કોઈ વાંધાઅરજી હોય તો તે તારીખ ૨૯ મે સુધીમાં તંત્ર સમક્ષ કરી શકશે.મધ્ય ઝોનમાં સરદાર પટેલ ભવનના ડી-બ્લોકના ટેકસ વિભાગમાં ઉત્તર ઝોનમાં મેમ્કોના રાજીવ ગાંધી ભવનના ટેકસ વિભાગમાં, દક્ષિણ ઝોનમાં મણિનગરના ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી ભવનના ટેકસ વિભાગમાં, પૂર્વ ઝોનમાં વિરાટનગરના હરૂભાઈ મહેતા ભવનના ટેકસ વિભાગમાં, પશ્ચિમ ઝોનમાં ઉસ્માનપુરાના ડૉ.રમણભાઈ પટેલ ભવનના ટેકસ વિભાગમાં, ઉત્તર પશ્ચિમ ઝોનમાં બોડકદેવના રાજમાતા વિજયારાજે સિંધિયા ભવનના ટેકસ વિભાગમાં, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં જોધપુરના તુષાર દેશમુખ ભવનના ટેકસ વિભાગમાં ઈ-ફોર્મ જોવા મળશે.



આ તમામ સરનામાના સ્થળે સવારના ૧૧ થી બપોરના ૨ અને બપોરના ૨:૩૦થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વેબસાઈટ ડબ્લ્યુડબ્લ્યુડબ્લ્યુ.એહમદાબાદ સિટી ડોટ જીઓવી ડોટ ઈન પર જોઈ શકાશે અને તેનો ઉતારો મેળવી શકાશે. પૂર્વ ઝોનમાં એડોપ્ટેડ એન્ટ્રી અને પશ્ચિમ ઝોનમાં ૦૫-૦૧થી ૦૫-૦૯ની આકારણી ઈ-ફોર્મમાં ઉપલબ્ધ કરાઈ છે.

જ્યારે અન્ય ઝોનની તમામ મિલકતોની આકારણીની ચોપડી ઈ-ફોર્મમાં તૈયાર કરાઈ છે. તંત્ર દ્વારા દર્શાવાયેલી માહિતી બાબતે જે કોઈ કરદાતાને વાંધો હોય તો જે સ્થળે આકારણીની ચોપડી ઈ-ફોર્મમાં રાખવામાં આવી છે. તે સ્થળે તા.૨૯ મે સુધીમાં લેખિત વાંધાઅરજી કરી શકશે. આ માટેના છાપેલા ફોર્મ ૫૦ પૈસાની કિંમતે ટેકસ વિભાગની ઓફિસમાંથી આપવામાં આવશે કે જેની પહોંચ લેવી જરૂરી છે.

## શબ્દોની સંતાકૂકડી 112

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | ■ | 2 | | ■ | 3 |
| | ■ | 4 | | ■ | 5 | |
| ■ | 6 | | ■ | 7 | | ■ |
| 8 | | ■ | 9 | | ■ | 10 |
| | ■ | 11 | | ■ | 12 | |
| ■ | 13 | | ■ | 14 | | ■ |
| 15 | | ■ | 16 | | ■ | 17 |

**ઊભી ચાવી**

(1) એક રંગ [2]
(2) પપ્પાની મમ્મી [2]
(3) મમ્મીના પપ્પા [2]
(4) શા માટે [2]
(5) કચરો, ગંદકી [2]
(6) પ્રેમ, સ્નેહ [2]
(7) વર્તુળ [2]
(8) કેશ [2]
(9) કતલ, હત્યા, ખૂન [2]
(10) બે વત્તા બે એટલે [2]
(11) વિશ્વાસઘાત કરવો, .... આપવો [2]
(12) ગરમી [2]
(13) શરીરમાં કોઈ અને કોઈ અંગની ખામી [2]
(14) ઊનમાંથી બનતી એક વસ્તુ [2]

**આડી ચાવી**

(1) શરીરનું એક અંગ [2]
(2) ડોનેશન, અનુદાન [2]
(4) ગુનો કરી જેલમાં રાખેલ વ્યક્તિ કહેવાય [2]
(5) એક પંખી [2]
(6) સોનું, કંચન [2]
(7) ફૂટબોલમાં આનું મહત્ત્વ વધારે [2]
(8) કથની, કથા, કહાણી [2]
(9) એક ઉપર એક આંટા ચડાવવા [2]
(11) ઊંચેથી વેગપૂર્વક પડતો પાણીનો પ્રવાહ [2]
(12) ટેલિગ્રામનું ગુજરાતી [2]
(13) એક રમત [2]
(14) બદદુવા [2]
(15) અન્ય પશુ ખેતરમાં ન આવે તેથી ખેતરની ફરતે બંધાય [2]
(16) આનંદ, મોજ [2]
(17) હ્રસ્વ એટલે કઈ માત્રા [1]

**શબ્દોની સંતાકૂકડી-112નો ઉકેલ**

[illegible]

## સુડોકુ કોયડો નં. 113

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | 5 | 6 | 7 | | | | |
| 4 | | | 8 | 2 | 9 | 5 | | |
| | 8 | | | | 3 | | 6 | |
| | 2 | | | | 5 | 8 | | 7 |
| 8 | | | 2 | | 6 | | | 5 |
| 3 | | 1 | 7 | | | | 2 | |
| | 4 | | 9 | | | | 7 | |
| | | 2 | 4 | 8 | 7 | | | 6 |
| | | | | 5 | 2 | 4 | 9 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-113નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 5 | 6 | 7 | 4 | 9 | 8 | 2 |
| 4 | 7 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 3 |
| 2 | 8 | 9 | 5 | 1 | 3 | 7 | 6 | 4 |
| 6 | 2 | 4 | 1 | 9 | 5 | 8 | 3 | 7 |
| 8 | 9 | 7 | 2 | 3 | 6 | 1 | 4 | 5 |
| 3 | 5 | 1 | 7 | 4 | 8 | 6 | 2 | 9 |
| 5 | 4 | 3 | 9 | 6 | 1 | 2 | 7 | 8 |
| 9 | 1 | 2 | 4 | 8 | 7 | 3 | 5 | 6 |
| 7 | 6 | 8 | 3 | 5 | 2 | 4 | 9 | 1 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## રૂપાલા-ધાનાણી હવે આરામની પળોમાં, શું થશે???

# રાજકોટવાસીઓ માટે મહત્વની તારીખ એટલે 4 જૂન- પરિણામ

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કાનું શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થયું છે. રાજકોટ સંસદીય મત વિસ્તારમાં પણ કાળઝાળ ગરમી વચ્ચે સવારે ધીંગુ મતદાન થયા બાદ બપોર પછી મતદાનમાં ટાઢોડૂ જોવા મળ્યું હતું. રાજકોટ લોકસભાની બેઠક માટે ભાજપના મંત્રી પરસોત્તમ રૂપાલા અને કોંગ્રેસનાં પરેશ ધાનાણી વચ્ચે કસોકસની લડાઈ સર્જાઈ છે ત્યારે વહેલી સવારે રાજકોટના તમામ ઝોનલ રૂટ ઉપરથી 7829 ઈવીએમ, વીવીપેટ કણકોટ ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે બનાવવામાં આવેલ સ્ટ્રોંગરૂમમાં લવાયા હતાં અને અધિકારીઓ ઉમેદવારોની હાજરીમાં પ્રાંત વાઈઝ અલગ અલગ સ્ટ્રોંગ રૂમમાં મત પેટીઓ રાખી સીલ મારી દેવામાં આવ્યું હતું અને હવે 4 જૂને આ સીલ ખોલવામાં આવશે અને મતગણતરી શરૂ કરાશે.

ભાજપ કોંગ્રસના ઉમેદવાર હવે 4 જૂન ની રાહ જોશે અને ત્યાં સુધી આરામ કરશે અથવા સંગઠનનું કામ પણ કરી શેકે અલબત હવે પછી ના તબક્કમાં એવા કોઈ મત વિસ્તારો વધારે નથી કે જ્યાં ગુજરાતી સમુદાય વધારે પ્રમાણમાં રહેતો હોય . ઉમેદવારો ની સાથે સાથે સમગ્ર રાજકોટ વાસીઓ પણ 4 જૂનની રાહ જોશે કે લોકસભામાં તેમનું પ્રતિનિધિત્વ કરવાની તક કોને મળે છે.



લોકસભાની ચૂંટણીમાં આ વખતે રાજકોટની બેઠક હોટ ફેરવરીટ બની ગઈ હતી. ક્ષત્રિય સમાજના આંદોલનને કારણે ભાજપના ઉમેદવાર સામે ભારે વિરોધ જોવા મળ્યો હતો. જેની અસર મતદાન ઉપર પણ જોવા મળી હતી. રાજકોટ સંસદીય મત વિસ્તારમાં 59.60 ટકા મતદાન થયું હતું. જે ગત લોકસભાની ચૂંટણી કરતાં 3 થી 4 ટકા ઓછું છે.

શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાજકોટ સંસદીય મત વિસ્તારનાં 238 ઝોનલ રૂટમાંથી ઈવીએમ વીવીપેટ અને કંટ્રોલ યુનિટ પ્રાંત કચેરીએ લઈ આવવામાં આવ્યા હતાં અને ત્યાંથી આ તમામ ઈવીએમ વીવીપેટ અને કંટ્રોલ યુનિટ મોડીરાત્રે કાલાવડ રોડ પર આવેલ કણકોટ ખાતે ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજમાં લઈ જવામાં આવ્યા હતાં જ્યાં અલગ અલગ રૂમમાં સ્ટ્રોંગરૂમ તૈયાર કરાયા હોય. રાજકોટ સંસદમાં આવતી સાત વિધાનસભા બેઠક વાઈઝ અલગ અલગ સ્ટોંગરૂમમાં મત પેટીઓ રાખી અધિકારીઓ અને ઉમેદવારોની હાજરીમાં સ્ટોંગરૂમને સીલ મારી દેવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર પ્રભવ જોષી, ચૂંટણી અધિકારી એન.કે.મુછાર સહિતના સ્ટાફે સ્ટોંગરૂમ ખાતે 82 અધિકારીઓ અને પોલીસના જવાનો તેમજ અર્ધલશ્કરી દળનો ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દીધો છે એટલુ જ નહીં પરંતુ કણકોટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે સીસીટીવી ગોઠવી દેવામાં આવ્યા છે અને કોઈપણ અધિકારી કે કર્મચારી સ્ટ્રોંગની રૂમની મુલાકાત લે તો તેના નામ, નંબર, ગાડી નંબર સહિતની માહિતીનું રજીસ્ટર રાખવા આદેશ આપવામાં આવ્યો છે.

રાજકોટ લોકસભા બેઠકનું શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે ત્યારે હવે 4જૂને પરિણામનો પટારો ખુલશે. કણકોટ ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે મતગણતરી કેન્દ્ર ઉભુ કરવામાં આવ્યું છે. 4 જૂને સવારે 8 વાગ્યે સૌ પ્રથમ બેલેટ પેપરની મતગણતરી થશે અને ત્યારબાદ ઈવીએમમાં પડેલા મતોની ગણતરી કરવામાં આવશે. બપોર સુધીમાં પરિણામ જાહેર થાય તેવા વહીવટી તંત્રએ નિર્દેશો આપ્યા છે.

# દમણમાં ભાજપ નેતા વિકી કાશીની કરપીણ હત્યા

ગુજરાત | વંદન


સંઘપ્રદેશ દમણમાં વધુ એક ભાજપ નેતાની હત્યા થઈ છે. 2020માં ભાજપ નેતા સલીમ મેમણની જાહેરમાં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી, તો હવે ઘરમાં ઘુસી ભાજપ નેતા વિકી કાશીની હત્યા કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ દમણ ભાજપ ઉપ પ્રમુખ વિકી કાશી પોતાના ઘરે હતો ત્યારે એક બુકાનીધારી શખ્સ હાથમાં ધારદાર હથિયાર લઈને અચાનક ઘરમાં ઘુસી ગયો હતો અને વિકી કાશીના ગળાના ભાગે અને છાતીના ભાગે ઘા મારી ફરાર થઈ ગયો હતો. વિકી કાશીની હત્યા બાદ દમણમાં ચકચાર મચી ગઈ છે. પોલીએ આ અંગે હત્યાનો ગુનો નોંધી હત્યારાને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે. દમણમાં માર્ચ 2020માં ભાજપ નેતા સલીમ મેમણ જાહેરમાં ગોળી



મારી હત્યા કરવામાં આવી હતી. દમણ નગરપાલિકાના ભાજપના સભ્ય સલીમ મેમણ ખારીવાડ ખાતે આવેલા રોયલ સુઝુકીના શો-રૂમ પર બેઠા હતા. તે સમયે અચાનક ત્રણ બાઈક પર છ ઈસમો શો-રૂમ પર આવ્યા હતા અને સલીમ મેમણ પર ધડાધડ ફાયરિંગ કર્યું હતું, જેમાં સલીમ મેમણનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

# દિલ્હી-રાજસ્થાનમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ, અનેક ફ્લાઈટ ડાયવર્ટ




ગુજરાત | વંદન

દિલ્હી એનસીઆરમાં આકરી ગરમી વચ્ચે શુક્રવારની મોડી રાત્રે ધૂળની ડમરીઓ સાથે હળવો વરસાદ થયો હતો. આ દરમિયાન વૃક્ષો પડવાથી બે લોકોના મોત થયા હતા. જોરદાર વાવાઝોડાને કારણે ઘણી ઈમારતોને પણ નુકસાન થયું છે. વાવાઝોડાને કારણે વિવિધ અકસ્માતોમાં કુલ 23 લોકો ઘાયલ થયા છે. પવનની ઝડપ 50 થી 70 કિમી પ્રતિ કલાકની વચ્ચે નોંધાઈ હતી.

દિલ્હી એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું કે ખરાબ હવામાનને કારણે 9 ફ્લાઈટને જયપુર ડાયવર્ટ કરવામાં આવી છે. રસ્તાઓ પર વૃક્ષો પડવાને કારણે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક પણ પ્રભાવિત થયો છે. પોલીસે જણાવ્યું કે તેમને વૃક્ષો પડવા સંબંધિત 152, ઈમારતોને નુકસાન સંબંધિત 55 અને પાવર કટ સંબંધિત 202 કોલ મળ્યા છે. તોફાન અને વરસાદ બાદ દિલ્હી NCRમાં વધતા તાપમાનથી લોકોને રાહત મળી છે. શનિવારે સવારથી વાતાવરણમાં આહ્લાદક બની જવા પામ્યું હતું. કેટલાક સ્થળોએ હળવા ઝરમર ઝરમર વરસાદ ચાલુ છે.

## સુરતના કાપડ માર્કેટના 10 વેપારી સાથે 1.45 કરોડની છેતરપિંડી


ગુજરાત | વંદન




રિંગરોડ પર 10 વેપારીને ગ્રે-કાપડનો માલ ઉધાર આપવામાં 1.45 કરોડ ગુમાવતા વિવર્સ બીપીન ગોરધનભાઈ ગાબાણીએ ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ આપી છે. પોલીસે વેપારી રાજેશ શ્રીરામગોપાલ શર્મા, કિશનલાલ ચાંડક, દિનેશ બાધા મકવાણા, સંજીવ સતીષચંદ્ર શર્મા, રાજન, નટુ દાના કામલીયા, બ્રીજેશ, સોમતારામ ધર્મરામ માલી, જીગર સત્યેન્દ્ર સોની, મમતાદેવી, કૌશિક અને દલાલ સાહિલ સામે ગુનો નોંધ્યો છે.

# ગુજરાતમાં ઓછા મતદાનથી રાજકીય સમીકરણો બદલાશે

**સરેરાશ 59.51%% મતદાન, 2019માં 64.51% : 5% ઓછા મત પડ્યા**




ગુજરાત | વંદન

ગુજરાતમાં લોકસભાની 25 બેઠકો પર યોજાયેલું ચૂંટણી મતદાન સરેરાશ 59.49 ટકા થયું છે. જે 2019ની તુલનાએ 5 ટકા જેટલું નોંધપાત્ર પ્રમાણમાં ઓછું રહેતા રાજકીય પક્ષો અને વિશ્લેષકો સ્તબ્ધ બન્યા છે. ઓછા મતદાનથી કોને લાભ અને કોને નુકસાન ? તે વિશેની અટકળો જોર પકડવા લાગી છે. ભાજપ તમામ બેઠકો જીતવાની હેટ્રીક કરશે કે કોંગ્રેસ ગાબડુ પાડશે તે વિશે પણ તર્ક-વિતર્કો વ્યકત થવા લાગ્યા છે.

ગુજરાતની 25 બેઠકોનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. ચૂંટણી પંચ દ્વારા મોડી રાત્રે મતદાનનો આંકડાકીય રીપોર્ટ જારી કરવામાં આવ્યો હતો જે મુજબ રાજયમાં 59.51% ટકા મતદાન નોંધાયુ છે. રાજયમાં સૌથી વધુ 72.24 ટકા મતદાન વલસાડની બેઠક પર નોંધાયુ છે જયારે ઓછું સૌરાષ્ટ્રની અમરેલી બેઠકમાં થયું છે. જયાં આંકડો 20 ટકાને પણ આંબી શકયો નથી. ઓછા મતદાન પાછળ અનેકવિધ કારણોને જવાબદાર ગણવામાં આવી રહ્યા છે તેમાંથી સૌથી મોટુ કારણ પ્રચંડ ગરમી અને હિટવેવનું હોવાનું માની શકાય છે. રાજયના મોટા ભાગના વિસ્તારોમાં મંગળવારે મતદાનના દિવસે સૂર્યકોપ વરસ્યો હતો. રાજકોટ, અમદાવાદ સહિત મોટા ભાગના શહેરોમાં તાપમાન 41 થી 43 ડિગ્રીની રેન્જમાં રહ્યું હતું.

અમદાવાદમાં તો પારો 43 ડિગ્રીને પણ વટાવી ગયો હતો. આકરી ગરમીએ મતદાન પર મોટી અસર કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

રસપ્રદ વાત એ છે કે રાજકીય પક્ષો અને ચૂંટણી પંચના ભરચક પ્રયાસોના પગલે સવારથી જ મતદારો મતદાન માટે પહોંચી ગયા હતા. સવારે 7 થી બપોરે 1 વાગ્યા સુધીમાં 37 ટકા જેવું મતદાન થઈ ગયું હતું પરંતુ ત્યારપછીની કલાકોમાં 21 ટકા જ નોંધાયું હતું.

આ સિવાય ક્ષત્રિય આંદોલન જેવા અન્ય કારણો પણ ઓછા મતદાન માટે જવાબદાર રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે અંતિમ આંકડામાં હજુ સામાન્ય ફેરફાર થઈ શકે છે. આદિવાસી વસ્તીનું મોટુ પ્રમાણ ધરાવતા વલસાડ, ભરૂચ, બારડોલી, છોટા ઉદેપુર અને બનાસકાંઠામાં મતદાનમાં જોરદાર ઉત્સાહ માલુમ પડયો હતો અને સારા એવા પ્રમાણમાં મતદાન નોંધાયુ હતું. જોકે આ વિસ્તારોમાં પણ 2019ની સરખામણીએ પ્રમાણમાં મતદાન ઓછું જ રહ્યું છે. ખાસ કરીને સવારના ભાગોમાં મતદાનનો ઉત્સાહ ઘણો વધુ હતો અને મતદાન મથકોએ મતદારોની લાઈનો લાગી હતી.

રાજયમાં વલસાડમાં સૌથી વધુ 72.24 ટકા મતદાન નોંધાયું હતું ત્યાં 2019માં 75.48 ટકા મતદાન હતું. રાજયના લગભગ તમામ મતક્ષેત્રોમાં મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે. સૌથી ઓછું મતદાન અમરેલીમાં 49.22 ટકા રહ્યું હતું. જયાં 2019માં 55.97 ટકા મતદાન નોંધાયુ હતું.રાજયના એક માત્ર સંસદીય ક્ષેત્રમાં 2019 કરતા વધુ મતદાન નોંધાયું હતું. બનાસકાંઠામાં 2019માં 65.03 ટકા મતદાન હતું જે આ વર્ષે વધીને 68.44 ટકા નોંધાયું છે.

# નાના વરાછામાં ઈ-બાઈકના શોરુમમાં ભીષણ આગ લાગી



**આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ**

ગુજરાત | વંદન

રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે ફરી એક વાર સુરતમાં આગ લાગવાની ઘટના બની છે. સુરતના નાના વરાછા વિસ્તારમાં આવેલા ઈ-બાઈકના શોરૂમમાંવિકરાળ લાગી છે. આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવ્યો છે.

બીજી તરફ રાજકોટમાં પાલિકાના ફાયર ફાઈટરોની ઘોર બેદરકારી સામી આવી છે. રાજકોટના જેતપુરના જૂનાગઢ રોડ પર ગેરેજમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ બુઝાવવા આવેલ ફાયર ફાઈટરની સિસ્ટમ જ ચાલુ ન થઈ. બીજુ ફાયર ફાઈટર આવતા તેનું પાણી પણ થોડી મિનિટોમાં ખાલી થઈ ગયુ હતુ.

## બૂથ કેપ્ચરિંગની ઘટના બાદ પરથમપુર બુથમાં ફેર મતદાન

ગુજરાત | વંદન

મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુરમાં બૂથ કેપ્ચરિંગની ઘટના બાદ આજે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ફેરમતદાન ચાલી રહ્યું છે. ઓબ્ઝર્વર, જિલ્લા કલેકટર અને એ.એસ.પી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તો કોંગ્રેસના ઉમેદવાર પ્રભા તાવિયાડ પણ બૂથ પર હાજર રહ્યા છે. આ બૂથ પરના 1224 જેટલા મતદારો ફરી મત આપશે. બુથ કેપ્ચરિંગની ઘટનાને કારણે ચૂંટણી પંચે ફરી મતદાનનો નિર્ણય લીધો છે.

સાતમી તારીખે 25 લોકસભા બેઠકો પર શાંતિપૂર્વક મતદાન થયું પરંતુ મહિસાગરમાં બૂથ કેપ્ચરિંગની ઘટના બની હતી. દાહોદ લોકસભા બેઠક હેઠળના સંતરામપુરમાં પરથમપુર ગામે ભાજપ નેતાના પુત્રનો વીડિયો વાયરલ થયો હતો.

# મધ્ય ગુજરાતથી હરિદ્વારની સમર સ્પેશિયલ ટ્રેનનું આયોજન

**મહેસાણા, પાલનપુર, આબુરોડથી થશે પસાર**

ગુજરાત | વંદન

મુસાફરોની માગ અને સુવિધાને અને બાળકોના વેકેશનને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ સાબરમતી અને હરિદ્વાર વચ્ચે ખાસ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર-09425 સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ સાબરમતીથી 14,17,20 અને 23 મે 2024ના રોજ 18.45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 19.00 કલાકે હરિદ્વાર પહોંચશે. જનરલ ટિકિટ અંદાજે 275 રુપિયા છે. રેલવે સાઈટ અપડેટ થાય તો ટિકિટના દરમાં વધારો ઘટાડો થઈ શકે છે.

એ જ રીતે ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ હરિદ્વારથી 15,18,21 અને 24 મે 2024ના રોજ 21:45 કલાકે



ઉપડશે અને બીજા દિવસે 21:30 કલાકે સાબરમતી પહોંચશે.રૂટ પર બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, જવાઈ ડેમ, ફાલના, રાની, મારવાડ, અજમેર, કિશનગઢ, ફુલેરા, રિંગાસ, નીમ કા થાણા, નારનૌલ, રેવાડી, ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હીથી પસાર થાય છે. ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને રૂરકી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.ટ્રેન નંબર 09425નું બુકિંગ 11 મે 2024થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેન આખા રુટ દરમિયાન 22 જેટલા સ્ટેશનો પરથી પસાર થાય છે.

અનુસંધાન પેજ 01 પરથી...

## કપૂત પાક્યો :

આરોપીએ તેના ત્રણ બાળકોને છત પરથી ફેંકી દીધા જેના કારણે તેઓનું પણ મોત થયું. પરિવારના પાંચ સભ્યોની હત્યા કર્યા બાદ આરોપીએ પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. સ્થાનિક ચર્ચા મુજબ આરોપી ડ્રગ એડિક્ટ હતો અને માનસિક રીતે અસ્વસ્થ હતો. મધર્સ ડેના આગલા દિવસે જ આ પ્રકારની ઘટના બનતા લોકો કળયુગી પુત્ર સામે ફિટકાર વરસાવી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના સીતાપુરના મથુરા પોલીસ સ્ટેશન વિસ્તારના પલ્હાપુર ગામમાં બનેલી એક ઘટનાએ હાલ ચકચાર જગાવી છે. પલ્હાપુરમાં ગત રાત્રે ખેડૂત વિરેન્દ્ર સિંહના પુત્ર અનુરાગ સિંહે આ હત્યાને અંજામ આપ્યો હતો. માનસિક રીતે અસ્વસ્થ અનુરાગ સિંહ, માતા સાવિત્રી દેવી (62), પત્ની વીરેન્દ્ર સિંહ, પત્ની પ્રિયંકા સિંહ (40), પુત્રી આશ્વી (12), પુત્ર અનુરાગ અને પુત્રી અર્ના (08)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આદવિક (04)નું ટ્રોમા સેન્ટરમાં સારવાર દરમિયાન મોત થયું હતું. ઘટનાને અંજામ આપ્યા બાદ અનુરાગ સિંહ (45) એ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી.

આ તરફ સ્થાનિકોને વહેલી સવારે આ ઘટનાની માહિતી મળતાં જ સમગ્ર ગામમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. આ ઘટના અંગે SSP સીતાપુર ચક્રેશ મિશ્રાએ જણાવ્યું કે, આજે મથુરામાં રામપુર પોલીસને માહિતી મળી હતી કે, અનુરાગ સિંહ (ઉંમર- 45 વર્ષ) નામના એક માનસિક રીતે બીમાર વ્યક્તિએ કથિત રીતે પોતાની જાતને ગોળી મારી દીધી હતી. પોલીસ અને FSLની ટીમ તપાસ કરી રહી છે. દરેક પાસા પર કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે.

## 'નવીન મુખ્યમંત્રી

કહો છો કે ઓડિશામાં ભાજપની લહેર છે અને પરિવર્તનની લહેર છે. પરંતુ હું ભારપૂર્વક કહું છું કે જો મુખ્ય જો મંત્રી નવીવ પટનાયક ફરીથી સીએમ નહીં બને તો હું રાજકારણમાંથી નિવૃત્ત થઈશ.પાંડિયને દાવો કર્યો હતો કે ભાજપ તેમને પટનાયકના ચમચા કહે છે. તેમણે કહ્યું, "પરંતુ તમે (ધર્મેન્દ્ર પ્રધાન) કેન્દ્રીય મંત્રી છો.

જો તમારામાં હિંમત હોય તો જાહેરાત કરો કે જો ઓડિશામાં ભાજપ સત્તામાં નહીં આવે તો તમે રાજકારણમાંથી પણ સંન્યાસ લઈ લેશો."બીજેડી નેતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે ધર્મેન્દ્ર પ્રધાને ઓડિશાના લોકો માટે શું કર્યું છે. પાંડિયને દાવો કર્યો કે બીજેપી નેતાએ 10 વર્ષ સુધી ઢેંકનાલથી ચૂંટણી લડવાનો પ્રયાસ કર્યો અને અંતે સંબલપુર ગયા.

## રેવન્ના સેક્સ સ્કેન્ડલ

છેડતી કરી હતી. 2023માં ગૌડાએ પ્રજ્વલના પિતા એચ.ડી. રેવન્ના સામે હોલેનારસીપુરથી વિધાનસભાની ચૂંટણી લડી હતી. જ્યારે ગૌડાનું કહેવું છે કે પ્રજ્વલના વીડિયો તેમણે નહીં પરંતુ કોંગ્રેસે લીક કર્યા છે. ગૌડાએ કહ્યું કે તેમણે અગાઉ પણ ભાજપ નેતૃત્વને ચેતવણી આપી હતી કે પ્રજ્વલને હાસન લોકસભા બેઠક પરથી ટિકિટ ન આપવી જોઈએ. જોકે, જેડીએસ અને ભાજપ વચ્ચે ગઠબંધન થયા બાદ માત્ર પ્રજ્વલને જ ચૂંટણીમાં ઉતારવામાં આવ્યા હતા.

## જમૈકાની ડંકી ફ્લાઈટ

ગામના લોકો મકાન બતાવે છે પણ નામ આપતા નથી. શંકરપુરાના એક દંપતી સહિત કુલ પાંચ લોકો જમૈકાથી ડિપોર્ટ થયા છે. આ ફ્લાઈટ પણ એક ડંકી ફ્લાઈટની જેમ હોવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે જાણવા મળ્યું છે.

આ ફ્લાઈટમાં રહેલા શંકરપુરાના પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિને જમૈકાથી ડિપોર્ટ કરીને દુબઈ મોકલી દેવામાં આવી છે, પરંતુ તેઓ હજી પણ ભારત આવ્યા નથી. માત્ર એટલું જ નહીં અગાઉ કબૂતરબાજીમાં સામેલ કિરણ સાલ્વીનો ભાગીદાર આ પાંચ લોકોને અહીંથી અમેરિકા મોકલવામાં સંડોવાયેલો હોવાની વાત સામે આવી છે. આ એજન્ટ પણ જ્યારથી ફ્લાઈટની વિગતો સામે આવી ત્યારથી ગાયબ થઈ ગયો છે. હવે ગામમાં બધાને ખબર છે. પરંતુ પોલીસ આવે છે અને વિગત લઈને જતી રહે છે. હાલ મહેસાણા પોલીસના સતત ગામમાં આંટાફેરા જોવા મળી રહ્યા છે. તેમજ કેટલાક લોકોએ પોલીસને માહિતી પણ આપી દીધી છે.

અનુસંધાન પેજ 04 પરથી...

## કોંગ્રેસમાં..

* AAP સાંસદ સંજય સિંહને પણ આ અંગે કોંગ્રેસના બચાવમાં કહેવુ પડ્યું કે, "જ્યાં સુધી સામ પિત્રોડાની ટિપ્પણીનો સવાલ છે, ભારતીય ગઠબંધનનો કોઈ નેતા તેનું સમર્થન કરતો નથી."

અગાઉ, પિત્રોડાએ યુ.એસ.માં પ્રચલિત વારસાગત કરની વિભાવના વિશે બોલતા વિવાદને સહન કર્યું હતું અને કહ્યું હતું કે આ જારી કરવામાં આવ્યા છે જેના પર ચર્ચા કરવાની જરૂર છે.

તેમની ટિપ્પણીઓ પર વિવાદ થયા પછી, પિત્રોડાએ આ મુદ્દાને ઘટાડવાનો પ્રયાસ કર્યો, અને કહ્યું કે તેમણે માત્ર યુ.એસ.માં વારસાગત કરને ઉદાહરણ તરીકે ટાંક્યો છે.

નોંધનીય છે કે કોંગ્રેસના મહિલા પ્રવકતા સુપ્રિયા શ્રીનેતે પણ ભાજપે મંડી બેઠક પરથી કંગના રનૌતની પસંદગી કરી ત્યારે એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે આજ મંડી મેં ક્યા ભાવ હૈ....!તેમણે કંગનાના ચારિત્ર્ય પર કિચડ ઉછાળવાનો પ્રયાસ કર્યો હતો. જો કે કોંગ્રેસ તેની સજારૂપે તેને ચૂંટણીમાં ટિકિટ જ ન આપી..

# ચૂંટણીઓ બાદ પ્રથમ દિવસે 7 કચેરીમાં 282 દસ્તાવેજ રજિસ્ટર, 1.33 કરોડની આવક

ગુજરાત | વંદન

મુન્દ્રા સબ રજિસ્ટ્રાર કચેરીને બાદ કરતાં જિલ્લા અન્ય 8 સબ રજિસ્ટ્રાર કચેરીઓનો સ્ટાફ લોકસભા ચૂંટણીમાં રોકાયેલો હોઈ આ કચેરીઓમાં તા.6થી 8 મે સુધી રજા હતી. તા.09-05ના 8માંથી 7 કચેરીઓમાં કામગીરીનો ધમધમાટ શરૂ થવાની સાથે એક જ દિવસમાં 282 લેખ નોંધણી થયા હતા અને સરકારને 1.33 કરોડની આવક થઈ હતી.સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ લોકસભાની સામાન્ય ચૂંટણીને લઈને તા.07-05ના સરકાર દ્વારા તમામ સરકારી કચેરીઓમાં રજા જાહેર કરાઈ હતી. જો કે, જિલ્લાની 10માંથી ભુજ અને મુન્દ્રાની સબ રજિસ્ટ્રાર કચેરીને બાદ કરતાં અન્ય 8 કચેરીઓના કર્મચારીઓ મતદાનની કામગીરીમાં રોકાયેલા હોવાથી આ કચેરીઓ તા.06-05 અને તા.08-05 બંધ રહી હતી અને મતદાનના દિવસે જાહેર રજા હોઈ સળંગ 3 દિવસ સુધી બંધ રહી હતી. ત્રણ દિવસ બાદ તા.09-05ના 8 પૈકી 7 કચેરીઓમાં અંજારમાં 63, ગાંધીધામ 46, રાપર 35, માંડવી 33, ભચાઉ 29, નખત્રાણા 19 અને લખપત 6 મળી કુલ 282 દસ્તાવેજ રજિસ્ટર થયા હતા. આ દસ્તાવેજો પૈકી તંત્રને નોંધણી ફી પેટે રૂ.16,48,540, સ્ટેમ્પ ડ્યૂટી પેટે રૂ.1,16,95,316 મળી કુલ રૂ.1,33,41,448ની આવક થઈ હતી..09-05ના નલિયાને બાદ કરતાં જિલ્લાની 9 સબ રજિસ્ટ્રાર કચેરીમાં 364 દસ્તાવેજ રજિસ્ટર થયા હતા. આ લેખની નોંધણી ફી પેટે રૂ.24,70,030, સ્ટેમ્પ ડ્યૂટી પેટે રૂ.1,67,95,316 મળી કુલ રૂ.1,92,65,346ની આવક થઈ હતી. જેમાં ભુજ અને મુન્દ્રાની સબ રજિસ્ટ્રાર કચેરીમાં 82 દસ્તાવેજ નોંધણી થયા હતા અને નોંધણી પેટે રૂ.8,21,490, સ્ટેમ્પ ડ્યૂટી પેટે રૂ.51,02,408 મળી કુલ રૂ.59,23,898ની આવક થઈ હતી.ચૂંટણીને લઈને ભુજ અને મુન્દ્રા સિવાયની 8 કચેરીઓમાં સળંગ 3 દિવસ સુધી બંધ રહ્યા બાદ તા.09-05-2024, ગુરૂવારના એક દિવસ માટે ખુલ્યા બાદ તમામ કચેરીઓ ફરી 3 દિવસ બંધ રહેશે. તા.10-05, શુક્રવારના પરશુરામ જયંતીની જાહેર રજા, તા.11-05ના બીજા શનિવારની રજા અને તા.12-05, રવિવારની રજા હોઈ સપ્તાહ દરમ્યાન જિલ્લાની 10માંથી 8 સબ રજિસ્ટ્રાર કચેરીઓ માત્ર 1 દિવસ ખુલ્લી રહી હતી. સોમવારે દસ્તાવેજ નોંધણી માટે જિલ્લાની તમામ સબ રજિસ્ટ્રાર કચેરી અને ધસારો રહે તેવી શક્યતા સેવાઈ રહી છે.

# ભચાઉના ચોપડવા ઓવરબ્રિજ ઉપર ટ્રક વચ્ચે ટક્કર

ગુજરાત | વંદન

ગાંધીધામ સાંમખીયાળી વચ્ચેના છ માર્ગીય ધોરીમાર્ગ પરના ભચાઉ તાલુકાના ચોપડવા ઓવરબ્રિજ ઉપર આજે શનિવારે સવારે વાહન અકસ્માતની ઘટના સર્જાઈ હતી. જેમાં આગળ ઉભેલી ટ્રક પાછળ પુરપાટ જતા કન્ટેનર ટ્રેલર ટકરાઈ પડતા માર્ગ ઉપર પલટી મારી ગયું હતું. જેના કારણે માર્ગ બ્લોક થઈ જતા ગાંધીધામ તરફ જતા માર્ગે વાહન વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો છે. માર્ગ ઉપર અંદાજીત 4 થી 5 કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાયો છે.જોકે ટ્રાફિક પૂર્વવત કરવા સાંમખીયાળી ટોલ ટિમ અને ભચાઉ પોલીસ તત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ જહેમત લઈ રહ્યા છે.આ અંગે મળતી પ્રાથમિક માહિતી મુજબ આજે સવારે ચોપડવા બ્રિજ ઉપર ઉભેલી ટ્રક પાછળ ગાંધીધામ બાજુ જતું એક કન્ટેનર ટ્રેલર અથડાઈને પલટી ગયું હતું. જેને લઈ ભચાઉ તરફના માર્ગે 5 કિમી લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. દરમિયાન આ વિશે સામખિયાળી ટોલ પ્લાઝા ના મેનેજર શૈલેષ રામીનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે અકસ્માતના પગલે એક તરફનો રોડ બ્લોક થઈ જતા ટ્રાફિકની સમસ્યા ઉદભવી હતી.

# ભારત જેવા દેશોમાં રોકાણની ખૂબ જ ઉમદા તક રહેલી છે : વોરેન બફેટ

## ■ ઈન્ડિયા ગ્રોથ સ્ટોરી અંતે બર્કશાયર હેથ વે સુધી પહોંચી


ગુજરાત | વંદન

ઈન્ડિયા ગ્રોથ સ્ટોરી અંતે બર્કશાયર હેથ વે સુધી પહોંચી ગઈ છે. બર્કશારય હાથવેની વાર્ષિક જનરલ મીટિંગ (AGM)માં સૌપ્રથમવાર ભારતમાં રોકાણનો મુદ્દો ચર્ચાયો હતો. અમેરિકા સ્થિત હેજ ફંડ દૂરદર્શી એડવાઈઝર્સના રાજીવ અગ્રવાલે મીટિંગમાં સવાલ કર્યો હતો. આ હેજ ફંડ ભારતીય ઈક્વિટીમાં પણ રોકાણ કરે છે.

રાજીવ અગ્રવાલે સવાલ કર્યો હતો કે 'ભારતીય ઈક્વિટી માર્કેટ છેલ્લાં 5,10,20 વર્ષમાં ખૂબ સારું રહ્યું છે. ભારત વિશ્વનું પાંચમા ક્રમનું સૌથી મોટુ અર્થતંત્ર છે અને આગામી કેટલાક વર્ષોમાં ત્રીજા ક્રમ પર આવી જશે. મારો સવાલ એ છે કે બર્કશાયર ભારતીય ઈક્વિટી માર્કેટમાં એક્ટિવિટી (રોકાણ) અંગે વિચારી રહ્યું છે કે કેમ અને કંઈક નક્કર ખરીદી કરશો કે કેમ?'

વોરેન બફેટે તેના જવાબમાં કહ્યું કે 'આ ખૂબ સારો સવાલ છે. મને ખાતરી છે કે ભારત જેવા દેશોમાં ખૂબ જ તક છે. પણ સવાલ એ છે કે બર્કશાયરને ભારતમાં રોકાણનો કોઈ લાભ છે કે કેમ અને ત્યાંના બિઝનેસ વિશેની ઊંડી જાણકારી છે કે કેમ અને ત્યાં કોઈ સંપર્ક છે કે કેમ જે ટ્રાન્ઝેક્શન્સ શક્ય બનાવે. બર્કશાયર ખાતે વધુ ઉર્જાવાન મેનેજમેન્ટ કદાચ તે કરી શકે.' તેમનો ઈશારો તેમના અનુગામી જાહેર થાય તેના તરફ હતો. મતલબ કે બર્કશાયરના નવા વડા આ અંગે નિર્ણય કરી શકે.

બફેટે કહ્યું હતું કે બર્કશાયર સમગ્ર વિશ્વમાં ખૂબ જ સારી પ્રતિષ્ઠા ધરાવે છે જે તેને આ કામમાં મદદરૂપ થઈ શકે છે. તેમણે કહ્યું કે જાપાનમાં રોકાણનો અનુભવ ખૂબ સારો રહ્યો છે. ગયા વર્ષે બર્કશાયરે જાપાનમાં



પાંચ ટ્રેડિંગ હાઉસ ખરીદ્યા કારણ કે તેના મતે જાપાનીઝ કંપનીઓ ખાસ્સી અન્ડરવેલ્યૂડ હતી અને સારો એવો કેશ ફ્લો જનરેટ કરતી હતી. તે સિવાય બર્કશાયર અત્યાર સુધી મોટાભાગે માત્ર અમેરિકામાં જ રોકાણ કરતું હતું. અન્ય અપવાદરૂપ ઘટનાક્રમમાં તેણે ચીનની ઈલેક્ટ્રિક વ્હીકલ ઉત્પાદક બીવાયડીને ખરીદી તે છે.

ભારત વિશે આગળ વાત કરતા બફેટે ઉમેર્યું કે 'ત્યાં અત્યાર સુધી ધ્યાનમાં ન આવી હોય તેવી કે ધ્યાન ન અપાયું હોય તેવી તક હોઈ શકે છે, પરંતુ તે વિશે ભવિષ્યમાં કંઈક થઈ શકે. તક તો છે.'બફેટે બર્કશાયરનું જે અસમંજસ છે તે અંગે પૂનરોચ્ચાર કરતા કહ્યું કે 'સવાલ એ છે કે બર્કશાયરને આવી ધ્યાનમાં ન આવેલી તક શોધવાનો ફાયદો મળે તેમ છે કેકેમ, ખાસ કરીને જે લોકો અન્ય લોકોના નાણાંનું સંચાલન કરે છે (ફંડ મેનેજર્સ) તેમના કરતાં વધારે લાભ છે કારણ કે ફંડ મેનેજર્સને તો એસેટ્સને આધારે રકમ ચૂકવવામાં આવે છે. (રોકાણની) આ ગેમમાં ઘણાં બધા લોકો છે જેઓ બિઝનેસ ખરીદી રહ્યા છે અને બિઝનેસ ચલાવી રહ્યા છે, અને તેઓ ગમે તે ભોગે ધનવાન બનશે કારણ કે ફંડ મેનેજર્સને તેઓ કેટલું ખરીદે છે તેના આધારે પેમેન્ટ થાય છે, શું ખરીદે છે તેના આધારે નહીં.'

વોરેન બફેટનું બર્કશાયર હાથવે ગ્રુપ 200 અબજ ડોલરની જંગી કેશ ધરાવે છે અને એટલે જ બફેટ કોઈપણ કંપનીમાં મોટો હિસ્સો ખરીદે છે અથવા તો આખી કંપની જ ખરીદી લે છે.

# ઈન્ડિગો એરલાઈન્સે 30 વાઈડબોડી A350 વિમાનોનો ઓર્ડર આપ્યો

## ■ એરબસની પ્રાઈસ લિસ્ટમાં ઓર્ડર બિલ $12 બિલિયન છે

ગુજરાત | વંદન



સ્થાનિક અને બજેટ એરલાઈન ઈન્ડિગો તેના વિસ્તરણની યોજના બનાવી રહી છે. ઈન્ડિગો એરલાઈન્સે 30 વાઈડબોડી A350 એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો છે, જેની પુષ્ટિ એરબસ દ્વારા કરવામાં આવી છે.

એરબસે ઈન્ડિગોના 30 એરબસ A350-900 એરક્રાફ્ટ માટેના ઓર્ડરની પુષ્ટિ કરી હતી, જે 2027 થી ડિલિવર થવાના છે. એરબસના આ કન્ફર્મેશન પછી એ સ્પષ્ટ છે કે ઈન્ડિગોએ ડિલિવરી સ્લોટ માટે અમુક ટોકન મની ચૂકવી છે, તમને જણાવી દઈએ કે એરબસની પ્રાઈસ લિસ્ટમાં ઓર્ડર બિલ $12 બિલિયન છે, પરંતુ એરલાઈન્સે તેના પર ભારે ડિસ્કાઉન્ટનો લાભ લીધો છે. તેમના જથ્થાબંધ ઓર્ડર લેવામાં આવ્યા હશે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી ઈન્ડિગો A320 એરક્રાફ્ટનો ઉપયોગ કરે છે, જોકે 1,000 એરક્રાફ્ટ ઓર્ડર પર છે.

રબસ ખાતે ઈવીપી સેલ્સ કોમર્શિયલ એરક્રાફ્ટ બેનોઈટ ડી સેન્ટે જણાવ્યું હતું કે, "અમને ગર્વ છે કે અમારા ઈંધણ-કાર્યક્ષમ, નેક્સ્ટ જનરેશન A320 પરિવારે ભારતમાં સ્થાનિક હવાઈ મુસાફરીમાં ક્રાંતિ લાવી છે અને હવે A350 લાંબા અંતરની એ જ સફળતા પર નિર્માણ કરશે. માર્ગો પુનરાવર્તન કરવા માટે તૈયાર છે." બહાર આવેલી માહિતી અનુસાર, ઈન્ડિગો એરલાઈન મુસાફરોની સંખ્યાના મામલે વિશ્વની સૌથી મોટી બજેટ એરલાઈન કંપનીઓમાંથી એક છે.

# ગેસ યુનિટ માટે વિદેશી બેંકો પાસેથી લોન લેવા અદાણીનું આયોજન

## ■ 60 કરોડ ડોલર એકત્ર કરવાની યોજના -બ્લૂમબર્ગ

ગુજરાત | વંદન

હાલમાં દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂટણી પ્રચારમાં કોંગ્રસના રાહુલ ગાંધીની સાથે વડાપ્રધાન મોદીએ છેલ્લા દસ વર્ષમાં પહેલીવાર ચુંટણી પ્રચારમાં અંબાણીની સાથે અદાણીનું નામ ઉચ્ચાર્યું હતું દરમિયાનમાં એશિયાના બીજા નંબરના સૌથી અમીર ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની કંપની અદાણી ટોટલ પ્રાઈવેટ લિમિટેડ પોતાના ગેસ યુનિટ માટે 60 કરોડ ડોલર એકત્ર કરવાની યોજના ઘડી રહી છે. બ્લૂમબર્ગે જાણકારી આપતા જણાવ્યું કે, કંપની ફંડ માટે વિદેશી બેંકો સાથે વાતચીત કરી રહી છે.

બ્લૂમબર્ગે સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે અદાણી ટોટલ ધામરા એલએનજી ટર્મિનલ માટે આ રકમ એકત્ર કરવા માંગે છે. લોનનો સમયગાળો ત્રણથી પાંચ વર્ષનો હોઈ



શકે છે, જેની કિંમત સિક્યોર્ડ ઓવરનાઈટ ફાઈનાન્સિંગ રેટ સાથે જોડાયેલી છે.પોર્ટથી પાવર સેક્ટર સુધી વ્યાપાર કરતી કંપની ક્રેડિટ એગ્રીકોલ, ડીબીએસ બેંક લિમિટેડ, બીએનપી પરિબાસ, મિત્સુબિશી ફાઈનાન્સ અને મિઝુહો બેંક લિમિટેડ સાથે વાતચીત કરી રહી છે. આ પ્રક્રિયા આગામી 2 મહિનામાં પૂર્ણ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષની શરૂઆતમાં અમેરિકન શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચનો રિપોર્ટ બહાર આવ્યા બાદ અદાણી ગ્રૂપ રોકાણકારોનો વિશ્વાસ પાછો મેળવી રહ્યું છે.

# હવે ઘાનામાં પણ ભારતની UPI સુવિધા શરૂ થશે, બંને દેશો વચ્ચે થયા એમઓયુ

## ■ સરકારે કહ્યું- હવે UPI નો ઉપયોગ ઘાનામાં પણ પેમેન્ટ કરવા માટે થઈ શકશે

ગુજરાત | વંદન

ભારત પરસ્પર સંબંધોને વધુ મજબૂત કરવા ઘાના સાથે કરાર કરવા માટે સંમત થયું છે. ઘાનામાં દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવા માટે ભારત હવે શક્ય તેટલી વહેલી તકે યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ સિસ્ટમ-યુપીઆઈ- લાગુ કરવામાં વ્યસ્ત છે.

સરકારે કહ્યું કે હવે UPI નો ઉપયોગ ઘાનામાં પણ પેમેન્ટ કરવા માટે થઈ શકશે. સોમવારે માહિતી આપતાં સરકારે કહ્યું કે ભારત અને ઘાના આગામી છ મહિનામાં ઘાના ઈન્ટરબેંક પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ પર ભારતની ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ એટલે કે યુનિફાઈડ




પેમેન્ટ ઈન્ટરફેસ (UPI)નું સંચાલન શરૂ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

2 અને 3 મેના રોજ આયોજિત સંયુક્ત વેપાર સમિતિની બેઠકમાં બંને દેશો વચ્ચે સહમત થવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હકીકતમાં, સાત સભ્યોનું ભારતીય પ્રતિનિધિમંડળ અકરામાં તેના ઘાનાના સમકક્ષોને મળ્યું હતું.

આ મીટિંગ દરમિયાન, બંને દેશો વચ્ચે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સોલ્યુશન્સ પર સમજૂતી પત્ર (એમઓયુ)ની સંભાવના સાથે સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, સ્થાનિક ચલણ સેટલમેન્ટ સિસ્ટમ અને આફ્રિકન કોન્ટિનેંટલ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (AfCFTA) દ્વારા ઓફર કરવામાં આવતી તકો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, , અગાઉ, વાણિજ્ય મંત્રાલયના અધિક સચિવ અમરદીપ સિંહ ભાટિયાના નેતૃત્વમાં સાત સભ્યોનું પ્રતિનિધિમંડળ 29-30 એપ્રિલે નાઈજીરિયામાં તેમના સમકક્ષોને મળ્યું હતું. આ દરમિયાન, ભારતીય પ્રતિનિધિમંડળે ભારત-નાઈજીરીયા જોઈન્ટ ટ્રેડ કમિટી (JTC)ના બીજા સત્રની બેઠક યોજી હતી.

# 2023-24માં રમકડાંની નિકાસમાં ઘટાડો નોંધાયો



## ■ ભારતે ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે વધુ વ્યાપક અભિગમ અપનાવું પડશે

ગુજરાત | વંદન


2023-24માં દેશની રમકડાંની નિકાસ નજીવી રીતે ઘટીને US $152.3 મિલિયન થઈ છે. નાણાકીય વર્ષ 2022-23માં તે $15.38 કરોડ હતું. આર્થિક સંશોધન સંસ્થા ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના અહેવાલ મુજબ ફરજિયાત ગુણવત્તા નિયંત્રણ ઓર્ડરથી ભારતની રમકડાની નિકાસને વધુ ફાયદો થયો નથી.

સ્થાનિક પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન અને રક્ષણ આપવાનો હતો, પરંતુ તેઓ ભારતના રમકડાંની નિકાસમાં કોઈ નોંધપાત્ર વધારો તરફ દોરી શક્યા ન હતા.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, નાણાકીય વર્ષ 2019-20 થી નાણાકીય વર્ષ 2021-22 સુધી નિકાસ 129.6 મિલિયન યુએસ ડોલરથી વધીને 177 મિલિયન યુએસ ડોલર થઈ છે. જો કે, આયાત 2022-23માં $62.3 મિલિયનથી વધીને 2023-24માં $64.9 મિલિયન થઈ ગઈ છે.

જીટીઆરઆઈના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ક્યુસીઓ (ભારતીય ગુણવત્તા પરિષદ)એ ચીનમાંથી સબસ્ટાન્ડર્ડ આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ તેના કારણે ભારતમાંથી નિકાસમાં વધારો થયો નથી. તેમણે કહ્યું કે, જો કે ભારતે 2020થી નિર્ણાયક પગલાં લીધાં છે. ખાસ કરીને ચીનમાંથી નબળા રમકડાંની આયાતને રોકવા અને સ્થાનિક રમકડા ઈન્ડસ્ટ્રીઝને મજબૂત કરવા ભારતે ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે વધુ વ્યાપક અભિગમ અપનાવવાની જરૂર છે.

અહેવાલો અનુસાર હાલમાં વર્લ્ડ ટોય ઈન્ડસ્ટ્રીઝ લગભગ 105 બિલિયન યુએસ ડોલર (આશરે રૂપિયા 7.87 લાખ કરોડ)ની ઈન્ડસ્ટ્રીઝ છે. તે 2025 સુધીમાં $131 બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે. ભારતની વાત કરીએ તો વર્લ્ડ ટોય માર્કેટમાં ભારતનો હિસ્સો 0.5 ટકાથી ઓછો છે.ભારતમાં રમકડાંનું બજાર અંદાજે 16 હજાર કરોડ રૂપિયાનું છે, જેમાંથી માત્ર 25 ટકા જ સ્વદેશી છે. બાકીના 75 ટકામાંથી 70 ટકા માલ ચીનમાંથી આવે છે. માત્ર 5 ટકા અન્ય દેશોમાં નિકાસ થાય છે.

# જેલમાં બંધ નીરવ મોદીની જામીન અરજી કોર્ટે ફગાવી



## ■ લંડન કોર્ટે કહ્યું: જામીન મળશે તો તે તપાસને અસર કરશે...

ગુજરાત | વંદન

PNB કૌભાંડ કેસના મુખ્ય આરોપી ભાગેડુ નીરવ મોદીની વધુ એક જામીન અરજી ફગાવી દેવામાં આવી છે. તેણે 16 એપ્રિલ 2024ના રોજ લંડનની વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટમાં 5 વખત અરજી દાખલ કરી હતી.નીરવ છેલ્લા પાંચ વર્ષથી જેલમાં છે. લાંબી જેલની સજાને ટાંકીને તેણે પાંચમી વખત અરજી કરી હતી. તેમની અગાઉની અરજી સાડા ત્રણ વર્ષ પહેલા ફગાવી દેવામાં આવી હતી.સુનાવણી દરમિયાન જિલ્લા ન્યાયાધીશ જ્હોન જાનીએ કહ્યું કે જામીન સામે પૂરતા કારણો છે. જો તેને જામીન મળે તો તે તપાસ અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે.

જજે કહ્યું કે નીરવ સામે છેતરપિંડીનો મોટો આરોપ છે. આ મામૂલી કેસ નથી જેમાં જામીન આપી શકાય. કોર્ટમાં સુનાવણી દરમિયાન નીરવ પોતે હાજર થયો ન હતો. જોકે, તેમનો પુત્ર અને બે પુત્રીઓ ગેલેરીમાં હાજર હતા.નીરવ મોદી પર PNB પાસેથી લોન લઈને લગભગ 14 હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ તે જાન્યુઆરી 2018માં દેશ છોડીને ભાગી ગયો હતો. નીરવની 19 માર્ચ 2019ના રોજ દક્ષિણ-પશ્ચિમ લંડનમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

ભારતમાં નીરવ વિરુદ્ધ છેતરપિંડીના ત્રણ કેસ છે. પંજાબ નેશનલ બેંક સાથે છેતરપિંડીનો CBI કેસ. બીજું, પીએનબી કેસ મની લોન્ડરિંગનો કેસ છે અને ત્રીજું, સીબીઆઈની કાર્યવાહીમાં પુરાવા અને સાક્ષીઓ સાથે છેડછાડનો કેસ છે. ED-CBIએ પણ નીરવના જામીન પર પોતાનું વલણ રજૂ કર્યું હતું. બંને એજન્સીઓની સંયુક્ત ટીમ લંડનની વેસ્ટમિન્સ્ટર કોર્ટ પહોંચી હતી. સત્તાધીશોએ જામીનનો વિરોધ કર્યો હતો.

# OTT પ્લેટફોર્મ દ્વારા વિશ્વભરની કંપનીઓ રૂપિયા 22.62 અબજની આવક રળે છે...

## ■ મનોરંજન માટે દર મહિને, દૈનિક અને વાર્ષિક પેમેન્ટ સિસ્ટમની સુવિધા

ગુજરાત | વંદન

કોરોના મહામારી દરમિયાન ડિજિટલ વિશ્વમાં એક અદ્ભુત ક્રાંતિ થઈ હતી. OTT પ્લેટફોર્મનો ટ્રેન્ડ શહેરથી ગામડા સુધી વધ્યો. લોકોને તેમની મનપસંદ વેબ સિરીઝ, ફિલ્મ અને ટીવી શો મોબાઈલ પર જ મળવા લાગ્યા. જેના કારણે હવે તેમને ક્યાંય જવાની જરૂર નથી પડતી. કોરોના પછી, ખૂબ જ ઓછા સમયમાં, 'OTT' દરેક વ્યક્તિના જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે અને લોકો માટે મનોરંજનની પહોંચ પણ સરળ બનાવી છે. આમાંથી માત્ર OTT પ્લેટફોર્મ જ કમાણી નથી કરતા પરંતુ OTT પર આવતી ફિલ્મો અને વેબ સિરીઝ પણ જબરદસ્ત કમાણી કરે છે.

OTTનું ફૂલ ફોર્મ 'ઓવર ધ ટોપ' છે. આ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં તમે ઈન્ટરનેટ દ્વારા એપ પર જ વેબ સિરીઝ, મૂવીઝ અને સિરિયલો જોઈ શકો છો. તમને OTT પ્લેટફોર્મ પર દરેક પ્રકારની સામગ્રી મળે છે. કેટલાક OTT પ્લેટફોર્મ છે જ્યાં તમારે વેબ સિરીઝ અને ફિલ્મો જોવા માટે ચાર્જ ચૂકવવો પડે છે, જ્યારે કેટલાક સંપૂર્ણપણે ફ્રી છે. OTT પ્લેટફોર્મ ઈન્ટરનેટની મદદથી ચાલે છે.

OTT પ્લેટફોર્મ અને વિશ્વભરની કંપનીઓ તેમના રેવન્યુ મોડલથી લાખો અને કરોડો રૂપિયાથી વધુની કમાણી કરે છે. માત્ર ભારત વિશે વાત કરીએ તો, ભારતમાં 45 કરોડ OTT સબ્સ્ક્રાઈબર્સ છે જેમાંથી OTT કંપનીઓ રૂ. 22.62 અબજની આવક પેદા કરે છે. એક અહેવાલ મુજબ, OTT ક્રેઝ વધવાથી આ આવક 2025 સુધીમાં રૂ. 93.67 અબજ સુધી પહોંચવાની ધારણા છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે તેઓ કેવી રીતે કમાણી કરે છે? આવી સ્થિતિમાં, ચાલો જાણીએ OTT કમાણીની સંપૂર્ણ માહિતી.

TVOD - આમાં યુઝર્સ પ્લેટફોર્મ પરથી કંઈક ડાઉનલોડ કરવા માટે ચૂકવણી કરે છે. ધારો કે તમે કોઈ વેબ સિરીઝ અથવા મૂવી જોવા માંગો છો, પરંતુ તે OTT પ્લેટફોર્મ પર રેન્ટ પર ઉપલબ્ધ છે, તો આવી સ્થિતિમાં તમારે તે કન્ટેન્ટ ડાઉનલોડ કરવા માટે OTT પ્લેટફોર્મને પૈસા ચૂકવવા પડશે.



SVOD - આમાં યુઝર્સ એક મહિના અથવા વર્ષ માટે ચૂકવણી કરીને સબ્સ્ક્રિપ્શન લે છે અને મનપસંદ કન્ટેન્ટ જુએ છે. તમે આને એવી રીતે સમજી શકો છો કે તમે તે OTT પ્લેટફોર્મ પર મૂવી જોવા માટે એક મહિનાનું સબસ્ક્રિપ્શન લઈ શકો છો. આ પૈસા સીધા OTT કંપનીને જાય છે.

AVOD - તે સંપૂર્ણપણે મફત છે. આ માટે કોઈ પૈસા ચૂકવવાના નથી. જો કે, કન્ટેન્ટની વચ્ચે ઘણી વખત પ્રમોશન અથવા જાહેરાતો દેખાય છે. આને સ્કિપ ન કરી શકાય. OTT પ્લેટફોર્મને આ જાહેરાતો માટે પૈસા મળે છે. આનાથી સારી એવી કમાણી થાય છે.

મલ્ટી સ્ક્રીન મોડલ - OTTનું આ બિઝનેસ મોડલ એકદમ સરળ છે. જો કોઈ વ્યક્તિ પાસે સબ્સ્ક્રિપ્શાન હોય, તો તે સ્માર્ટફોન સિવાય લેપટોપ, ટીવી, આઈપેડ, ટેબલેટ પર તેની સુવિધા અનુસાર કોઈપણ કન્ટેન્ટ જોઈ શકે છે. જો કે, મલ્ટિ-સ્ક્રીન સબ્સ્ક્રિપ્શાન સિંગલ-સ્ક્રીન સબ્સ્ક્રિપ્શાન કરતા વધુ ખર્ચ કરે છે.

આ પદ્ધતિઓ ઉપરાંત, OTT પ્લેટફોર્મ ડાયરેક્ટ એડવર્ટાઈઝિંગમાંથી પણ કમાણી કરે છે. તે એડવર્ટાઈઝર્સ સાથે પાર્ટનરશિપ કરી અને તેમનીપહોંચને વિસ્તૃત કરવાની તકો ઊભી કરવામાં મદદ કરે છે અને બીજી તરફ ઓડીયન્સ માટે એકંદર યુઝર એક્સપીરીયન્સ પણ બહેતર બનાવી શકે છે.

OTT પરનું બિઝનેસ મોડલ ખૂબ જ સરળ છે. પ્રથમ પ્લેટફોર્મ કન્ટેન્ટ બનાવવા અથવા ખરીદવા માટે નાણા ખર્ચે છે અને પછી તે કન્ટેન્ટને ઓડીયન્સ અથવા યુઝર્સ પાસેથી ફી વસૂલ કરીને વેચવામાં આવે છે. OTT પ્લેટફોર્મ બનાવવું એ ખૂબ જ વ્યસ્ત પ્રક્રિયા છે અને વ્યાપાર વિશ્વમાં તે નેગેટિવ કેશ ફ્લોવાળી સિસ્ટમ છે. પ્લેટફોર્મ્સ યુઝર્સની સુવિધા અનુસાર દર અઠવાડિયે, દર મહિને, દૈનિક અને વાર્ષિક જેવી પેમેન્ટ સિસ્ટમો પણ પ્રદાન કરે છે.

# FMCGમાં માર્ચ ક્વાર્ટરમાં 6.5%નો વધારો જોવા મળ્યો

## ■ સૌપ્રથમવાર શહેરોની સરખામણીમાં ગ્રામીણ કન્ઝમ્પ્શન વધ્યું

ગુજરાત | વંદન

એફએમસીજી ઈન્ડસ્ટ્રીમાં જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં 6.5 ટકા વોલ્યૂમ ગ્રોથ જોવાયો છે. મહત્વનું એ છે કે છેલ્લાં પાંચ ક્વાર્ટરમાં સૌપ્રથમવાર શહેરોની સરખામણીમાં ગ્રામીણ કન્ઝમ્પ્શન વધ્યું છે. કન્ઝ્યુમર ઈન્ટેલિજન્સ ફર્મ નીલ્સનઆઈક્યૂના સર્વેનું આ તારણ છે. નીલ્સનઆઈક્યૂએ તેના રિપોર્ટમાં કહ્યું છે કે માર્ચ ક્વાર્ટરના ગ્રોથમાં ફૂડ અને નોન-ફૂડ સેક્ટરનું યોગદાન રહ્યું હતું. નોન-ફૂડ સેગમેન્ટમાં ગ્રોથ ફૂડની સરખામણીમાં ડબલ જોવાયો હતો.

એફએમસીજી સેક્ટરમાં વેલ્યૂની દૃષ્ટિએ માર્ચ ક્વાર્ટરમાં 6.6 ટકા ગ્રોથ જોવાયો છે અને વોલ્યૂમ ગ્રોથ 6.5 ટકા



રહ્યો છે. ગયા વર્ષે માર્ચ ક્વાર્ટરમાં 3.1 ટકા વોલ્યૂમ ગ્રોથ જોવાયો હતો.


છેલ્લાં પાંચ ક્વાર્ટરમાં સૌપ્રથમવાર એવું બન્યું છે કે ગ્રામીણ ક્ષેત્રે કન્ઝમ્પ્શન શહેરી કન્ઝમ્પ્શન કરતાં વધારે રહ્યું છે. હોમ અને પર્સનલ કેર કેટેગરીમાં ગ્રોથ ફૂડ કેટેગરી કરતાં વધારે રહ્યો હતો. ફૂડ કેટેગરીમાં યુનિટ પરચેઝ વધારે રહ્યું હતું. હોમ અને પર્સનલ કેરમાં ગ્રોથ ખાસ કરીને વધારે મોટા પેક સાઈઝને કારણે જોવા મળ્યો હતો.

શહેરી વિસ્તારોમાં કન્ઝમ્પ્શન ગ્રોથ ધીમો પડ્યો છે, જ્યારે ગ્રામીણ અને પરંપરાગત ટ્રેડમાં સુધારો જોવાયો છે. રિટેલ સેક્ટરમાં મોર્ડન ટ્રેડમાં 14.7 ટકા મજબૂત ગ્રોથ જોવાયો હતો. બીજી તરફ પરંપરાગત ટ્રેડમાં 5.6 ટકા ગ્રોથ જોવાયો હતો, જે અગાઉના ડિસેમ્બરના ક્વાર્ટરમાં 5.3 ટકા હતો. પરંપરાગત રિટેલ ચેનલ મજબૂત સ્થિતિમાં હોવાનું જોવા મળ્યું હતું.

ફૂડ સેક્ટરમાં વોલ્યૂમ ગ્રોથ 4.8 ટકા રહ્યો હતો, જે ડિસેમ્બર ક્વાર્ટરમાં 5.3 ટકા હતો. સ્ટેપલ્સ અંતર્ગત આવતી પ્રોડક્ટ્સમાં ગ્રોથ ધીમો પડવાને કારણે ફૂડ સેક્ટરમાં વોલ્યૂમ ગ્રોથ ધીમો પડ્યો હતો. બીજી તરફ નોન-ફૂડ કેટેગરીમાં કન્ઝમ્પ્શન 11.1% રહ્યું હતું. ડિસેમ્બર ક્વાર્ટરમાં તેમાં 9.6% ગ્રોથ જોવાયો હતો.

ગ્રામીણ ક્ષેત્રે 12.8 ટકા ગ્રોથ જોવાયો હતો જે ડિસેમ્બર ક્વાર્ટરમાં 9.8 ટકા ગ્રોથ રહ્યો હતો. પર્સનલ કેર અને હોમ કેર કેટેગરીમાં નોંધપાત્ર ગ્રોથ જોવાયો હતો. શહેરી વિસ્તારોમાં નોન-ફૂડ સેક્ટરમાં પર્સનલ કેર સેગમેન્ટમાં કન્ઝમ્પ્શન 8.4 ટકા વધ્યું હતું. ડિસેમ્બર ક્વાર્ટરમાં 5.8 ટકા ગ્રોથ જોવાયો હતો.

# વળતાં પાણી : અમદાવાદ સહિત દેશમાં 64 મૉલ બંધ હાલતમાં



## ■ સૌથી વધુ 21 ખાલી મોલ દિલ્હી-NCRમાં

ગુજરાત | વંદન

દેશના આઠ મુખ્ય શહેરોમાં ખાલી પડેલા શોપિંગ મોલની સંખ્યા 57થી વધીને 64 થઈ ગઈ છે, જેનું કારણ રિટેલ સેલર્સ અને કંજ્યૂમર્સનું પ્રીમિયમ પ્રોપર્ટીને મહત્ત્વ આપવાનું છે.રિયલ એસ્ટેટ સલાહકાર નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાએ 'થિન્ક ઈન્ડિયા થિન્ક રિટેલ 2024' ટાઈટલ સાથે એક રિપોર્ટ જાહેર કર્યો છે જેમાં 29 શહેરના શોપિંગ સેન્ટર અને મોટા બજારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, આઠ મહાનગરોમાં ખાલી પડી રહેલા રિટેલ પ્રોપર્ટીની સંખ્યા ઝડપથી વધી રહી છે. 1.33 કરોડ વર્ગ ફૂટ ગ્રોસ લીઝેબલ એરિયાવાળા 64 શોપિંગ મોલ્સને 2023માં 'ઘોસ્ટ શોપિંગ સેન્ટર્સ' તરીકે ક્વોલિફાઈ કરવામાં આવ્યા હતા. 'ઘોસ્ટ શોપિંગ સેન્ટર્સ'નો અર્થ એવા મોલ છે જે 40 ટકાથી વધુ ખાલી છે. વિસ્તારની વાત કરીએ તો તે ગયા વર્ષના (2022) 84 લાખ ચોરસ ફૂટ કરતાં 58 ટકા વધુ છે.રિપોર્ટ અનુસાર આઠ નવા રિટેલ કેન્દ્ર જોડાયા છતા 2023માં શોપિંગ કેન્દ્રની કુલ સંખ્યા ઘટીને 263 રહી ગઈ કારણ કે ગત વર્ષે 16 શોપિંગ કેન્દ્ર બંધ થઈ ગયા હતા.નાઈટ ફ્રેન્કના આંકડા અનુસાર, ટોચના આઠ શહેરમાં કુલ 64 ખાલી પડેલા મોલમાંથી 21 મોલ દિલ્હી-NCRમાં,12 બેંગલુરૂમાં, 10 મુંબઈમાં છ કોલકાતામાં, પાંચ હૈદરાબાદમાં, ચાર અમદાવાદમાં અને ત્રણ-ત્રણ ચેન્નાઈ અને પૂણેમાં છે. હૈદરાબાદમાં માત્ર આવા મોલની સંખ્યા 19 ટકા ઘટી છે. કોલકાતામાં સૌથી વધુ વાર્ષિક આધાર પર 237 ટકાનો વધારો નોંધાયો છે.

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે કહ્યું, 'વધતા ખર્ચ, યોગ્ય આવક, યંગ ડેમોગ્રાફિક અને શહેરીકરણથી પ્રેરિત કંજમ્પશનની ગતિ સંગઠિત રિટેલ સેક્ટરના પક્ષમાં છે.' નાઈટ ફ્રેન્કે આ વાત પર પણ ભાર આપ્યો કે એક વર્ષમાં મહાનગરોમાં શોપિંગ સેન્ટરની કુલ સંખ્યા પણ ઘટી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# માટલામાં પાણી ઠંડુ કરવાની ટિપ્સને કરો ફોલો



ઉનાળામાં ઘણા લોકો ફ્રીજના ઠંડા પાણીને બદલે માટલામાંથી પાણી પીવાનું પસંદ કરે છે. પરંતુ જો ઘડામાં પાણી ઠંડુ ન થઈ રહ્યું હોય તો આ ટિપ્સથી તેને ઠંડુ રાખો. પાણી ફ્રિજ જેટલું ઠંડું હશે. ઉનાળાની ઋતુમાં ઘણા લોકો આ સિઝનમાં પણ રેફ્રિજરેટરનું પાણી નથી પીતા. ખૂબ ઠંડુ પાણી પીવાના ઘણા ગેરફાયદા છે. તેથી લોકો તેમના ઘરોમાં દેશી કુલર એટલે કે માટલું રાખવાનું પસંદ કરે છે. પરંતુ મોટાભાગના લોકો કહે છે કે માટલાનું પાણી ફ્રીજ જેટલું ઠંડુ નથી થતું. જો માટલાને આ રીતે રાખવામાં આવે તો સ્વાભાવિક રીતે જ પાણી ખૂબ ઠંડુ રહેશે.

## માટલાને ઠંડું કરવાની ટીપ્સ

1 જો તમારે માટલામાં પાણી ઠંડુ કરવું હોય તો પહેલા બજારમાંથી માટલું ખરીદો અને પછી તેને સારી રીતે ધોઈ લો. ધ્યાન રાખો કે માટલાને અંદર હાથ નાખીને ધોશો નહીં. તેના બદલે પાણી ઉમેરો અને તેને ફેંકી દો.

2 હવે આ માટલામાં એક ચમચી મીઠું નાખીને પાણી ભરો. આ પાણીને આખી રાત રહેવા દો. ધ્યાન રાખો કે આ મીઠું પાણી ન પીવું.

3 સવારે આ પાણીને ફેંકી દો અને માટલાને ફરીથી પાણીથી ધોઈ લો. પછી તાજા પીવાના પાણીથી ભરો.

4 માટીની પ્લેટની ઉપરના માટલામાં રેતી અથવા માટી મૂકો. પછી આ માટીની થાળી પર માટલું રાખવાનું છે. જેના કારણે પાણી ઠંડુ થાય છે. તેમજ થાળીની માટી કે રેતીને પાણીથી ભીની કરતા રહો.

5 હવે ફટકડીનો એક મોટો ટુકડો લો અને તેને માટલામાં ભરેલા પાણીમાં 30 સેકન્ડ માટે હલાવો. આ માટલામાં પલાળેલા પાણીને અવરોધિત કરશે અને માલટામાંથી માટી અથવા ગંદકી પાણીમાં પ્રવેશ કરશે નહીં.

6 હવે આ માટલાને માટીના ઢાંકણથી ઢાંકી દેવામાં આવે છે.

7 7 માટલાને શણની કોથળીમાં પલાળી તેની સાથે લપેટી લો. જો તમારી પાસે શણની કોથળી ન હોય તો પાણીમાં પલાળેલા જાડા કે ઊની કાપડનો ઉપયોગ કરો. માટલાને બહારથી આવતી ગરમીની અસર નહીં થાય અને પાણી અંદરથી ઠંડુ રહેશે.

8 પોટને જાડા કપડાથી લપેટી લો. પાણી રેફ્રિજરેટર જેટલું ઠંડું હશે અને ફટકડીને કારણે માટલામાં રહેલું પાણી સંપૂર્ણપણે સ્વચ્છ રહેશે.

# નાળિયેર પાણી અમૃતતુલ્ય છે....



## સવારે લીંબુ-નાળિયેર પાણી શરીરને આપે ઇન્સ્ટન્ટ એનર્જી

નાળિયેર પાણીને અમૃત સાથે સરખાવાય છે. આ ડ્રિન્ક શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. તેથી નબળા વ્યક્તિને ખારાને બદલે નાળિયેરનું પાણી પીવાનું કહેવામાં આવે છે. વધુમાં

લીંબુ પાણી અને નારિયેળ પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ બંને ડ્રિન્ક ખાસ કરીને સમરમાં વધુ માત્રામાં પીવામાં આવે છે. ઉનાળામાં નારિયેળ પાણી અથવા લીંબુ પાણી લોકોની પહેલી પસંદ હોય છે, કારણ કે આ બંને હેલ્થી પીણાં શરીરને હાઈડ્રેટ રાખે છે અને ઈન્સ્ટન્ટ એનર્જી આપે છે.

એક્સપર્ટ કહે છે, "નાળિયેર પાણીને અમૃત સાથે સરખાવાય છે. આ ડ્રિન્ક શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. તેથી નબળા વ્યક્તિને ખારાને બદલે નાળિયેરનું પાણી પીવાનું કહેવામાં આવે છે. નારિયેળ પાણી પીવાના ઘણા ફાયદા છે. નારિયેળ પાણીમાં સોડિયમ, પોટેશિયમ, આયર્ન, વિટામિન એ, બી અને સી ભરપૂર માત્રામાં હોય છે. તે બોડીને તમને હાઈડ્રેટેડ રાખે છે, જ્યારે લીંબુ પાણી વિટામિન સીમાં સમૃદ્ધ છે, તેમાં આયર્ન અને પોટેશિયમ પણ હોય છે. ઉનાળામાં લીંબુ પાણી પીવું સ્વાસ્થ્ય માટે ઘણું સારું છે."

■ બોડીને હાઈડ્રેટેડ રાખે : નાળિયેર પાણી એ ઈલેક્ટ્રોલાઈટ્સનો નેચરલ સ્ત્રોત છે, ખાસ કરીને પોટેશિયમ, જે બોડીને હાઈડ્રેટેડ રાખે છે. ઝાડા અને અતિશય પરસેવો જેવી પરિસ્થિતિઓમાં તે પીવું જોઈએ.

■ બ્લડ પ્રેશર અને હાર્ટ હેલ્થમાં સુધારો: નારિયેળ પાણીના બ્લડ પ્રેશરને સામાન્ય બનાવતા ગુણધર્મો અને હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપે છે.

■ બ્લડ સુગર કંટ્રોલ કરે: નાળિયેર પાણી ઈન્સ્યુલિન પ્રતિકાર સુધારીને ડાયાબિટીસના દર્દીઓને મદદ કરી શકે છે.

■ કિડની સ્ટોન: નાળિયેર પાણી અને લીંબુનો રસ કેટલાક દર્દીઓમાં કિડની સ્ટોન બનતો અટકાવવામાં પણ મદદ કરી શકે છે.

■ હેલ્થી સ્કિન : તેમજ આ પીણાંના લાંબા ગાળાના સેવનથી સ્કિન સ્વસ્થ રહે છે.

# ખાલી પેટે ઘી ખાવાથી રોગપ્રતિકારક શક્તિમાં વૃદ્ધિ થાય છે

## ઓમેગા 3 ફેટી એસિડ-વિટામિન સ્વાસ્થ્ય માટે ફાયદાકારક



દેશી ઘી શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તે શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારે છે અને ઘણી બીમારીઓથી બચાવે છે. તે પાચનક્રિયાને પણ સ્વસ્થ રાખે છે.છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર લોકો સવારે ખાલી પેટે એક ચમચી દેશી ઘી ખાવાના ફાયદા વિશે વાત કરતા જોવા મળી રહ્યા છે. આમાં બોલીવુડની મોટી હિરોઈન અને સોશિયલ મીડિયા પ્રભાવકો પણ સામેલ છે. વાસ્તવમાં, માત્ર આ ટ્રેન્ડ જ લોકપ્રિય નથી થઈ રહ્યો, પરંતુ પ્રાચીન સમયથી ઘી સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોવાનું કહેવાય છે. જૂના જમાનામાં ભોજન માત્ર ઘીમાં જ રાંધવામાં આવતું હતું જેના કારણે લોકોનું સ્વાસ્થ્ય ખૂબ જ સ્વસ્થ રહેતું હતું. તેમાં રહેલા ઓમેગા 3 ફેટી એસિડ અને વિટામિન એ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે.

### રોગપ્રતિકારક શક્તિ વધારો

ઘી બ્યુટીરિક એસિડથી ભરપૂર હોય છે જે શરીરને રોગ સામે લડતા ટી-સેલ્સ ઉત્પન્ન કરવામાં મદદ કરે છે. તેથી, તેનું સેવન તમારા શરીરને રોગો સામે લડવામાં મદદ કરી શકે છે.

### પાચન માટે ફાયદાકારક

ઘી પોષક તત્વોથી ભરપૂર હોય છે. તે પેટ અને પાચનને મજબૂત બનાવે છે. દરરોજ સવારે ખાલી પેટે એક ચમચી ઘીનું સેવન કરવાથી પાચનતંત્રમાં સુધારો થાય છે. ઘીના સેવનનો પેટને સ્વસ્થ રાખવા સાથે ઊંડો સંબંધ છે. પ્રાચીન સમયમાં આપણા પૂર્વજો દરેક ભોજન પહેલા એક ચમચી ઘી ખાતા હતા. આનાથી પેટ સ્વસ્થ રહે છે અને અલ્સર અને કેન્સર જેવી બીમારીઓનું જોખમ પણ ઘટે છે.

### વજનમાં ઘટાડો

ઘીનું સેવન વજન નિયંત્રિત કરવામાં પણ મદદરૂપ થઈ શકે છે. ઘી પેટની ચરબી ઘટાડવામાં મદદ કરે છે કારણ કે તે ચયાપચયને ઝડપી બનાવે છે જે શરીરની ચરબી બર્ન કરવામાં મદદ કરે છે. સવારે ખાલી પેટ ઘીનું સેવન કરવાથી ભૂખ નિયંત્રિત થાય છે અને આ રીતે આપણને વારંવાર ખોરાક ખાવાનું ટાળવામાં મદદ મળે છે.

### ત્વચા માટે ફાયદાકારક

ઘીનો ઉપયોગ તમારી ત્વચા માટે વરદાન સાબિત થઈ શકે છે કારણ કે તેમાં રહેલા વિટામિન્સ ત્વચાને ચુસ્ત રાખે છે અને વૃદ્ધત્વથી બચાવે છે. પ્રાચીન સમયમાં, તેનો ઉપયોગ સુંદરતા જાળવવા માટે કરવામાં આવતો હતો. આને ચહેરા પર લગાવવાથી ત્વચા કોમળ રહે છે અને તે ચમકદાર બને છે.

### વાળને સ્વસ્થ રાખે છે

તેમાં વિટામિન E હોય છે જે વાળ અને માથાની ચામડી માટે ખૂબ જ સારું છે. તેમાં મોઇશ્ચરાઈઝિંગ ગુણ હોય છે, તેથી તે માથાની ચામડી પર શુષ્કતા અને ખંજવાળ જેવી સમસ્યાઓને પણ ઘટાડે છે.

### હાડકાં મજબૂત કરે છે

ઘી હાડકાંને પણ મજબૂતી આપે છે કારણ કે ઘીમાં વિટામિન K ભરપૂર માત્રામાં હોય છે જે કેલ્શિયમના શોષણમાં મદદ કરે છે. તે દાંતના સડોને રોકવામાં પણ મદદ કરે છે અને એથરોસ્ક્લેરોસિસને અટકાવે છે.

# નોર્મલ અને ઇન્વર્ટર AC વચ્ચેનો તફાવત



**ટેક્નોલોજીની મદદથી વિજળી બિલને ઓછુ કરી શકાય**

ઉનાળામાં રાહત મેળવવા માટે મોટાભાગના ઘરોમાં AC ચાલતા હોય છે તો અમુક ઘરોમાં ઉનાળા પહેલા AC ખરીદવાની ગોઠવણ હોય છે,જ્યારે કેટલાક ઘરોમાં હાલમાં AC ખરીદવાની પ્લાનિંગ કરવામાં આવે છે. જો તમે પણ AC ખરીદવા વિશે વિચારી રહ્યા છો તો આટલી વસ્તુઓની કાળજી લેવી આવશ્યક બની જતી હોય છે. મોટાભાગના લોકો AC ખરીદતી વખતે ફિચર્સ, કૂલિંગ ક્ષમતા, વિજળીની ખતમ વગેરેને લઈને ખૂબ જ કન્ફ્યૂઝ થઈ જાય છે. તેથી તમે નોર્મલ અને ઈન્વર્ટર AC વિશે ફરક જાણ્યા બાદ તમારા માટે બેસ્ટ ACની પસંદગી કરી શકો

### ACથી કેવી રીતે થશે વીજળીની બચત : સેવિંગ?

ઉનાળામાં વધતા વિજળીના બિલનું એક મોટુ કારણ AC હોય છે. ઉનાળાથી બચવા માટે લોકો ઘણી વખત આખો દિવસ AC ચલાવે છે. તેના કારણે વિજળી બિલમાં ખૂબ જ વધારે વૃદ્ધિ જોવા મળે છે. પરંતુ ટેક્નોલોજીની મદદથી તમે પોતાના વિજળી બિલને ઓછુ કરી શકો છો.

ઈન્વર્ટ AC ફક્ત સાધારણ ઓન-ઓફ ટેક્નોલોજીની સાથે કામ નથી કરતા. આ AC એટલા સ્માર્ટ હોય છે કે રૂમના તાપમાન અનુસાર તમને કૂલિંગ આપે છે. બીજી તરફ નોર્મલ AC હોય છે અને તેમાં સાધારણ ઓન-ઓફ ટેક્નોલોજી હોય છે. આ ટેક્નોલોજી રૂમને ઠંડુ રાખવા માટે AC ઓન કરે છે અને ઠંડુ કર્યા બાદ ACને ઓફ કરી દે છે.

### એનર્જી પણ બચશે

ઈન્વર્ટર AC પોતાનું તાપમાન રૂમના અનુસાર પોતે જ એડજસ્ટ કરી લે છે માટે તે નોર્મલ ACના અનુસાર ઓછી વિજળીનો ઉપયોગ કરે છે. આ રીતે તમે પોતાના પૈસાની બચતની સાથે સાથે એનર્જી પણ બચાવે છે. નોર્મલ AC એક નક્કી તાપમાન પર લાંબા સમય સુધી ચાલે છે જેના કારણે તે વિજળીનો વધારે ઉપયોગ કરે છે. માટે નોર્મલ ACના મુરાબલે ઈન્વર્ટર AC વધારે એનર્જી બચાવે છે.

# ઉનાળામાં આ લોટની રોટલી શરીરને રાખે છે ઠંડુ, વજન ઘટાડવામાં પણ કરે છે મદદ



ઉનાળો આવતાં ડાયટમાં પરિવર્તન કરવું આવશ્યક બની જાય છે. તેની સાથે વધુ પાણી વાળી વસ્તુઓનું સેવન કરવું જરૂરી બની જતું હોય છે. આહારમાં હળવો ખોરાક સાથે લીલી શાકભાજીનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ ખૂબ ઓછા લોકો તેમના અનાજમાં પરિવર્તન કરે છે. તેની સાથે કેટલાક લોકોજ જાણતા હોય છે કે ઉનાળામાં રોટલીમાં પણ બદલાવ લાવવો જોઈએ અથવા બદલી દેવી જોઈએ. ઘઉંના બદલે આ સિઝનમાં જુવારની રોટલી સ્વાસ્થય માટે અત્યંત લાભદાયી બની રહે છે. ઉનાળામાં જુવારની રોટલી શરીરને ઠંડુ રાખવામાં મદદ કરે છે. જુવારની તાસીર ઠંડી હોય છે જે ઉનાળામાં પેટને ઠંડુ રાખે છે. જુવારની રોટલી ખાવાથી સ્થૂળતા પણ ઝડપથી ઘટે છે.

## ઉનાળામાં કયા અનાજની રોટલી ખાવી જોઇએ


જુવાર એક એવુ અનાજ છે જેને ન્યૂટ્રિશન્સનું પાવર હાઉસ કહેવામાં આવે છે. જુવારમાં ભરપૂર આયર્ન, મેગ્નેશિયમ અને ફોસ્ફરસ જેવા મિનરલ હોય છે. જુવાર શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જુવારની રોટલી ખાવાથી શરીરમાં એનર્જી રહે છે અને માંસપેશીઓ મજબૂત બને છે.

■ જે લોકોને ગ્લૂટેનથી એલર્જી થાય છે તેમણે ડાયટમાં જુવારની રોટલી સામેલ કરવી જોઈએ. જુવાર ગ્લૂટેન-ફ્રી ફૂડ છે, જેને સીલિએક રોગના લોકો માટે સારુ માનવામાં આવે છે. ઉનાળામાં જુવારની રોટલી ખાવાથી શરીરને જરૂરી પોષક તત્વ સરળતાથી મળી જાય છે.

■ જે લોકો જુવારની રોટલી ખાય છે તેમને પાચન સંબંધી સમસ્યાઓ ઓછી થાય છે. જુવાર ફાઈબરથી ભરપૂર ભોજન છે જેને પચાવવુ સરળ છે. પાચન ક્રિયાને મજબૂત બનાવવા માટે જુવારની રોટલીનું સેવન ફાયદાકારક માનવામાં આવે છે. જુવાર સ્થૂળતાને ઘટાડે છે.

■ લગભગ 1 કપ જુવારમાં 22 ગ્રામ પ્રોટીન હોય છે. પ્રોટીન શરીરને સ્વસ્થ રાખવા માટે જરૂરી મેક્રોન્યૂટ્રિએન્ટ છે. તેનાથી માંસપેશીઓને મજબૂત બનાવવામાં મદદ મળે છે. જુવાર ખાવાથી શરીરને ભરપૂર ઉર્જા મળે છે. તેનાથી પેટ ભરેલુ રહે છે અને તમે ઓવર ઈટિંગથી બચી જાવ છો.

# ઉનાળામાં ચહેરા પર પ્રાકૃતિક વસ્તુઓ લગાવો



ઉનાળાની ઋતુમાં ચહેરાની ચમક ઓસરવા લાગે છે. આવી સ્થિતિમાં, ત્વચાને આ સમયે વધારાની સંભાળની જરૂર છે. જેના માટે તમે ઘરે ઉપલબ્ધ આ વસ્તુઓનો ઉપયોગ કરીને તમારી ત્વચાની સંભાળ રાખી શકો છો. દરેક વ્યક્તિ સ્વસ્થ અને ચમકદાર ત્વચા ઈચ્છે છે. પરંતુ ઉનાળામાં ઘણા લોકોને ત્વચા સંબંધિત અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેમજ ગરમી અને પરસેવાના કારણે ચહેરો ચીકણો દેખાવા લાગે છે અને ગ્લો પણ ઓછો થવા લાગે છે. તેથી ઉનાળામાં ત્વચાની યોગ્ય કાળજી લેવી ખૂબ જ જરૂરી છે. મેકઅપ કે ક્રીમ પણ પરસેવાના કારણે ચહેરા પર લાંબો સમય ટકી શકતો નથી. આવી સ્થિતિમાં, જો તમે ઉનાળામાં પણ તમારી ત્વચાની ચમક જાળવી રાખવા માંગો છો, તો તમે આ માટે ઘરે ઉપલબ્ધ ઘણી વસ્તુઓનો ઉપયોગ કરી શકો છો. જે ટેનિંગ, ડાઘ-ધબ્બા દૂર કરવામાં અને ચહેરાની ચમક વધારવામાં મદદ કરી શકે છે. આ સાથે તમારી ત્વચાને ઠંડક પણ મળશે.

**મુલતાની માટી** | ઉનાળામાં મુલતાની માટીને ચહેરા પર લગાવવાથી ફાયદો થઈ શકે છે. ખાસ કરીને તૈલી ત્વચા ધરાવતા લોકો માટે તે વધુ સારું સાબિત થઈ શકે છે. તે માત્ર ડાઘ, ખીલ, બ્લેકહેડ્સ દૂર કરે છે પણ ત્વચાને ઠંડક પણ આપે છે. આ માટે તમે મુલતાની માટીને રાત્રે પલાળી શકો છો અને સવારે તેનો ઉપયોગ કરી શકો છો. તમે તેમાં ગુલાબજળ અથવા દૂધ ઉમેરીને પેસ્ટ બનાવી શકો છો અને તેને ચહેરા પર લગાવી શકો છો.

**ચંદન પાવડર** | ચંદન પાવડરને ચહેરા પર લગાવવાથી તમે ઠંડકનો અનુભવ કરી શકો છો. પિમ્પલ્સ અને ખીલથી રાહત આપવા ઉપરાંત, તે ટેનિંગ ઘટાડવામાં પણ મદદરૂપ સાબિત થઈ શકે છે. તે ત્વચા પર ગ્લો લાવવાનું પણ કામ કરે છે. તમે ગુલાબજળ મિક્સ કરીને ચંદન પાવડર પણ લગાવી શકો છો.

**કાકડી** | કાકડી તમારા ચહેરાને નિખારવામાં મદદ કરી શકે છે. ઉપરાંત, આને લગાવવાથી ત્વચાને ઠંડક મળશે અને ચહેરાને હાઈડ્રેટ રાખવામાં મદદ મળી શકે છે. આ માટે તમે કાકડીને છીણીને ચહેરા પર લગાવી શકો છો. આ સિવાય તમે કાકડીના રસનો ઉપયોગ ટોનર તરીકે કરી શકો છો. ફક્ત ખાતરી કરો કે તે તાજી છે. તમે કાકડીના ટુકડા કાપીને તમારી આંખો પર મૂકીને પણ રાહત અનુભવી શકો છો.

**દહીં** | ઉનાળામાં લોકો લંચ અને ડિનર સાથે દહીં ખાવાનું પસંદ કરે છે. પરંતુ તે આપણી ત્વચા માટે પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ ત્વચાને ભેજ પ્રદાન કરે છે અને ચહેરાને સાફ કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. ટેનિંગ દૂર કરવામાં પણ તે અસરકારક માનવામાં આવે છે. આ માટે તમે દહીંમાં મધ મિક્સ કરીને ચહેરા પર લગાવી શકો છો. ઉપરાંત, તમે તેમાં ચણાનો લોટ અને હળદર ઉમેરીને પેસ્ટ બનાવી શકો છો અને તેને તમારા ચહેરા પર લગાવી શકો છો.

**કુંવરપાઠુ** | એલોવેરા ત્વચાને ઠંડક આપવાનું કામ કરે છે. જે ત્વચા પર લાલાશ અને બળતરા ઘટાડવામાં અને ત્વચાને ભેજયુક્ત રાખવામાં મદદ કરી શકે છે. આ માટે તમે તાજા એલોવેરા જેલનો ઉપયોગ કરી શકો છો.

# કારેલાની કડવાશ દૂર કરવાના ઘરેલુ નુસખાં

કારેલાનું નામ આવતાની સાથે અનેક લોકોનું મોં બગડી જાય છે. પરંતુ તમે કારેલાની કડવાશ દૂર કરીને શાક તેમજ બીજી રેસિપીમાં ઉમેરશો તો મીઠાશ લાગશે.

કારેલા સ્વાસ્થ્ય માટે અનેક રીતે ગુણકારી છે. પરંતુ કડવા કારેલા બહુ ઓછા લોકોને ભાવતા હોય છે. કારેલામાં આયરન, ફાઈબર, વિટામીન એ, વિટામીન સી તેમજ ઝિંકની માત્રા સારામાં સારી હોય છે. પોષક તત્વોથી ભરપૂર કારેલા તમે ખાઓ છો તો નાની-મોટી અનેક બીમારીઓને તમે દૂર કરી શકો છો.




કારેલાની કડવાશ દૂર કરવા માટે એક પ્લેટમાં હળદર લો અને એમાં મીઠું મિક્સ કરી લો. હળદર અને મીઠું બરાબર મિક્સ કરો. હવે આમાં કારેલા સમારીને મુકો. કારેલાને આ મિશ્રણમાં 10 થી 15 મિનિટ માટે મુકી રાખો. ત્યારબાદ નીચોવી લો. આમ કરવાથી વધારાનું પાણી અને કડવાશ દૂર થઈ જશે. આ કારેલાનું શાક બનાવશો તો મસ્ત લાગશે.

કારેલાની કડવાશ દૂર કરવા માટે તમે મીઠાનો ઉપયોગ કરી શકો છો. આ માટે એક મોટી તપેલી લો અને એમાં મીઠું લો. હવે આમાં કારેલા સમારીને મિક્સ કરી દો. થોડી વાર પછી એમાંથી પાણી કાઢી લો. આમ કરવાથી કારેલાની કડવાશ સરળતાથી દૂર થઇ જશે. મીઠાથી પણ કારેલાની કડવાશ તમે સરળતાથી દૂર કરી શકો છો. પહેલાના સમયમાં અનેક લોકો આ રીત અજમાવતા હતા.

કારેલાની કડવાશ દૂર કરવા માટે તમે દહીંનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમે કારેલાના કટકા કરી લો અને એને દહીંમાં એક કલાક સુધી મુકી રાખો. આમ કરવાથી કારેલાની કડવાશ દૂર થઇ જશે. આમ, તમે અંદરથી બી કાઢીને પણ કડવાશ ઓછી કરી શકો છો. આ ટિપ્સની મદદથી તમે કારેલાની કડવાશ દૂર કરશો અને પછી શાક બનાવશો તો મસ્ત બનશે અને ખાવાની મજા આવશે.

# મખાનાના ફોક્સ નટ , બદામ અને અખરોટ જેટલો શક્તિશાળી



દરરોજ એક વાટકી મખાના ખાવાથી તમે ફિટ રહી શકો છો. હા, તેમાં આવા ઘણા ગુણ જોવા મળે છે, જે તમારા કોલેસ્ટ્રોલને પણ કંટ્રોલ કરે છે અને વજન ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે.

મખાના એક ડ્રાય ફ્રુટ છે અને બદામ કે અખરોટની જેમ તેના પણ ઘણા ફાયદા છે. દરરોજ તેનું સેવન કરવાથી ઘણી બીમારીઓથી પણ બચી શકાય છે, જેમ કે તે કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરવામાં મદદરૂપ છે, જેનાથી હાર્ટ એટેકનો ખતરો ઓછો થાય છે. મખાનામાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે સારી પાચનક્રિયા જાળવવા માટે ખૂબ જ ફાયદાકારક છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ અનુસાર, તેને ઓર્ગેનિક હર્બ પણ કહેવામાં આવે છે કારણ કે તે કોઈપણ રાસાયણિક ખાતરો અથવા જંતુનાશકો વિના ઉગાડવામાં આવે છે. તેમાં ઘણા પોષક તત્વોની સારી માત્રા હોય છે, જે તમારા માટે સંપૂર્ણ સ્વસ્થ નાસ્તો બની શકે છે. આ સિવાય મખાનામાં ઓછી કેલરી હોય છે, તેથી તે વજન ઘટાડનારા લોકો માટે પણ ખૂબ સારું છે. તે ડાયાબિટીસના આહાર માટે પણ સારું છે.

મખાનામાં ઓછી કેલરી સાથે પ્રોટીન અને ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. 100 ગ્રામ મખાનામાં 347 કેલરી, 9 ગ્રામ પ્રોટીન, 1 ગ્રામ ચરબી અને 76 ગ્રામ કાર્બોહાઈડ્રેટ હોય છે. તેથી તે વજન ઘટાડવામાં મદદરૂપ છે અને તૃષ્ણાને પણ નિયંત્રિત કરે છે.મખાનાનું સેવન હૃદયના સ્વાસ્થ્ય માટે પણ મદદરૂપ છે, કારણ કે તેમાં સોડિયમ અને ચરબી ઓછી માત્રામાં હોય છે, જે કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખે છે અને હૃદયની બીમારીઓનું જોખમ ઘટાડે છે.આ એક ઓછી કેલરી ડ્રાય ફ્રુટ છે, જેને ડાયાબિટીસના દર્દીઓના આહારમાં સરળતાથી સામેલ કરી શકાય છે. તેમાં કેલરી ઓછી હોય છે અને તેમાં હાજર ફાઈબર મેટાબોલિઝમ ઝડપી બનાવે છે અને લોહીમાં સુગર લેવલને વધતું અટકાવે છે.

તેમાં ઉચ્ચ માત્રામાં કેલ્શિયમ હોય છે, જે મજબૂત હાડકાં અને તંદુરસ્ત દાંત માટે જરૂરી છે. જે લોકોને ઓસ્ટિયોપોરોસિસની સમસ્યા છે તેમના માટે તેનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. સાંધાની સમસ્યા માટે પણ આ ઘરેલું ઉપાય છે.મખાના પાચનને સુધારે છે અને તેમાં રહેલા ફાઈબર કબજિયાત અને અપચોની સમસ્યાને પણ સુધારે છે. તેમજ તે ખૂબ જ ઝડપથી પચી જાય છે. અપચો અને કબજિયાતથી પીડિત લોકો માટે તેનું સંતુલિત સેવન ફાયદાકારક સાબિત થઈ શકે છે.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઇ પણ પ્રકારે દવા કે ઇલાજનો વિકલ્પ હોઇ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# વર્લ્ડ કપ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝમાં ટેરર-એટેકની ધમકી મળી

■ સલામતીની વ્યાપક -જડબેસલાક યોજના ઘડાઈ ગઈ છે

ગુજરાત | વંદન

અમેરિકામાં ક્યારેક મૉલમાં તો ક્યારેક કોઈ પર્યટક સ્થળે તો ક્યારેક ધમધમતા જાહેર સ્થાને આતંકવાદી હુમલો થતો રહે છે એટલે ત્યાં પ્રજાના દિલોદિમાગમાં હુમલાનો હાઉ સતત રહ્યા કરે છે. જોકે પૂર્વસાવચેતીના પગલાં પણ લેવામાં આવતા હોય છે અને શકમંદોની ધરપકડ પણ કરવામાં આવતી હોય છે.હવે અમેરિકામાં ક્રિકેટની રમતની બાબતમાં સૌથી મોટો અવસર આવી રહ્યો છે એટલે સ્વાભાવિક રીતે ટેરરિસ્ટ જૂથો ખાસ પ્રયત્નો સાથે સક્રિય થશે.

વાત એવી છે કે પહેલી જૂનથી અમેરિકામાં અને પાડોશમાં આવેલા વેસ્ટ ઈન્ડિઝમાં સંયુક્ત રીતે મેન્સ ટી-20 વર્લ્ડ કપ યોજાવાનો છે. આ વિશ્વકપના આયોજનને આડે મોટું વિઘ્ન આવી રહ્યું છે. વર્લ્ડ કપ દરમ્યાન ખાસ કરીને વેસ્ટ ઈન્ડિઝમાં ટેરર-અટૅક થવાની ધમકી મળી છે.

ટ્રિનિદાદના વડા પ્રધાન ડૉ. કીથ રૉવ્લીએ આવી ધમકી મળી હોવાનું જાહેર કરવાની સાથે કહ્યું છે કે 'કમનસીબે, આતંકવાદી હુમલાનો ભય એકવીસમી સદીના આ યુગમાં સતત રહ્યા જ કરતો હોય છે.'

જોકે આ વર્લ્ડ કપના મુખ્ય આયોજક




ઈન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ ભારપૂર્વક જણાવ્યું છે કે 'હુમલાના કોઈ પણ પ્રકારના ભયને ખાળવા સલામતીની વ્યાપક અને જડબેસલાક યોજના ઘડાઈ ગઈ છે.'1-29 જૂનના આ વર્લ્ડ કપમાં 20 દેશ ભાગ લેશે. વર્લ્ડ કપ માટેના નવમાંથી છ સ્થળ વેસ્ટ ઈન્ડિઝમાં અને ત્રણ સ્થળ અમેરિકામાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો નવમી જૂનનો જંગ ન્યૂ યૉર્કમાં થવાનો છે.આતંકવાદી હુમલાનો ભય ખાસ કરીને વેસ્ટ ઈન્ડિઝમાં છે. વેસ્ટ ઈન્ડિઝના છ સ્થળમાં ઍન્ટિગા, બાર્બેડોઝ, ગયાના, સેન્ટ લ્યુસિયા, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનાડાનો સમાવેશ છે.

અમેરિકામાં વર્લ્ડ કપની મૅચો ન્યૂ યૉર્ક, લૉડરહિલ (ફ્લોરિડા) અને ડૅલસ (ટેક્સસ)માં રમાશે.વર્લ્ડ કપમાં કયું આતંકવાદી જૂથ હુમલો કરી શકે એનું રૉવ્લીએ સત્તાવાર રીતે નામ તો નહોતું આપ્યું, પરંતુ અહીં મળતા અહેવાલો જણાવે છે કે ઈસ્લામિક સ્ટેટ (આઈએસ) એ એના પ્રચાર માધ્યમ દ્વારા આ ધમકી પહોંચાડી છે.

# મહિલા T20 વર્લ્ડ કપનું શિડ્યૂલ જાહેર

■ મહિલા ટી20 વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં રમાવાનો છે

ગુજરાત | વંદન



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મહિલા ટી20 વર્લ્ડ કપનું શેડ્યુલ જાહેર કરી દીધું છે. આ વખતે મહિલા ટી20 વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં રમાવાનો છે. આ વર્લ્ડ કપમાં શરૂઆતી મુકાબલો 3 ઓક્ટોબરે ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ત્યારે છ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ પોતાની મેચની શરૂઆત ક્વોલિફાયર-1 સામે કરશે.

**ભારતના ગ્રૂપમાં પાકિસ્તાન પણ |** ભારતને ગ્રૂપ-એમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને ક્વોલિફાયર-1 સાથે રખાયું છે. ત્યારે ગ્રૂપ-બીમાં સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, વેસ્ટઈન્ડિઝ, બાંગ્લાદેશ અને ક્વોલિફાયર-2 છે. ઓસ્ટ્રેલિયાએ ગત વર્ષ કેપ ટાઉનમાં યજમાન સાઉથ આફ્રિકાને હરાવીને રેકોર્ડ છઠ્ઠી વખત ખિતાબ જીત્યો હતો. ભારતીય ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન 2020માં રહ્યું હતું, જ્યારે તે ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહી હતી.

### મહિલા T20 વર્લ્ડ કપ શિડ્યૂલ

| | |
|---|---|
| 4 ઓક્ટોબર: | ભારત vs ન્યુઝીલેન્ડ, સિલહટ |
| 6 ઓક્ટોબર: | ભારત vs પાકિસ્તાન, સિલહટ |
| 9 ઓક્ટોબર: | ભારત vs ક્વોલિફાયર-1, સિલહટ |
| 13 ઑક્ટોબર: | ભારત vs ઑસ્ટ્રેલિયા, સિલહટ |
| 17 ઓક્ટોબર: | પ્રથમ સેમિફાઈનલ, સિલહટ |
| 18 ઓક્ટોબર: | બીજી સેમિફાઈનલ, ઢાકા |
| 20 ઓક્ટોબર: | ફાઈનલ, ઢાકા |

ભારતીય મહિલા ટીમ પોતાનો પહેલો મુકાબલો ન્યૂઝીલેન્ડ સામે 4 ઓક્ટોબરે સિલહટમાં રમશે. ત્યારે 6 ઓક્ટોબરે તેમનો સામનો પાકિસ્તાન સાથે થશે. પછી 9 ઓક્ટોબરે તે ક્વોલફાયર-1 સાથે ટકરાશે. ભારતની છેલ્લી ગ્રૂપ મેચ 13 ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સાથે થશે. ભારતીય ટીમ પોતાની તમામ ગ્રૂપ મેચ સિલહટમાં રમશે.

# નવનીત કૌર ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન તરીકે નિયુક્ત

■ પોતાની સિદ્ધિનો શ્રેય તેના ગુરુ કોચ બલદેવ સિંહને આપ્યો

ગુજરાત | વંદન



શાહબાદની પુત્રી હોકી ઓલિમ્પિયન નવનીત કૌરને ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. નવનીત કૌર પહેલા શાહબાદની છ દીકરીઓએ ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટનશીપ કરી છે અને તમામ ખેલાડીઓને કોચ બલદેવ સિંહ દ્વારા તાલીમ આપવામાં આવે છે.ફોન પર થયેલી વાતચીતમાં નવનિયુક્ત નવનીત કૌરે પોતાની સિદ્ધિનો શ્રેય તેના ગુરુ કોચ બલદેવ સિંહને આપ્યો છે અને કહ્યું છે કે ભારતીય ટીમે જે અપેક્ષા સાથે તેને આ જવાબદારી સોંપી છે તેને તે સારી રીતે નિભાવશે અને તેનો પ્રયાસ સફળ થશે. પાછા આવવા માટે સ્પર્ધાઓ જીતવી જોઈએ અને દેશની કીટીમાં મૂકવી જોઈએ.

નવનીત કૌર સેન્ટર ફોરવર્ડ ખેલાડી છે અને અત્યાર સુધી તેણે 165 આંતરરાષ્ટ્રીય મેચોમાં 48 ગોલ કર્યા છે અને પ્રથમ વખત ઓલિમ્પિક ક્વોલિફિકેશનનો વિજેતા ગોલ પણ નવનીત કૌરની લાકડીથી આવ્યો છે. હોકી પ્રેમીઓએ કહ્યું કે તેઓ ખુશ છે કે નવનીત કૌરને ભારતીય મહિલા હોકી ટીમની ઉપ-કેપ્ટન બનાવવામાં આવી છે, પરંતુ એ પણ દુઃખદાયક છે કે શાહબાદની ધરતીમાંથી હવે મહિલા હોકી ખેલાડીઓ પેદા નથી થઈ રહી.નવનીત કૌરના ઉપ-કેપ્ટન બનવા પર ભાજપના લોકસભા ક્ષેત્રના ઉમેદવાર નવીન જિંદાલ, પૂર્વ રાજ્ય મંત્રી કૃષ્ણા બેદી, ધારાસભ્ય રામકરણ કાલા, કર્ણરાજ સિંહ તૂર, શાલુ જિંદાલ, પૂર્વ મંત્રી સાવિત્રી જિંદાલ, સરપંચ નરેન્દ્ર રાણા સાધુપુર, મનીષ કુમાર શર્મા યારા. , રાજુ ચાવલા, રાજ સતીજા, એડવોકેટ ગૌરવ બેદી, એસોસિએશનના પ્રમુખ સુખદીપ મોહરી, સરપંચ ગગન કુમાર, મુલખ રાજ ગુમ્બર, કાઉન્સિલર ઈશા સચદેવા, કાઉન્સિલર આરતી ગુપ્તા, અનીતા વાધવા, અંકુર સિદ્ધુ, વીણા સચદેવા સહિત મોટી સંખ્યામાં લોકોએ ખુશી વ્યક્ત કરી હતી. આ માટે નવનીત કૌરને અભિનંદન પાઠવ્યા હતા.

# ભારતમાં પ્રથમવાર વ્યવસાયિક પિકલબોલ લીગની શરૂઆત

■ ગૌરવ નાટેકરની SETVI સાથે ભાગીદારી, લીગ શરૂ કરી

ગુજરાત | વંદન



અર્જુન એવોર્ડ વિજેતા ગૌરવ નાટેકર SETVI સાથે ભાગીદારી કરીને વર્લ્ડ પિકલબોલ લીગ શરૂ કરવા માટે તૈયાર છે.સંભવિત રેકેટ સ્પોર્ટ્સ હબ તરીકે ભારતની વધતી પ્રતિષ્ઠાને નાટેકર સ્પોર્ટ્સ એન્ડ ગેમિંગ (NSG) અને સોની એન્ટરટેઈનમેન્ટ ટેલેન્ટ દ્વારા પરિકલ્પિત વિશ્વ પિકલબોલ લીગ , પ્રથમ વ્યાવસાયિક પિકલબોલ લીગની શરૂઆતથીજ પ્રોત્સાહન મેળવવા માટે તૈયાર છે. વેન્ચર્સ ઈન્ડિયા (SETVI).

NSG, 'ભૂતપૂર્વ ડેવિસ કપ સ્ટાર અને અર્જુન એવોર્ડી ગૌરવ નાટેકર' અને તેની પત્ની, 'આરતી પોનપ્પા નાટેકર, ટેનિસમાં ભૂતપૂર્વ ભારત નંબર 1' દ્વારા પ્રમોટ કરાયેલી કંપની છે. SETVI એ સોની મ્યુજિક કંપની અને સોની પિક્ચર્સ એન્ટરટેનમેન્ટ વચ્ચેનું સંયુક્ત સાહસ છે. NSG પાસે SETVI તેમના વ્યૂહાત્મક રોકાણકાર તરીકે અને વર્લ્ડ પિકલબોલ લીગમાં ભાગીદાર હશે જે ઓલ ઈન્ડિયા પિકલબોલ ફેડરેશન અને ઈન્ટરનેશનલ પિકલબોલ ફેડરેશનના નેજા હેઠળ યોજાશે. એક ખેલાડી, સલાહકાર, ઉદ્યોગસાહસિક અને પ્રબંધક તરીકેના તેમના 35 વર્ષથી વધુના વ્યાપક અનુભવનો ઉપયોગ કરીને, નાટેકર સ્પોર્ટ્સ એન્ડ ગેમિંગના સ્થાપક અને CEO ગૌરવ નાટેકરે કહ્યું: "અમને ભારતમાં ઉદ્ઘાટન વૈશ્વિક વ્યાવસાયિક પિકલબોલ લીગનું અનાવરણ કરવામાં ગર્વ છે અને અમે ઉત્સાહિત છીએ. કે SETVI એ અમારી સાથે રોકાણ કરવાનું પસંદ કર્યું છે. એનએસજીમાં, અમે હંમેશા વાઈબ્રન્ટ સ્પોર્ટ્સ કલ્ચરને પ્રોત્સાહન આપવા અને ભારતમાં રમતગમતની ઈકોસિસ્ટમને વિકસાવવા માટે સતત તકો શોધવાનું વિચાર્યું છે અને પિકલબોલ સંપૂર્ણ મૂર્ત સ્વરૂપ તરીકે પીકલ બોલ ઉભરી આવ્યું છે. તેનો શીખવામાં સરળ અને રમવાનો સ્વભાવ તેની સાથે વય અને લિંગ અજ્ઞેયવાદી હોવાને કારણે તે લોકો માટે બહાર આવવા અને રમવા માટે તેને આદર્શ રમત બનાવે છે અને આ રીતે રમતગમતની સહભાગિતાને લોકશાહી બનાવે છે જે પહેલાં ક્યારેય ન હતી.

વધુમાં, અમારા રોકાણકાર તરીકે SETVI અને અમારા ભાગીદાર તરીકે ઓલ ઈન્ડિયા પિકલબોલ એસોસિએશન (AIPA) હોવાને કારણે, હું માનું છું કે અમારી પાસે ભારતને 'નવા યુગ'ની પ્રવૃત્તિમાં જોડાવવાની અનોખી તક છે જે ભારતના લોકોના મૂળભૂત ફિટનેસ સ્તરમાં પણ વધારો કરશે.ભારતમાં વધી રહેલા 30 મિલિયન પરિવારો માટે પિકલબોલ ઝડપથી સાંસ્કૃતિક અને સામાજિક રમતગમતની ઘટના બની રહી છે જેઓ વપરાશ અથવા રમવા માટે રમતગમતની ઍક્સેસ મેળવવા માંગે છે. વર્લ્ડ પિકલબોલ લીગ વય અને લિંગ અવરોધોને પાર કરીને રમતમાં વધતી જતી રુચિને ટેપ કરવા અને સમગ્ર દેશમાં મધ્યમ અને ઉચ્ચ-મધ્યમ-વર્ગના વર્ગોને જોડવામાં મદદ કરશે.

# વરિષ્ઠ રાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં અજય બેનીવાલે ગોલ્ડ મેડલ જીત્યો...

■ ગ્રામજનો દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું

ગુજરાત | વંદન



તાજેતરમાં ઉત્તર પ્રદેશના વારાણસીમાં ત્રણ દિવસીય વરિષ્ઠ રાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પાણીપત જિલ્લાના ગામ કાવીના રહેવાસી ખેલાડી અજય બેનીવાલે ગોલ્ડ મેડલ જીત્યો હતો. સુવર્ણ ચંદ્રક જીતવા પર, ગામના કવિ અને આજુબાજુના ગામોના ગ્રામજનો દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતવીર નીરજ બેનીવાલને ખુલ્લી કારમાં બેસાડવામાં આવ્યા હતા અને અસંધ રોડ ગામ ભાલસીમાં લક્ષ્મી પેટ્રોલ પંપથી રાજ્યસભા સાંસદ કૃષ્ણ લાલ પંવારના ગામ કાવી સુધી રોડ શો કાઢવામાં આવ્યો હતો.

આ દરમિયાન સુવર્ણચંદ્રક વિજેતા અજય બેનીવાલનું સ્થાનિક લોકોએ ફૂલોની વર્ષા કરીને સ્વાગત કર્યું હતું. રાજ્યસભાના સાંસદ કૃષ્ણલાલ પંવાર પણ કાર્યક્રમમાં પહોંચ્યા હતા અને અજય બેનીવાલને શુભેચ્છા પાઠવી હતી. પંવરે કહ્યું કે અમને અમારા પુત્ર અજય પર ગર્વ છે કે ઉત્તર પ્રદેશની ધરતી પર જઈને ગોલ્ડ મેડલ જીતીને તેણે માત્ર જિલ્લાનું જ નહીં પરંતુ સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ પ્રસંગે એડીએ સુરેન્દ્ર બેનીવાલ, કોચ પ્રકાશ, કોચ રાજેશ બેનીવાલ, કોચ રણબીર ઢાકા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પુરુષ- મહિલા 400 મીટર રિલે ટીમ થઈ ઓલિમ્પિકમાં ક્વોલિફાય

■ બહામાસમાં બન્ને ટીમ બીજા રાઉન્ડની હીટ્સમાં બીજા સ્થાને રહી...

ગુજરાત | વંદન







ખેલ જગતના તારલાઓ દ્વારા ફરી એક વાર મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે, ભારતીય મહિલા 4×400 મીટર રિલે ટીમ વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટ્સમાં બીજા સ્થાને રહીને પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ હતી. ભારતીય પુરુષોની 4×400 મીટર રિલે ટીમ પણ નાસાઉ, બહામાસમાં વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટ રેસ દરમિયાન પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ હતી.

રૂપલ ચૌધરી, એમ આર પૂવમ્મા, જ્યોતિકા શ્રીદાંડી અને સુભા વેંકટેશન ત્રણ મિનિટ અને 29.35 સેકન્ડનો સમય લઈને હીટ નંબર એકમાં જમૈકા (3:28.54) પછી બીજા સ્થાને રહી હતી. અગાઉ ભારતીય ટીમ રવિવારે પ્રથમ રાઉન્ડની ક્વોલિફાઈંગ હીટમાં ત્રણ મિનિટ અને 29.74 સેકન્ડના સમય સાથે પાંચમા સ્થાને રહી હતી. મોહમ્મદ અનસ યાહિયા, મોહમ્મદ અજમલ, આરોકિયા રાજીવ અને અમોજ જેકબની પુરૂષ ટીમ 3:3.23 સેકન્ડ સાથે યુનાઈટેડ સ્ટેટ્સ (2:59.95) પાછળ બીજા સ્થાને રહી હતી. તે જાણીતું છે કે બીજા રાઉન્ડમાં ત્રણ હીટમાં ટોચની બે ટીમો પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરશે. પેરિસ ઓલિમ્પિક આ વર્ષે 26 જુલાઈથી 11 ઓગસ્ટ દરમિયાન યોજાશે.

# આઈપીએલમાં શુભમન ગિલના નામે વધુ એક રેકોર્ડ, તોફાની સદી ફટકારી..

■ IPL ઈતિહાસની 100મી સદી માત્ર 49 બોલમાં પૂરી કરી

ગુજરાત | વંદન



શુભમન ગિલની આ IPL સિઝન સારી રહી ન હતી અને આ ઈનિંગ પહેલા તેના નામે માત્ર એક અડધી સદી હતી, પરંતુ ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન કરો યા મરો મેચમાં સદી ફટકારીને ફોર્મમાં પરત ફર્યો અને ટીમને મોટા સ્કોર તરફ લઈ ગયો હતો. ચેન્નાઈ સામે શુભમન ગિલે શાનદાર સદી ફટકારી IPLમાં પોતાની ચોથી સેન્ચુરી ફટકારી હતી.

ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ ખરાબ ફોર્મમાંથી બહાર આવ્યો અને IPL 2024ની સૌથી મહત્વપૂર્ણ મેચમાં જબરદસ્ત સદી ફટકારી. ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની પોતાની ટીમની 'કરો યા મરો' મેચમાં સ્ટાર બેટ્સમેન ગિલે માત્ર 49 બોલમાં પોતાની સદી પૂરી કરી અને પોતાની ટીમને વિશાળ સ્કોર સુધી લઈ ગયો.

ગિલના બેટમાંથી આ સદી પણ IPL ઈતિહાસની 100મી સદી સાબિત થઈ. માત્ર ગિલ જ નહીં પરંતુ તેના યુવા ઓપનિંગ પાર્ટનર સાઈ સુદર્શને પણ તેની પ્રથમ સદી ફટકારી હતી. બંનેએ સાથે મળીને 200થી વધુ રનની ભાગીદારી કરી અને ચેન્નાઈને વિકેટ માટે તડપાવ્યું હતું.ગુજરાતમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચ અન્ય ટીમો માટે પણ મહત્વની હતી અને આવી સ્થિતિમાં ગુજરાતના સુકાનીએ તમામ વતી જવાબદારી સંભાળી હતી. જો કે તે ટોસ હારી ગયો અને પહેલા બોલિંગ કરવા માંગતો હતો, તેમ છતાં તેને અજાણતા ચેન્નાઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું તેનો ફાયદો મળ્યો. ગિલે પ્રથમ ઓવરમાં જ ચોગ્ગા અને છગ્ગા ફટકારીને આક્રમણની શરૂઆત કરી અને 18મી ઓવર સુધી ચેન્નાઈના બોલરોને ફટકારવાનું ચાલુ રાખ્યું.

આ મેચ પહેલા ગિલ IPL 2024માં 11 ઈનિંગ્સમાં માત્ર 1 અડધી સદી ફટકારી શક્યો હતો, પરંતુ આ વખતે તેણે તેની પાછલી નિષ્ફળતાઓનું વળતર આપ્યું. ગુજરાતના કેપ્ટને માત્ર 25 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને પછી 50 બોલમાં પોતાની સદી પૂરી કરી. ગિલની IPL કારકિર્દીની આ ચોથી સદી છે. તેણે ગત સિઝનમાં 3 સદી ફટકારી હતી. ખાસ વાત એ છે કે ગિલની આ સદી સાથે IPLમાં 100 સદી પણ પૂરી થઈ ગઈ હતી. વિરાટ કોહલી એક દિવસ પહેલા જ આ ચૂકી ગયો હતો.

શુભમને 55 બોલમાં 104 રનની ઈનિંગ રમી જેમાં 9 ફોર અને 6 સિક્સ સામેલ હતી. ગિલ સાથે તેના ઓપનિંગ પાર્ટનર સુદર્શને પણ જોરદાર ફટકાબાજી કરતા 52 બોલમાં તેની પ્રથમ IPL સદી ફટકારી. બંનેએ સાથે મળીને પ્રથમ વિકેટ માટે માત્ર 17.2 ઓવરમાં 210 રનની ભાગીદારી કરી હતી. IPLના ઈતિહાસમાં આ ત્રીજી સૌથી મોટી ભાગીદારી છે અને ગુજરાત ટાઈટન્સ માટે સૌથી મોટી રેકોર્ડ ભાગીદારી છે. જોકે, બંને 18મી ઓવરમાં તુષાર દેશપાંડેનો શિકાર બન્યા હતા, જે બાદ ચેન્નાઈએ પુનરાગમન કર્યું અને છેલ્લી 3 ઓવરમાં માત્ર 22 રન આપીને ગુજરાતને 231 રન પર રોકી દીધું હતું.

# T20 વર્લ્ડ કપ માટે ભારતની જર્સી લોન્ચ કરવામાં આવી

■ 'એક જર્સી. એક રાષ્ટ્ર.: અડીડાસ

ગુજરાત | વંદન




ICC T20 વર્લ્ડ કપ 2024 માટે ભારતીય ક્રિકેટ ટીમની નવી જર્સી લોન્ચ કરવામાં આવી છે. આ જર્સીને આકાશમાં વાદળોની વચ્ચે હેલિકોપ્ટરમાં લોન્ચ કરવામાં આવી છે. આ જર્સીના ફર્સ્ટ લુકમાં બરફના પહાડો અને ખુલ્લી ખીણો બતાવવામાં આવી છે. ભારતીય ક્રિકેટ ટીમની નવી જર્સી હવામાં લહેરાતી લોન્ચ કરવામાં આવી હતી. ભારતીય ક્રિકેટ ટીમની કિટના સત્તાવાર નિર્માતા એડિડાસે નવી જર્સી વિશે માહિતી આપી. પોસ્ટ કરતી વખતે એડિડાસે લખ્યું, 'એક જર્સી. એક રાષ્ટ્ર. પ્રસ્તુત છે ટીમ ઈન્ડિયાની નવી T20 જર્સી. આ જર્સી 7મી મેના રોજ સવારે 10:00 વાગ્યાથી સ્ટોર્સ અને ઓનલાઈન ઉપલબ્ધ થશે.

આ જર્સી ટીમ ઈન્ડિયાની અન્ય જર્સીથી અલગ છે. સામાન્ય રીતે ટીમ ઈન્ડિયાની જર્સી બ્લુ કલરની હોય છે પરંતુ આ જર્સીમાં બ્લુ કલરની સાથે ઓરેન્જ કલરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ જર્સી ખૂબ જ આકર્ષક લાગી રહી છે, આ જર્સીમાં V ટાઈપની ગરદન છે અને જર્સીની ગરદન પર ત્રિરંગાનો રંગ પણ દેખાય છે. સોલ્ડર પર ઓરેન્જ કલર છે. આ સાથે, છાતીની આગળની જર્સીનો રંગ સંપૂર્ણપણે વાદળી છે. જર્સી પર BCCI, Adidas અને Dream-11ના લોકો પણ જોવા મળે છે. આ સાથે ભારતનું નામ પણ ઓરેન્જ રંગમાં લખાયેલું છે.

જર્સી જે ICC T20 વર્લ્ડ કપ માટે લોન્ચ કરવામાં આવી છે. ટીમ ઈન્ડિયાએ 2019માં યોજાયેલા વર્લ્ડ કપમાં પણ આવી જ જર્સી પહેરી છે. પરંતુ તે જર્સીનો વાદળી રંગ ઘાટો હતો અને તે જર્સીમાં કેસરી રંગનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.T20 વર્લ્ડ કપ 1 જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ 29 જૂને રમાશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચ 5 જૂને આયર્લેન્ડ સામે રમવા જઈ રહી છે. જ્યારે 9 જૂને તે પાકિસ્તાન સામે રમતા જોવા મળશે.

# ટી-20માં દુબે અને યશસ્વી ટ્રમ્પ કાર્ડ સાબિત થશે : રવિ શાસ્ત્રી

■ ભારતને T20 વર્લ્ડ કપમાં મોટો સ્કોર કરવામાં મદદ કરશે

ગુજરાત | વંદન



ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, શિવમ દુબેની મોટા છગ્ગા ફટકારવાની ક્ષમતા ભારતને T20 વર્લ્ડ કપમાં મોટો સ્કોર કરવામાં મદદ કરશે. ભારતની આશા યશસ્વી જયસ્વાલ સાથે દુબે પર ટકી રહેશે.

આ બંને, જેઓ પ્રથમ વખત વર્લ્ડ કપમાં રમી રહ્યા છે, તે ટીમ માટે ટ્રમ્પ કાર્ડ હશે. શાસ્ત્રીએ કહ્યું, બંને ડાબા હાથના બેટ્સમેન છે અને પોતાનો પહેલો વર્લ્ડ કપ રમી રહ્યા છે. એક યશસ્વી છે જેણે ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તે યુવાન છે અને નિર્ભયતાથી રમે છે.

ચેન્નાઈ તરફથી રમતા દુબેએ આ સિઝનમાં 11 મેચમાં 170.73ના સ્ટ્રાઈક રેટથી 350 રન બનાવ્યા છે. તેણે કહ્યું, દુબે મિડલ ઓર્ડરમાં મેચ વિનર છે. તે મનોરંજન માટે સિક્સર પણ મારે છે. પાંચ અને છઠ્ઠા નંબર પર તેની ભૂમિકા મહત્વની રહેશે.



# જ્યારે ધોનીએ કીધું :આ ગલે લગ જા ..!!!

■ ચેન્નઈના જબરા ફેન્સને માહીએ ગળે લગાડ્યો

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સિઝનની 59મી મેચ ગુજરાત ટાઈટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચ ગુજરાતની ટીમે 35 રને જીતીને પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી હતી. આ મેચમાં ભલે ચેન્નઈ સુપર કિંગ્સને હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ફરી એકવાર ચાહકોને ધોનીની તોફાની બેટિંગ જોવા મળી.ચેન્નઈના ફેન્સ માટે સ્થળ કોઈપણ હોય પણ ધોનીની એક ઝલક જોવા માટે હંમેશા આતુર રહેતા હોય છે. ત્યારે દર વખતની જેમ આ વખતે પણ ધોનીએ જ્યારે ક્રીઝ પર આવતા જ છવાઈ ગયો હતો. આ મેચમાં ધોની ફરી એકવાર આઠમા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. મેચ દરમિયાન ધોનીનો એક ફેન પણ મેદાનમાં આવી પહોંચ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. નોંધનીય છે કે ધોનીની જેવી જ મેદાનમાં એન્ટ્રી થઈ કે સ્ટેડિયમ ધોની-ધોનીથી ગૂંજી ઉઠ્યું હતું.

ગુજરાત સામેની મેચમાં એમએસએ 26 રનની અણનમ તોફાની ઈનિંગ રમી હતી. ધોનીએ પોતાની ઈનિંગ દરમિયાન ત્રણ ગગનચૂંબી છગ્ગા પણ ફટકાર્યા હતા. તેમાંથી માહી દ્વારા રાશિદ ખાનની ઓવરમાં સતત 2 સિક્સર ફટકારવામાં આવી હતી. જ્યારે ધોની મેચની છેલ્લી ઓવરમાં બેટિંગ કરી રહ્યો હતો ત્યારે ધોનીનો એક જબરો ફેન સ્ટેડિયમમાંથી સીધો મેદાનમાં ઘસી આવ્યો હતો. આ પછી ચાહક થાલાને પગે લાગ્યો હતો. ધોનીએ પણ પોતાના ફેનને નિરાશા ન થવા દીધો અને ગળે લગાવ્યો હતો.

# વિદેશની જેમ બન્ને નેતાઓને એક મંચ પરથી મુદ્દા રજૂ કરવા આમંત્રણ

■ પીએમ મોદી અને રાહુલ એક જ મંચ પરથી સામસામે ભાષણ આપે તેવી શક્યતા નહીંવત

ગુજરાત | વંદન

વિદેશમાં જેમ ચૂંટણીઓ વખતે બન્ને પક્ષોના આગેવાનોને જાહેર ચર્ચામાં ભાગ લઈને પોતપોતાના મુદ્દા રજૂ કરવાની પરંપરા અમલમાં છે એવી પરંપરા ભારતમાં નથી. સત્તાપક્ષ અને વિપક્ષના નેતાઓ અલગ અલગ જાહેરસભાઓમાં પોતાના મુદ્દા રજૂ કરે છે. જો કે આ વખતે વડાપ્રધાન અને વિપક્ષના નેતાને એક મંચ પર આવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. પરંતુ તેઓ બન્ને એક મંચ પર આવે તેવી કોઈ શકયતા નથી.

વિગતમાં જોઈએ તો, દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીઓમાં નેતાઓ દ્વારા એકબીજા પર કરાતા આક્ષેપ-પ્રતિઆક્ષેપો વચ્ચે પૂર્વ ન્યાયાધિશ મદન બી. લોકુર, એ.પી. શાહ તથા પત્રકાર એન. રામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને જાહેર ચર્ચામાં ભાગ લેવા એક પત્ર લખ્યો છે. પત્રમાં જણાવ્યાં અનુસાર, લોકોને નેતાઓ દ્વારા એકબીજા પર કરતા આક્ષેપો જ સાંભળવા મળે છે, પરંતુ તેના અર્થસભર જવાબો નહીં મળતાં હોવાથી ભાજપ અને કોંગ્રેસના ટોચના નેતાઓએ જાહેર ડિબેટ કરવી જોઈએ.

પત્રમાં જણાવ્યાં અનુસાર, આ પ્રકારની જાહેર ચર્ચાની આ દરખાસ્ત નિષ્પક્ષ અને રાષ્ટ્રના



વ્યાપક હિતમાં છે. ટોચના નેતાઓ દ્વારા જાહેર મંચ પર કરાયેલી ચર્ચાથી નાગરિકોને લાભ થવાની સાથે સાથે જ લોકશાહી વધુ મજબૂત બનશે.

પત્રમાં વધુમાં જણાવ્યાં અનુસાર ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. આપણી ચૂંટણીઓ પર દુનિયાભરના દેશોની નજર હોય છે. આથી આ પ્રકારની ચર્ચાથી પ્રજામાં લોકશાહીના મુલ્યો અંગે જાગરુકતા ફેલાવવામાંની સાથે સાથે જ વિશ્વ સમક્ષ એક તંદુરસ્ત અને મજબૂત લોકશાહીની છબિ રજૂ કરવામાં મદદ મળશે. આવી જાહેર ચર્ચા માટેનું સ્થળ, સમય અને તેના સંચાલકોની પસંદગી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની સહમતિ મુજબ નક્કી કરાશે.

પત્રમાં જણાવ્યાં અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને અનામત, કલમ 370 અને સંપતિની પુન:વહેંચણી જેવા મામલે પડકાર ફેંક્યો છે. જ્યારે કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બંધારણને નષ્ટ કરવાનો, ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ અને ચીન પ્રત્યેના વલણ મામલે પોતાનો અભિગમ રજૂ કરવા પડકાર ફેંક્યો છે. આ તમામ મુદ્દે સામાન્ય નાગરિકોને માત્ર આક્ષેપો જ સાંભળવા મળે છે, પરંતુ જો તેઓને આ તમામ મુદ્દાઓ પર બંને પક્ષોની પ્રતિક્રિયા પણ જાણવા મળે તો તેનાથી તેમને લાભ થશે અને લોકશાહીની પ્રક્રિયામાં તેમનો વિશ્વાસ વધુ દૃઢ બનશે.

# કોરોનાના નવા વેરિઅન્ટ FLiRTથી અમેરિકામાં ભય

■ નવા વેરિએન્ટ પર કોરોના વેક્સીનની પણ અસર નહિવત

ગુજરાત | વંદન

એક વખત ફરી કોરોનાના એક નવા વેરિએન્ટ FLiRTએ લોકોને ડરાવ્યા છે. કોરોના વેક્સીન લગાવ્યા બાદ એવું લાગી રહ્યું હતું કે હવે આપણે કોરોનાથી ડરવાની જરૂર નથી. પરંતુ અમુક રિપોટ્ર્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે આ નવા વેરિએન્ટ પર કોરોના વેક્સીનની પણ અસર નથી થઈ રહી.અમેરિકામાં FLiRTના દર્દીની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. સીડીસીએ આખા અમેરિકામાં FLiRT COVID-19 વેરિએન્ટમાં વધારાનો રિપોર્ટ આપ્યો છે. જેમાં KP.2 સ્ટ્રેનના દર્દીની સંખ્યા સૌથી વધારે છે.

સેન્ટર ફોર ડિઝીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન અનુસાર આખા અમેરિકામાં COVID-19ના નવા વેરિએન્ટની સાથે મળીને એક નવા વેરિએન્ટના રૂપમાં ફેલાઈ રહ્યો છે. આ આખા ગ્રુપને અમેરિકાના સાયન્ટિસ્ટે FLiRTનું નામ આપ્યું છે. તેમાંથી KP.2 વેરિએન્ટ સૌથી વધારે ફેમસ છે.

FLiRT કોરોનાના નવા વેરિએન્ટથી મળીને બનાવ્યું છે


ઓમીક્રોનના JN.1

KP.2 અને KP 1.1

FLiRT વેરિએન્ટ, ઓમીક્રોનના JN.1ની ફેમિલીથી સંબંધિત છે. આ અમેરિકામાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે. છેલ્લા ઓમીક્રોન વેરિએન્ટની તુલનામાં આ વધારે સંક્રામક થતો જઈ રહ્યો છે. તેમાં KP.2 અને KP 1.1 પણ છે જે ચિંતાનું કારણ છે. નિષ્ણાંતો અનુસાર આ ઉનાળામાં ઝડપથી ફેલાઈ રહ્યું છે. તેના પર રિસર્ચ કરનાર સાયન્ટિસ્ટોનું કહેવું છે કે સમય રહેતા તેને રોકવા જરૂરી છે કારણ કે આ નવી લહેરનું રૂપ લઈ શકે છે.

FLiRTના લક્ષણ અન્ય વેરિએન્ટના જેવા છે. સ્વાસ્થ્ય અધિકારીઓનું કહેવું છે કે ભલે હોસ્પિટલમાં દાખલ થવાના કેસ ઓછા આવી રહ્યા છે. પરંતુ દુનિયા અને દેશભરમાં તાપમાન વધવાની સાથે સંક્રમણની સંખ્યા વધવાની આશંકા છે.

**CDCના રિપોર્ટના આધાર પર FLiRTના લક્ષણ**



- તાવની સાથે ઠંડી લાગવી કે ફક્ત તાવ આવવો
- સતત ખાંસી આવવી
- ગળુ ખરાબ થવું
- નાક બંધ થવું કે નાક વહેવું
- માથામાં દુખાવો
- મસલ્સમાં દુખાવો
- શ્વાસ લેવામાં મુશ્કેલી
- થાક
- સ્વાદ કે પછી કોઈ પણ વસ્તુની ગંધ ન આવવી
- સાંભળવામાં મુશ્કેલી
- ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ સમસ્યા (જેમ કે પેટ ખરાબ રહેવું, હલ્કા ઝાડા, ઉલ્ટી)

# સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં જવા માટે તૈયાર, હવામાન અનુકૂળ થતાં જ ઝુઉઉઉમ!

■ મૂળ ગુજરાતી સુનિતા ત્રીજી વખત સ્પેસ સેન્ટરમાં જઈને વિવિધ પ્રયોગો કરશે

ગુજરાત | વંદન




મૂળ ગુજરાતી અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સની ત્રીજી વખતની અંતરિક્ષ યાત્રા 8મી મેના રોજ ટેકઓફની 90 મિનિટ અગાઉ જ મોકૂફ રાખવાની ફરજ પડી હતી. સુનિતા બોઈંગના સ્ટારલાઈનર અંતરિક્ષયાનમાં ફ્લોરિડાના કેપ કેનેવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશન પરથી ભારતીય સમય અનુસાર, સવારે 8.40 કલાકે અંતરિક્ષયાત્રા પર જવાની હતી.

જો કે હવે તેઓ ક્યારે અંતરિક્ષમાં જશે તેની કોઈ સત્તાવાર જાહેરાત થઇ નથી. પણ સર્જાયેલી ટેકનીકલ ખામી દૂર થતાં અને ઉડ્ડયન માટે વાતાવરણ સારૂ થતાં સુનિતા સ્પેસ સ્ટેશન માટે રવાના થશે.ઉડ્ડયન અગાઉ સ્પેસયાનની ચકાસણી દરમિયાન તેના ઓક્સિજન રિલીફ વાનમાં ખામી જણાતાં ઉડ્ડયન રદ કરવાની જાહેરાત કરાઈ હતી.

ઉડ્ડયનની નવી તારીખ જાહેર કરાઈ નથી. જોકે નાસાના જણાવ્યાં અનુસાર, તેઓ 10 મે પછી જ નવી તારીખ નક્કી કરશે. સુનિતા સાથે નાસાના વૈજ્ઞાનિક બેરી વિલ્મોર પણ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન પર જવાના હતાં. સુનીતા એક મેરેથોન દોડવીર પણ છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહીને તે મેરેથોન પણ દોડી હતી. આ પહેલા તેણે 2006 અને 2012માં અંતરિક્ષમાં ઉડાન ભરી હતી. નાસાના ડેટા અનુસાર સુનીતાએ કુલ 322 દિવસ અંતરિક્ષમાં વિતાવ્યા છે. તે પહેલાંમૂળ ભારતીય કલ્પાના ચાવલાને અંતરિક્ષમાં જવાની તક મળી હતી. જો કે પરત ફરતી વખતે તેમનુ યાન સળગી જતાં કલ્પના સહિત તમામ અન્ય અંતરિક્ષયાત્રીઓના કરૂણ મોત નિપજ્યા હતા.

# અક્ષય તૃતીયાના પાવન અવસરે ચારધામ યાત્રાનો પ્રારંભ થયો

■ કેદારનાથ ધામના પ્રમુખ રાવલે મંદિરના દરવાજા સંપૂર્ણ વિધિઅનુસાર ખોલ્યા

ગુજરાત | વંદન



ઉત્તરાખંડમાં શુક્રવારે સવારે કેદારનાથ ધામના દરવાજા ખોલવાની સાથે ચાર ધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. અક્ષય તૃતીયાના પાવન અવસર પર ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. હજારો ભક્તો કેદાર નગરી પહોંચી ગયા છે. આ દરમિયાન કેદારધામ જય કેદારના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

કેદારનાથ ધામના પ્રમુખ રાવલ ભીમાશંકર લિંગે મંદિરના દરવાજા સંપૂર્ણ વિધિ સાથે ખોલ્યા. કેદારનાથ ધામના દરવાજા સવારે 7.10 વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ હાજર હતા. આ પછી યમુનોત્રી ધામના દ્વાર સવારે 10.29 કલાકે અને ગંગોત્રી ધામના દ્વાર સવારે 12.25 કલાકે ખોલવામાં આવશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સવારે સાત વાગ્યે કેદારનાથ ધામમાં દર્શન અને નિરીક્ષણ માટે પહોંચ્યા હતા.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામીએ ચારધામ યાત્રાના પ્રારંભ પ્રસંગે શ્રદ્ધાળુઓને પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે ચારધામ યાત્રા 2024 પર તમામ શ્રદ્ધાળુઓનું હાર્દિક સ્વાગત અને અભિનંદન. આપ સૌને વિનંતી છે કે મુસાફરી દરમિયાન સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખો અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો. અમારી સરકારે ચારધામમાં આવનારા વૃદ્ધો, મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરી છે.તે જ સમયે, બદ્રીનાથના દરવાજા ખુલવા માટે ભક્તોએ થોડી વધુ રાહ જોવી પડશે. બદ્રીનાથ ધામના દ્વાર રવિવારે 12મી મેના રોજ સવારે 6 વાગ્યે ખોલવામાં આવશે.

કેદારનાથ ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં ભગવાન શિવનું પવિત્ર સ્થાન છે. દર વર્ષે લાખો લોકો અહીં દર્શન માટે આવે છે. કેદારનાથને ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગ અને પંચ કેદારમાં પણ ગણવામાં આવે છે. કેદારનાથ મંદિરમાં સ્થાપિત શિવલિંગ આત્મનિર્ભર છે. જેના કારણે મંદિરનું મહત્વ વધી જાય છે.બદ્રીનાથને ચાર ધામોમાંથી એક મુખ્ય ધામ ગણવામાં આવે છે. તે હિમાલયની પર્વતમાળામાં અલકનંદા નદીના કિનારે આવેલું છે.

# મહારાષ્ટ્ર: ચૂંટણીમાં એકબીજાના ચારિત્ર્ય પર કાદવ ઉછાળવાની જાણે હરિફાઇ લાગી

■ અસંસદીય ભાષા પ્રયોગ: મોદી-શાહ ઓરંગઝેબ છે, મેરા બાપ ગદ્દાર હૈ, 'મારા પિતા એક મહા દગાબાજ છે...'

ગુજરાત | વંદન



લોકસભાની ચૂંટણી વચ્ચે નેતાઓની જીભ લપસવાનો સિલસિલો જારી છે. હવે શિવસેના-યુબીટી નેતા સંજય રાઉતે પોતાના નિવેદનથી નવા વિવાદને જન્મ આપ્યો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો છે. રાઉતે કહ્યું કે અમે ઔરંગઝેબને મહારાષ્ટ્રમાં દફનાવી દીધો હતો, તો નરેન્દ્ર મોદી વળી કઈ હસ્તી છે?

અહમદનગરમાં એક જાહેરસભાને સંબોધતા સંજય રાઉતે કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો અને ઔરંગઝેબનો જન્મ ગુજરાતમાં થયો હતો. વડાપ્રધાન અને ગૃહમંત્રીને ઉદ્યોગપતિ ગણાવતા રાઉતે કહ્યું કે નરેન્દ્ર મોદી અને અમિત શાહનો જન્મ પણ ગુજરાતમાં થયો છે.

શિવસેના-યુબીટી નેતાએ કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો, તેથી મહારાષ્ટ્રનો પોતાનો ઈતિહાસ છે. આ ઔરંગઝેબનો જન્મ ગુજરાતમાં થયો હતો. ઈતિહાસ જોઈ લો કે તેનો જન્મ ગુજરાતના દાહોદ ગામમાં થયો હતો. ધ્યાને લો કે અમે લોકોએ ઔરંગઝેબને મહારાષ્ટ્રમાંથી ભગાડી દીધો હતો. ઔરંગઝેબ 27 વર્ષ સુધી મહારાષ્ટ્રને જીતવા માટે લડતો રહ્યો હતો. અંતે અમે એ જ ઔરંગઝેબને દફનાવીને તેની કબર બનાવી દીધી હતી.

બીજી તરફ શિવસેના-યુબીટી નેતા પ્રિયંકા ચતુર્વેદીએ મુખ્યમંત્રી એકનાથ શિંદેના પુત્ર અને સાંસદ શ્રીકાંત શિંદે વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે શ્રીકાંતના માથે મેરા બાપ ગદ્દાર હૈ લખવું જોઈએ. જેના જવાબમાં સંજય નિરુપમે X પર લખ્યું હતું કે જો તેમણે આપેલા નિવેદનના દરેક શબ્દ પર વિશ્વાસ કરીએ તો આદિત્ય ઠાકરેના કપાળ પર લખવું જોઈએ કે 'મારા પિતા એક મહા દગાબાજ છે', કારણ કે તેમના પિતાએ ગઠબંધન તોડીને ભાજપ સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

# રેલવેનો નવો વ્યાપારી મંત્ર: સમય અને માંગ પ્રમાણે એસી કોચ લગાવો

■ મનોહારી દૃશ્યો ધરાવતા રૂટ પર વિસ્ટાડોમ કોચ શરૂ કર્યા, આ કોચમાં 360 ડિગ્રી રિવોલ્વિંગ ચેર છે

ગુજરાત | વંદન



1853માં ભારતમાં જ્યારે અંગ્રેજોએ મુંબઈ અને થાણે વચ્ચે પ્રથમ રેલ સેવા શરૂ કરી ત્યારે કોઈને ખ્યાલ ન હતો કે ભારતીય રેલવે કોઈ દિવસ આ દેશ અને તેના લોકોની લાઈફલાઈન

બની જશે. આજે આ ખરેખર બદલાઈ ગયું છે.

જો કે ત્યારથી ભારતીય રેલવેનો ચહેરો ઘણો બદલાઈ ગયો છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં તેમાં 'વંદે ભારત એક્સપ્રેસ' જેવા મોટા ફેરફારો જોવા મળ્યા છે. ભારતીય રેલવેમાં AC કોચની સંખ્યા વધી રહી છે ત્યારે ઘણા નવા વિકલ્પો પણ સામે આવ્યા છે.

જે રીતે ટેલિકોમ કંપનીઓ દરેક ગ્રાહક પાસેથી મેળવેલી સરેરાશ રકમની ગણતરી કરીને તેમની આવકની ગણતરી કરે છે, તે જ રીતે ભારતીય રેલવેએ છેલ્લા કેટલાક વર્ષોમાં તેના પ્રતિ પેસેન્જર ખર્ચ અને કમાણીની ગણતરી શરૂ કરી છે. તમે ઘણી વાર તમારી રેલવે ટિકિટ પર લખેલું જોયું હશે કે તમારી મુસાફરીના 50 ટકાથી વધુ ખર્ચ સરકાર ભોગવે છે.

આ બોજ ઘટાડવા માટે ભારત સરકારે દેશમાં પ્રતિ પેસેન્જર ભાડા વસૂલાતમાં સુધારો કરવા માટે કામ કર્યું છે. આ માટે ટ્રેનોમાં AC કોચની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. સાથે જ એસી કોચ અને સ્લીપર કોચમાં સીટોની સંખ્યા પણ વધારવામાં આવી છે.

# ભારતમાં રાજકીય પરિવર્તનના ફૂંકાયેલા પવન પાછળ શું અમેરિકાની સંડોવણી છે?

■ રશિયાનો દાવો- અમેરિકા ભારતની ચૂંટણીને પેચીદી બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે

ગુજરાત | વંદન




શું સુપર પાવર અમેરિકા ભારતની સામાન્ય ચૂંટણીઓમાં ડખલગીરી કરી રહ્યું છે..? જો રશિયાનો આક્ષેપ કે આરોપ સાચો હોય તો તે ખરતનાક કહી શકાય અને ભારતમાં જે રીતે રાજકીય ચિત્ર બદલાઇ રહ્યું છે તેની પાછળ અમેરિકાનો દોરીસંચાર તો નથી ને..એવા સવાલો પણ થઇ શકે. અન્ય સવાલ કે અમેરિકાએ થોડાક મહિના ઓ પહેલાં જ ભારતના વડાપ્રધાન મોદીનું લાલ જાજમ પાથરીને ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. તો એ અમેરિકા શું તેમને હટાવવા જખલ કરે છે..?

ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા બદલ અમેરિકા પ્રહાર કરતાં રશિયાએ જણાવ્યું હતું કે વોશિંગ્ટન ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા પરના જોખમો પર નિયમિત પણે નિરાધાર આક્ષેપો કરીને ચાલી હાલમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીને પેચીદી બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ અહેવાલો દર્શાવે છે અમેરિકા એક દેશ તરીકે ભારતનો અનાદર છે. તે ભારતના વિકાસના ઐતિહાસિક સંદર્ભ અને નેશનલ મેન્ટાલિટીની અમેરિકાની ગેરસમજ ધરાવે છે.

# શું દુનિયામાં એલિયનનું અસ્તિત્વ છે ?

■ એન્જલ કેનમોરે: તેઓ ખૂબ મોટા 8 ફૂટ, 9 ફૂટ, 10 ફૂટ જેવા દેખાય છે

ગુજરાત | વંદન



સોશિયલ મીડિયા એક એવુ પ્લેટફોર્મ છે જ્યાં અવારનવાર વીડિયો વાયરલ થતા રહે છે. જેમાં ઘણા વીડીયો માની ન શકાય તેવા હોય છે જેમાં એલિયન્સ અને ભૂત પ્રેતના વીડિયોનો સમાવેશ થાય છે.એલિયન્સ અને ભૂત વિશે લોકોમાં ઘણીવાર ચર્ચાઓ થતી રહે છે. ઘણા લોકોએ પર દાવો કર્યો છે કે તેઓએ ભૂત અથવા એલિયન જોયું છે. પરંતુ બંને આ વાત સાબિત કરી શક્યા નથી. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં એલિયન જેવું કંઈક દેખાય રહ્યું છે.મીડિયા રિપોટ્ર્સ અનુસાર, અમેરિકન શહેર લાસ વેગાસમાં 30 થી 1 એપ્રિલ, 2023 વચ્ચે એક વીડિયો શૂટ કરવામાં આવ્યો હતો. આ વીડિયો એન્જલ કેનમોર નામના વ્યક્તિએ બનાવ્યો હતો, જે વીડિયો બનાવ્યા બાદ એન્જેલે 911 પર ઈમરજન્સી કોલ પણ કર્યો હતો. કોલ પર તેણે જણાવ્યું કે તેણે આકાશમાં કંઈક ઉડતું જોયું જે તરત જ ગાયબ થઈ ગયું. જ્યારે એન્જલ કેનમોરની ઈમરજન્સી કોલ કિરણ સ્ક્રિપ્ટ વાંચવામાં આવી ત્યારે ખબર પડી કે તેણે એલિસન જોયુ છે. એન્જલ કેનમોરે તેના કોલ પર કહ્યું, 'આ એલિયન મારા બેકયાર્ડમાં છે. હું ભગવાનની કસમ ખાઈને કહુ છું કે, આ મજાક નથી, વાસ્તવિક છે. અમે ડરી ગયા છીએ. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. એન્જલ કેનમોરે 911 પર પોતાના કોલમાં આગળ કહ્યું, 'તેઓ ખૂબ મોટા છે. તેઓ 8 ફૂટ, 9 ફૂટ, 10 ફૂટના છે. તેઓ અમને એલિયન્સ જેવા લાગે છે. તેની આંખો મોટી છે. હું તેને સમજાવી શકતો નથી. તેનું મોં મોટું છે. તેમની આંખો ચમકદાર છે અને તેઓ માનવી તો નથી જ.વિડિયો એનાલિસિસ એક્સપર્ટ સ્કોટ રોડરે અમેરિકન ન્યૂઝ ચેનલ ન્યૂઝ નેશન સાથે વાત કરતા કહ્યું કે, 'એકવાર તમે આ વીડિયો જોયા પછી તમે તેને નકારી નહીં શકો.

## એક નેતાના પુત્રને ઈવીએમ એટલુ "ગમ્યું" કે બધાને કહ્યું, તમે રહેવા દો, હું બટન દબાવીશ...!

# બુથ કેપ્ચરીંગ..? અને તે પણ ગુજરાતમાં ? હેં... ના હોય..? હા ભાઇ હા...!

ગુજરાત | વંદન

ગુજરાતમાં અને ઉત્તર ભારતના કે પૂર્વોત્તરના રાજ્યોમાં યોજાતી લોકસભા કે વિધાનસભાની ચૂંટણીઓમાં ફેર એ છે કે ગુજરાતમાં શાંતીપૂર્વક મતદાન થાય છેં. કોઇ અપ્રિય ઘટના જવલ્લેજ બનતી હોય અને તે પણ વર્ષોમાં એક વખત. આ વખતે પણ બધુ સારી રીતે મતદાન થઇ ગયું. ક્યાંયથી કોઇ બુથ કેપચરીંગ કે બોગસ વોટીંગની કોઇ ફરિયાદ ના થઇ.

પરંતુ એક રહી રહીનબનાવે ગુજરાતની છબિને બગાડવાનો પ્રયાસ કર્યો છે. આ ઘટનામાં મતદાન મથકમાં હાજર ચૂંટણી સ્ટાફ અને ફરજ પર મૂકાયેલી પોલીસે વિજય ભાભોર નામના યુવકને ઈવીએમ સાથે છેડછાડ કરતાં અટકાવવા શું પગલાં ભર્યા તે જાહેર થયું નથી. બની શકે કે તેઓ પણ વિજય શરણમ ગચ્છામિ થઈ ગયા હશે... નહીંતર તેની એટલી તાકાત ના હોય કે તે જે બોલે છે અને વર્તન કરે છે તેવુ કરી શક્યો હોત.

લોકસભા ચૂંટણી માટે 11 રાજ્યોની 93 બેઠકો પર ત્રીજા તબક્કાનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું હતુ, જેમાં ગુજરાતની 25 લોકસભા બેઠકોનો પણ સમાવેશ થાય છે. રાજ્યમાં 6 જગ્યાઓ પર ફરિયાદને બાદ કરતા મોટાભાગના વિસ્તારમાં શાંતિપૂર્ણ મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી, ત્યારે દાહોદ લોકસભા બેઠક પર મહિસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુરમાં બૂથ કેપ્ચરિંગ પ્રયાસની ઘટના સામે આવી છે, જેમાં એક યુવક દ્વારા કર્મચારીઓ સાથે




**"અહીં એકનું જ ચાલે વિજય ભાભોરનું.... ફટાફટ પતાવો, નહીં તો મશીન હમણા ઘેર લઈ જએ..."**

દાદાગીરી કરી ઈવીએમ હાઈજેક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દાહોદ લોકસભા બેઠક અંતર્ગત આવતા સંતરામપુરના પરથમપુરમાં બૂથ કેપ્ચરિંગ કરવાના પ્રયાસનો મામલો સામે આવ્યો છે, સોશિયલ મીડિયા પર એક યુવક દ્વારા બૂથ પર ઈવીએમ મશિન હાઈજેક કર્યું, અને તેનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર પણ શેર કર્યો. વીડિયોમાં યુવક પોતાનું નામ વિજય ભાભોર હોવાનું જણાવી રહ્યો છે, અને બૂથ પર દાદાગીરી સાથે ઈવીએમ પર કબજો કરી રહ્યો છે.


સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો જેમાં એક યુવક ઈલેક્શન બૂથ પર દાદાગીરી સાથે ઉભો છે, અને ઈવીએમ પર કબજો જમાવી બેઠો છે, તે જે પણ મતદાન કરવા આવે તેને કહી રહ્યો છે, જાઓ બટન હું દબાવી દઉ છુ. તે વીડિયોમાં કહી રહ્યો છે અહીં એકનું જ ચાલે વિજય ભોભારનું.

વીડિયોમાં સાંભળવા મળે છે તે મુજબ યુવક બૂથ પર ફરજ બજાવતા કર્મચારીઓને કહી રહ્યો છે કે, 'બે પાંચ મિનીટ હજુ ચાલવા દો, અમે બેઠા જ છીએ, આખો દિવસ ચાલે જ છે ને અમે દબાવીએ તો શું થઈ ગયું, ચાલવા દો આવી રીતે જ ચાલે, અહીં બીજેપી જ ચાલે છે, આપડુ જ ચાલે વિજય ભાભોરનું, મશીન બશીન આપડા બાપનું જ છે. ફટાફટ પતાવો, નહીં તો મશીન હમણા ઘેર લઈ જએ, તમે ત્યાં પતાવો, મે દબાવી દીધુ તમારા માટે બટન..., અહીં એક જ ચાલે વિજય ભાભોર'

આ વીડિયોમાં યુવક દ્વારા બૂથ પર અને ઈવીએમ પર રીતસરનો કબજો કરવામાં આવ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. આ મામલે વીડિયો વાયરલ થયા બાદ ચૂંટણી પંચે કલેક્ટરને તપાસના આદેશ આપ્યા છે. સંતરામપુર પ્રાંત ઓફિસર (એસ.ડી.એમ) સી વી પટેલે જણાવ્યું કે, સંતરામપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ફરિયાદ બાદ તપાસના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સ્થાનિક સૂત્રો અનુસાર, વીડિયોમાં દેખાતો યુવક વિજય ભાભોર ભાજપ કાર્યકર અને સંતરામપુર તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ રમેશ ભાભોરનો પુત્ર છે. સંતરામપુર પોલીસ ઈન્સપેક્ટરે જણાવ્યું કે, સંતરામપુર પરથમપુર ચૂંટણી બૂથ મામલે ફરિયાદ નોંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે વાયરલ વીડિયોમાં દેખાતા યુવકની ઓળખ કરી અટકાયત માટે ચક્રોગતિમાન કરી દેવામાં આવ્યા છે.

## 10 લાખ... મુંબઇથી હજારો કિ.મી. દૂર શાહરૂખના નામે નોંધાયેલો છે એક રેકોર્ડ




9 વર્ષ પહેલા શાહરૂખ ખાનની એક ફિલ્મ રિલીઝ થઈ હતી, જેણે વિદેશમાં રેકોર્ડ બનાવ્યો હતો, જેને આજ સુધી કોઈ ફિલ્મ તોડી શકી નથી. સાઉથના સુપરસ્ટાર યશની બ્લોકબસ્ટર ફિલ્મ 'KGF 2' પણ SRKની ફિલ્મથી પાછળ છે.

શાહરૂખ ખાનના ભારતમાં જ નહીં વિદેશમાં પણ મોટી સંખ્યામાં ચાહકો છે. તેમની ફિલ્મો ભારતની બહાર પણ મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. શાહરૂખની 9 વર્ષ જૂની ફિલ્મે ભારતથી લગભગ 5500 કિલોમીટર દૂર મલેશિયામાં એક એવો રેકોર્ડ બનાવ્યો હતો જે આજ સુધી બીજી કોઈ ફિલ્મ તોડી શકી નથી. અહીં શાહરૂખની જે તસવીરની વાત કરવામાં આવી રહી છે તે છે- 'દિલવાલે'.

દિલવાલે' વર્ષ 2015માં રિલીઝ થઈ હતી. રોહિત શેટ્ટીના નિર્દેશનમાં બનેલી આ એક્શન-રોમેન્ટિક ફિલ્મમાં શાહરૂખ ઉપરાંત કાજોલ, કૃતિ સેનન અને વરુણ ધવન જોવા મળ્યા હતા. આ ફિલ્મને લોકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. આ ફિલ્મ ભારતમાં 206.56 કરોડ અને વિશ્વભરમાં 376.85 કરોડના ગ્રોસ કલેક્શન સાથે સેમી-હિટ રહી હતી.

આ ફિલ્મ મલેશિયામાં ભારતની અત્યાર સુધીની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ છે. આ ફિલ્મની 10 લાખથી વધુ એટલે કે 10 લાખ ટિકિટો ત્યાં વેચાઈ હતી અને તે તે દેશમાં ભારતની સૌથી મોટી ફિલ્મ બની હતી.



## દેશી ગર્લ પ્રિયંકા ચોપરાનો પતિ નીક જોનસ ભયંકર વાયરસની ઝપેટમાં

### ઈન્ફ્લ્યુએન્ઝા-એથી ચેપ લાગ્યો, નાક-અવાજ પર પ્રતિકૂળ અસર

નીક જોનસે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તમામ કોન્સર્ટ મોકૂફ રાખવા બદલ તેના ચાહકોની માફી માંગતો જોવા મળે છે. નિક જોનસે વીડિયોમાં જોનાસ બ્રધર્સની કોન્સર્ટ ટૂર સ્થગિત કરવાનું કારણ પણ જણાવ્યું છે. સિંગરે કહ્યું કે તે એક ખતરનાક વાયરસની ઝપેટમાં આવી ગયો છે.

પ્રિયંકા ચોપરાના પતિ નિક જોનસ તેના બેન્ડ સાથે મેક્સિકોના અલગ-અલગ શહેરોમાં પરફોર્મ કરવાના હતા. પરંતુ ગાયકે તેના આગામી તમામ શો કેન્સલ કરી દીધા છે. નિકે શો કેન્સલ થવા પાછળનું કારણ સમજાવતો એક વીડિયો શેર કર્યો છે. તેણે પોતાના વીડિયોમાં જણાવ્યું કે તેને ઈન્ફ્લ્યુએન્ઝા-એથી ચેપ લાગ્યો છે. આ વાયરસના કારણે તેના નાક અને અવાજ પર પ્રતિકૂળ અસર થઈ છે જેના કારણે તે પરફોર્મ કરી શકતો નથી.

નિક જોનસ તેના વીડિયોમાં કહે છે, 'હાય મિત્રો. હું ઈન્ફ્લ્યુએન્ઝા-A ના ભયંકર રોગ સામે લડી રહ્યો છું. આ વાયરસ ખૂબ ફેલાઈ રહ્યો છે અને હું અત્યારે ગાવા માટે સક્ષમ નથી. અમે હંમેશા તમને લોકોને શ્રેષ્ઠ શો આપવા માટે સક્ષમ બનવા માગીએ છીએ અને હું અત્યારે મેક્સિકોમાં આ શો માટે તે કરી શકું તેવી સ્થિતિમાં નથી. ઈન્ફ્લ્યુએન્ઝા-A એક પ્રકારનો વાયરસ છે જે પક્ષીઓ અને માણસોમાં ફેલાય છે.

આ સામાન્ય શરદી અને ઉધરસનું ખતરનાક સ્વરૂપ છે જે આંખો, નાક અને ગળાને સીધી અસર કરે છે. શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ વાયરસની ગંભીરતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તે કોવિડ-19નું કારણ બને છે. આ વાયરસના લક્ષણોમાં તાવ, શરદી, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, થાક, છીંક આવવી, વહેતું નાક, ગળું, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ છે. મેક્સિકોમાં આ વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

## હોતા હૈ-હોતા હૈ: જ્યારે રામ ગોપાલ વર્મા હૃતિકને ઓળખવામાં થાપ ખાઈ ગયા...

બોલીવુડમાં વિવાદાસ્પદ ફિલ્મો માટે જાણીતા નિર્માતા અને ડિરેક્ટર રામ ગોપાલ વર્મા વિષે એમ કહેવાય છે કે તે પુત્રના લક્ષણ પારણાંમાં...કહેવતની જેમ કોઈને જોતા જ કહી દેતા કે આ સ્ટાર બનશે...આનામાં સ્ટાર બનાવા લક્ષણો કે અભિનય ક્ષમતા છે. પણ એક સમયના કલાકાર અને ફિલ્મ નિર્માતા રાકેશ રોશનના પુત્ર હૃતિકના મામલામાં તેઓ થાપ ખાઈ ગયા





હતા. રામ ગોપાલ વર્માએ નહોતું વિચાર્યું કે હૃતિક રોશન એક દિવસ સ્ટાર બનશે. બૉલીવુડમાં કોની કરીઅર બને છે અને કઈ ફિલ્મો ચાલે છે એ કોઈ નક્કી નથી કરી શકતું.

આ વિશે ઉદાહરણ આપતાં રામ ગોપાલ વર્માએ તેના એક યુટ્યુબ વિડિયોમાં એમ કહ્યું કે 'મેં જ્યારે હૃતિક રોશનને જોયો હતો ત્યારે મને નહોતું લાગ્યું કે તે સ્ટાર બની શકશે કે કેમ.. ઈન્ડસ્ટ્રીના મોટા ભાગના લોકોને નહોતું લાગતું કે તે સ્ટાર બની શકે. એથી જ કોઈએ તેને સાઈન નહોતો કર્યો. 'કહો ના... પ્યાર હૈ'ની રિલીઝ પહેલાં તેને કોઈએ સાઈન નહોતો કર્યો. તે સુપરસ્ટાર બની ગયો ત્યાર બાદ બધા તેની પાછળ પડ્યા હતા અને તેમણે ધૂમ, કોઈ મિલ ગયા, ક્રિશ જેવી સફળ ફિલ્મો આપી.

## માર્શલ આર્ટિસ્ટ વિદ્યુત જામવાલ એક અન્ય કળામાં પણ છે ઉસ્તાદ



બોલીવુડમાં વિદ્યુત જામવાલ તેના સ્ટન્ટ્સને કારણે ખૂબ જ જાણીતો છે.. જો કે તે મિરર-રાઈટિંગમાં પણ નિપુણ હોવાનું કહેવાય છે.

મિરર-રાઈટિંગ એટલે ઊંધું લખાણ, જે અરીસામાં સીધું દેખાય અને સરળતાથી એને વાંચી શકાય. વિદ્યુતે ત્રણ વર્ષની ઉંમરે કલારિપયટ્ટુની ટ્રેઈનિંગ લેવાનું શરૂ કર્યું હતું.

પોતાની સ્કિલ વિશે વિદ્યુત કહે છે, 'ઘણા લોકોને મારી રિવર્સ-રાઈટિંગની સ્કિલની જાણકારી નથી. એક માર્શલ આર્ટિસ્ટ તરીકે તમારી કળાને વધુ નિખારવા માટે અલગ-અલગ આર્ટ ફૉર્મ્સ શીખવાં જરૂરી છે. ઉદાહરણ તરીકે સ્કેચિંગ, કૅલિગ્રાફી, રાઈટિંગ અને પેઈન્ટિંગ. એને કારણે હાથમાં નરમાશ આવે છે અને આંગળીઓમાં સ્થિતિસ્થાપકતા આવે છે.

તેઓ કહે છે- એથી એક માર્શલ આર્ટિસ્ટ તરીકે તમારી આ બધી સ્કિલમાં આવડત હોવી જોઈએ. તમારા ન્યુરોમસ્ક્યુલર કનેક્શનનો ઉપયોગ કરીને તમારા હાથને વધુ હળવા બનાવીને સરળતાથી આ બધી કળાઓ કરી શકો છો. એથી આ બધું શીખવું જોઈએ અને અલગ-અલગ કળામાં પોતાને નિપુણ બનાવવા જોઈએ.'

## ડોન-3માં જોવા મળશે વિદેશની ધરતીના અનેરા સીનસીનેરી

ડોન 3માં રણવીરની હાઈ-એનર્જી એક્શન સિક્વન્સ જોવા મળશે . એક રિપોર્ટ્સ અનુસાર, ડોન 3નું શૂટિંગ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશની ધરતી પર પણ થશે. રણવીર આ વર્ષના અંત સુધીમાં ડોન 3 નું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યો છે. નિર્માતાઓ તેને ચાર મહિનામાં પૂર્ણ કરવાની યોજના બનાવી રહ્યા છે. ફિલ્મના મોટા ભાગનું શૂટિંગ લંડન અને જર્મનીમાં થશે. હાલમાં જ ફરહાન અખ્તર અને ડોન 3ની ટીમ શૂટિંગ લોકેશન્સ ફાઈનલ કરવા લંડન પહોંચી હતી. લંડન ઉપરાંત પ્રોડક્શન





ટીમ જર્મની પણ જશે. આ ફિલ્મ પહેલા શાહરૂખની ડોન 2નું શૂટિંગ પણ જર્મનીમાં થયું હતું. ડોન 3માં રણવીરની સાથે કિયારા અડવાણી લીડ રોલમાં નાચતી ગાતી જોવા મળશે . ડોન 3 આ સુપરહિટ ફ્રેન્ચાઈઝીની



ત્રીજી ફિલ્મ છે. તેનો પહેલો ભાગ 2006માં રિલીઝ થયો હતો , જેમાં શાહરૂખ ખાન સાથે પ્રિયંકા ચોપરા ,અર્જુન રામપાલ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા . આ પછી તેની સિક્વલ 2011 માં આવી હતી.

## મેટ ગાલા 2024-ફ્લોરલ સાડીમાં આલિયા ભટ્ટે વિદેશી ધરતી પર ભારતીય સંસ્કૃતિનો ધ્વજ ફરકાવ્યો

વિશ્વ વિખ્યાત ફેશન શો ઈવેન્ટ મેટ ગાલા 2024 શરૂ થઈ ગઈ છે. બોલિવૂડની સુંદર અભિનેત્રી આલિયા ભટ્ટ, જે મેટ ગાલામાં તેની બીજી વખત દેખાવ કરી રહી છે, તેણે ન માત્ર તેના પરંપરાગત દેખાવથી દરેકના દિલ જીત્યા છે પરંતુ તેણે તેના દેશના પરંપરાગત પોશાકનું પ્રતિનિધિત્વ પણ કર્યું. આલિયાએ સુંદર ફ્લોરલ સબ્યસાચી સાડીમાં ફેશન ઈવેન્ટમાં પ્રવેશ કર્યો હતો. મેટ ગાલામાં આ તેમનો બીજો દેખાવ હતો. ગ્રીન કાર્પેટ પર બિરાજમાન હસ્તીઓમાં, આલિયા ભટ્ટનો પોશાક શો-સ્ટોપિંગ કરતાં ઓછો નહોતો, જેણે પ્રેક્ષકો અને ફોટોગ્રાફરોનું ધ્યાન આકર્ષિત કર્યું. તેણીએ તેણીની ફ્લોરલ સાડીને સુંદર સ્ટેટમેન્ટ જ્વેલરી સાથે જોડી હતી, જે તેના દેખાવને વધુ નિખાર આપતી હતી...



પરંતુ મેટ ગાલા માત્ર ફેશન વિશે જ નથી; તે આઈકોનિક ક્ષણો અને પરંપરાઓ વિશે પણ છે જે આ ઈવેન્ટને ખરેખર સુપ્રસિદ્ધ બનાવે છે. પીપલ મેગેઝીનના અહેવાલ મુજબ, મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટથી થોડે દૂર માર્ક હોટેલ છે, જે ઘણી સેલિબ્રિટીઝની મેટ ગાલાની તૈયારીઓનું સ્થળ છે. હેર સ્ટાઈલ અને મેક-અપથી લઈને અંતિમ ફિટિંગ સુધી, ધ માર્ક હોટેલ ઉત્સાહથી ગુંજી રહી છે.આ વર્ષની મેટ ગાલાની થીમ 'સ્લીપિંગ બ્યુટીઝઃ રિવોકિંગ ફેશન' છે. એલ્સા શિઆપારેલી અને ક્રિશ્ચિયન ડાયો જેવા પ્રતિષ્ઠિત ડિઝાઈનર્સ સાથે, આ ઈવેન્ટ ફેશન ઈતિહાસની સફરનું વચન આપે છે જે પહેલાં ક્યારેય નહીં.

ઝેન્ડાયા, જેનિફર લોપેઝ, ક્રિસ હેમ્સવર્થ અને બેડ બન્ની સહ-અધ્યક્ષ તરીકે રાત્રિનું નેતૃત્વ કરી રહ્યા છે. જેમ જેમ સેલિબ્રિટીઓ મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટમાં પહોંચ્યા, બધાની નજર સાંજની સત્તાવાર ડ્રેસ થીમ 'ગાર્ડન ઑફ ટાઈમ' પર ટકેલી હતી. જેમ જેમ રાત વધતી ગઈ તેમ તેમ સ્ટાર્સ તેમનો ગ્લેમરસ લુક દર્શાવી રહ્યાં હતા.ગ્રીન કાર્પેટ પર દરેક પગલા સાથે, સેલિબ્રિટીઓ તેમના અદભૂત પોશાક સાથે ચમકી રહ્યાં હતા.

## 43 વર્ષે પણ શ્વેતા તિવારી સુંદરતાની સાથે પોતાની ફિટનેસમાં છે સબ સે આગે...



તાજેતરમાં થાઈલેન્ડમાં વેકેશનની મજા માણતી શ્વેતા તિવારીની તસવીરો જોરદાર વાઈરલ થઈ રહી છે. વેકેશનની મોજ માણતી શ્વેતાની તસવીરો જોઈને ચાહકોએ દંગ રહી ગયા હતા. અને વિવિધ પ્રકારની ટિપ્પણીઓ વ્યકત કરી હતી.

કસૌટી ઝિંદગી કી' સિરીયલમાં પ્રેરણાનું પાત્ર ભજવીને ભારતના ઘર ઘરમાં જાણીતી બનેલી શ્વેતા તિવારીને સિરીયલો અને ફિલ્મોમાં કામ કરતા બે દાયકા કરતાં વધુ સમય વીતી ગયો છે અને તે બે બાળકોની માતા પણ છે,

પરંતુ જે રીતે શ્વેતા તિવારીએ પોતાની જે રીતે સંભાળ લીધી છે તે જોઈને કોઈ ન કહી શકે કે તે બબ્બે સંતાનોની માતા છે અને તેમાંથી એક દીકરી તો પોતે હિરોઈન બની શકે એ ઉંમરની થઈ ગઈ છે. જોકે, હાલમાં જ શ્વેતા તિવારીએ પોતાની હોટ તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી, જે ઝડપથી વાયરલ થઈ રહી છે.


શ્વેતા તિવારી 43 વર્ષની થઈ હોવા છતાં પોતાનાથી ઓછી ઉંમરની હિરોઈનોને પણ કોમ્પિટીશન આપે છે. સુંદરતાની સાથે સાથે શ્વેતા તિવારી પોતાની ફિટનેસનું પણ એટલું જ ધ્યાન રાખે છે, જેના કારણે આટલી ઉંમરે પણ તે પોતાની વીસીમાં હોય તેટલી આકર્ષક દેખાય છે.

આ તસવીરોમાં શ્વેતા તિવારીની સુંદરતા જોઈ તેના ચાહકો હજારોની સંખ્યામાં કોમેન્ટ્સ કરી રહ્યા છે અને તેમાં એક કોમેન્ટ વારંવાર રિપીટ થઈ રહી છે, જેમાં કહેવામાં આવે છે કે 'શ્વેતાને જોઈને કોઈ ન કહી શકે કે તમે બે બાળકોની માતા છો'.

## નસીર-રત્ના પાઠકે એક્ટિંગ સ્કૂલને ગણાવી આ તો 'દુકાન' છે....

પીઢ અભિનેત્રી રત્ના પાઠક શાહે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં એક્ટિંગ સ્કૂલોને 'દુકાન' તરીકે ઓળખાવી હતી. આ સાંભળીને એક્ટિંગ સ્કૂલ ચલાવતા અનુપમ ખેર ગુસ્સે થઈ ગયા. તેણે કહ્યું છે કે તે રત્નાની વાત સાથે સહમત નથી.મિડીયા સાથે વાત કરતી વખતે અનુપમ ખેરે કહ્યું, 'આ તેમનો દૃષ્ટિકોણ છે. મેં નસીરુદ્દીન શાહનો ઈન્ટરવ્યૂ જોયો, તેણે પણ રત્ના જેવી જ વાતો કહી. બંનેએ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાંથી અભ્યાસ કર્યો છે, શું તેઓ NSDને દુકાન કહેશે? ઘણી વખત કેટલાક લોકો અમુક વાતો કડવાશમાં કહે છે અથવા ફિલોસોફિકલ બની જાય છે. તેઓ જે વિચારે છે તે મારે યોગ્ય ઠેરવવાની જરૂર નથી. જો તેઓને લાગે કે અભિનય શાળાઓ 'દુકાનો' છે તો તે તેમનો દૃષ્ટિકોણ છે. મને કોઈ સમસ્યા નથી.'

રત્ના પાઠક શાહની ટિપ્પણી પર અનુપમે કહ્યું, 'જ્યારે મેં એક્ટિંગ સ્કૂલ શરૂ કરી ત્યારે મને લાગ્યું કે હું એક્ટિંગ શીખવીશ. લોકો કહે છે કે, અભિનયની શાળાઓ દુકાનો છે પરંતુ આવા લોકોએ હવે પોતાનો દૃષ્ટિકોણ બદલવો પડશે. મને લાગે છે કે આ શાળાઓમાં અમે કલાકારોની



ભાવિ પેઢી બનાવી રહ્યા છીએ. આવી ટિપ્પણી કરવી સરળ છે. પત્રકારત્વ અને દંત ચિકિત્સા માટેની શાળાઓ પણ છે. શું રત્નાને એવા ડેન્ટિસ્ટ પાસે જવું ગમશે જે શાળાએ ન ગયો હોય? એક્ટિંગ સ્કૂલ ચલાવતી વ્યક્તિ વિશે આવો ચુકાદો આપવાની શું જરૂર છે? મને લાગે છે કે રત્નાએ મારી સ્કૂલ વિશે વાત ન કરવી જોઈએ. ઘણા લોકોએ એક્ટિંગ સ્કૂલ્સ ખોલી છે અને તેઓ જાણે છે કે આ કાર્ય કેટલું મહત્ત્વપૂર્ણ છે.

જ્યારે અનુપમ ખેરને ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે શું આવા નિવેદનો તેમના અને રત્ના-નસીર વચ્ચેના સંબંધોને બગાડે છે, તો તેમણે કહ્યું, 'મને માત્ર લોકોમાં જ ભલાઈ દેખાય છે.

## 4 હજાર કરોડના માલિક સલમાનની પ્રોપર્ટીના શું ભાગલા થશે?

બોલિવૂડ પર રાજ કરી રહેલો ભાઈજાન ઉર્ફે સલમાન આમ તો એક યા બીજા કારણોસર ચર્ચામાં રહેતો જ હોય છે. પરંતુ આજકાલ તે તની મિલકતોને લઈને ચર્ચામાં છે. થોડા સમય પહેલા લૉરેન્સ બિશ્નોઈ ગેંગના લોકોએ તેમના ઘરની બહાર ગોળીબાર કર્યો હતો. જોકે પોલીસે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ પછી સલમાન ખાનના ઘરની બહાર સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે.



આ મામલો હજી શાંત પડે તે પહેલા જ સલમાનની પ્રોપર્ટીને લઈને બિગ ન્યૂઝમાં એમ જાણવા મળી રહ્યું છે કે સલમાન ખાનની પ્રોપર્ટીના ચાર ભાગ કરવામાં આવશે. આખરે તેમાં સત્ય શું છે?સલમાન ખાનની પ્રોપર્ટીને લઈને એવા સમાચાર આવી રહ્યા છે કે તેની પ્રોપર્ટીના ચાર ભાગ થશે. સલમાનની સંપત્તિની વાત કરીએ તો તેની સંપત્તિ સગભગ 4000 કરોડ રૂપિયાની છે. તાજેતરમાં જ્યારે સલમાન ખાનના બે ભાઈઓ અરબાઝ ખાન અને સોહેલ ખાન અરબાઝના પુત્રના પોડકાસ્ટ પર દેખાયા ત્યારે તેઓએ કહ્યું હતું કે સલમાન ખાન આ દિવસોમાં એકલો રહે છે. આ પછી સલમાનની માતા, પિતા, બહેન વિશે પણ સવાલો થયા. એ સમયે બંને ભાઈઓએ સલમાનની પ્રોપર્ટીના વિભાજન માટે પણ વાત કરી હતી.

સલમાન ખાન લગ્ન નહીં કરે પછી તેની મિલકત તેના પરિવાર પાસે જશે કે અન્ય કોઈ લઈ જશે? જાણવા મળ્યું હતું કે સલમાન ખાનની સંપતિના ચાર ભાગ કરવામાં આવશે અને તે ચારે ભાઈબહેનોમાં સરખા ભાગે વહેંચવામાં આવશે.સલમાન તેના પરિવારને ઘણો જ પ્રેમ કરે છે. તેનો પરિવાર તેના માટે સર્વસ્વ છે. જો સલમાનને કંઈ થઈ જાય તો તેની સંપત્તિ પર સલમાન ખાનના ભાઈ અને બે બહેનોનો હક રહેશે.તેના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો હાલમાં સલમાન ખાન બિગ બોસ OTT 3 માટે ચર્ચામાં છે. આ શો ટૂંક સમયમાં રજૂ થશે.

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગુજરાતમાં ક્ષત્રિયોના જંગી મતદાનથી કોને લાભ કોને નુકસાન?

## ■ ક્ષત્રિયોનો મતદાનથી ભાજપને 5 થી 6 બેઠકો ગુમાવી પડે તેમ છે

ગુજરાત | વંદન

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે 25 બેઠકો પર મતદાન પૂર્ણ થયું છે. ત્યારે ક્ષત્રિય સમાજનો પરષોત્તમ રુપાલા વિરુદ્ધ વિરોધ ખૂબ જ ચર્ચામાં છે, મતદાનમાં સૌથી વધુ અસર જામનગર અને રાજકોટમાં જોવા મળી છે.ક્ષત્રિયો એ તેવો દાવો કર્યો છે કે અમે કરેલ મતદાનથી ભાજપને 5 થી 6 બેઠકો ગુમાવી પડે તેમ છે .

ક્ષત્રિયો મતદાનના અધિકારનો પૂરેપૂરો ઉપયોગ કરી રહ્યાં છે. સુરેન્દ્રનગર જિલ્લાના ક્ષત્રિય સમાજના ઝીંઝુવાડા ગ્રામજનોએ સવારે પુરુષો, બપોરના સમયે સ્ત્રીઓ અને સાંજના સમયે વયોવૃદ્ધ લોકોનું વોટિંગ કરવાની અનોખી સ્ટ્રેટેજી અપનાવી મતદાન કર્યું છે. નખત્રાણા તાલુકામાં ક્ષત્રિય સમાજના યુવાનોએ નારી અસ્મિતાના નામે વોટિંગ કર્યું હતું.

જ્યારે ખેડા લોકસભામાં જ્યાં ક્ષત્રિયોનો વર્ચસ્વ છે તેવા વિસ્તારોની વાત કરીએ તો, મહુધા, મહેમદાવાદ, કપડવંજ આ ત્રણ વિસ્તાર મહત્વના છે. મહુધા વિધાનસભાના ગામડાઓમાં બપોર સમયે ચૂંટણીનો માહોલ જામ્યો હતો. ઘરકામ પરવારી અને ખેડૂત વર્ગ ખેતીકામથી નવરાશની પળોમાં બપોરે આકરા તાપમાં પહોંચી મતદાન કર્યુ છે. મતદાન બુથ પર લાંબી લાંબી લાઈનો લગાવી મતદાન કર્યુ હતું. તો બીજી બાજુ ધ્રોલ પાસે આવેલા વાગુદળ ગામે મતદાન બહિષ્કાર કરવામાં આવ્યો હતો. દરમિયાનમાં રાજકીય ક્ષત્રે એવી ચર્ચા છે કે શું ક્ષત્રિયો એ ખરેખર ભાજપની વિરુદ્ધમાં મતદાન કર્યું છે કે નોટાનો ઉપયોગ કર્યો છે અલબત તે માટે પરિણામની તારીખ સુધી રાહ જોવી પડશે



# ઈન્ડિગો ફ્લાઈટના 150 મુસાફરો માંડમાંડ બચ્યા

## ■ અમદાવાદના એરપોર્ટ પર ઊતરતી વખતે ટાયર ફાટ્યું

ગુજરાત | વંદન

અમદાવાદના એરપોર્ટ પર શુક્રવારે ઈન્ડિયો ફ્લાઈટનું ટાયર ફાટ્યું હતું. જોકે, સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. આ ફ્લાઈટમાં 150 જેટલા મુસાફરો સવાર હતા.

અચાનક ફ્લાઈટ રનવે પર રોકાઈ ગઈ હતી. બેંગલુરૂથી અમદાવાદ એરપોર્ટ પર બપોરે લેન્ડ થયેલી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 6595નું ટાયર ફાટી ગયું હતું. પરિણામે ફ્લાઈટ અચાનક રનવે પર રોકાઈ ગઈ હતી. જેના પગલે તમામ મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, બાદમાં ફ્લાઈટના પાયલોટે એટીસીનો સંપર્ક કર્યો હતો. એરપોર્ટ ઓથોરિટીએ તાત્કાલિક ધોરણે ફ્લાઈટને અન્ય સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવ્યું હતું. જેને લઈને અન્ય ફ્લાઈટ સમયસર અવર-જવર કરી શકે. તો મુસાફરોને પણ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.





બીજી તરફ ઈન્ડિગો ફ્લાઈટમાં ટાયર ફાટવાની ઘટના બનતા બેંગલુરુ જનારા 175 જેટલા મુસાફરો અટવાયા હતા. બેંગલુરુથી આવેલી ફ્લાઈટ સાંજે 4:35 કલાકે ફરી બેંગલુરૂ જવા રવાના થવાની હતી. જોકે ફ્લાઈટનું ટાયર ફાટતા આ ફ્લાઈટ રાત્રે 9:30 કલાકે રવાના થઈ હતી.

# રાજકીય વાયકા : દેશમાં કોની બનશે સરકાર, નક્કી કરશે વલસાડ ....

## ■ વલસાડ બેઠક સાથે જોડાયો છે અનોખો રાજકીય ઈતિહાસ

ગુજરાત | વંદન



દક્ષિણ ગુજરાતમાં વલસાડ એ સંસદીય મતવિસ્તાર છે જે એક ખાસ કારણથી જાણીતો છે. લોકસભા ચૂંટણીમાં વલસાડ બેઠક જે પણ રાજકીય પક્ષ જીતે છે તે ભારત પર રાજ કરતો આવ્યો છે. ભારતની પ્રથમ સંસદીય ચૂંટણી પછીથી, એવું જોવામાં આવ્યું છે કે વલસાડ એ સમગ્ર ભારતના વલણનું પ્રતિબિંબ પાડતી બેઠક રહી છે.

આજે મંગળવારે ગુજરાતના વલસાડમાં સૌથી વધુ મતદાન થયું હતું. વલસાડમાં મતદાનની ટકાવારી 68થી ઉપર રહેવાની ધારણા છે. ગુજરાતીઓ માને છે કે ભાજપ હેટટ્રિક મારવા અને કેન્દ્રમાં સરકાર બનાવવા માટે તૈયાર છે. આ જ કારણ છે કે ભાજપે આત્મવિશ્વાસપૂર્વક તેના વર્તમાન સાંસદ ડૉ. કે.સી. પટેલને પડતા મૂક્યા અને તેના બદલે આ બેઠક પરથી ભાજપના યુવા આદિવાસી નેતા ધવલ પટેલને ઉમેદવાર બનાવ્યા. સુરત સ્થિત ધવલ કે જેઓ એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ છે તે કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ સામે છે. વલસાડ સંસદીય બેઠકમાં ધરમપુર, ડાંગ, વાંસદા, વલસાડ, પારડી, ઉમરગાંવ અને કપરાડા સહિત સાત વિધાનસભા બેઠકો છે. આ બેઠકોમાંથી ભાજપે 2022ની વિધાનસભા ચૂંટણીમાં છ બેઠકો જીતી હતી. વાંસદાનું પ્રતિનિધિત્વ અનંત પટેલે કર્યું છે અને કોંગ્રેસ પાસે તે એકમાત્ર બેઠક છે. વલસાડ લોકસભા બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત છે.

ભાજપ 2024ની સામાન્ય ચૂંટણી જીતવા માટે એટલો આત્મવિશ્વાસ ધરાવે છે કે તેણે તેના બે વખતના સાંસદ ડૉ. કે.સી. પટેલને પડતા મૂક્યા અને તેના બદલે ધવલ પટેલને પસંદ કર્યો. ડૉક્ટર કે સી પટેલ પર ગાઝિયાબાદમાં એક મહિલા પર બળાત્કારનો આરોપ પણ લગાવવામાં આવ્યો હતો. જો કે તેમણે દાવો કર્યો હતો કે મહિલાએ તેમને ડ્રગ્સ પીવડાવ્યું હતું અને વાંધાજનક સ્થિતિમાં તેની સાથે તસવીરો ખેંચાવી હતી અને તેમને બ્લેકમેલ કરી રહી હતી. આ બનાવ 2017માં બન્યો હતો. નરેન્દ્ર મોદી સરકારે પાછળથી મહિલાની ધરપકડ કરી હતી.

1951-52ની પ્રથમ લોકસભા ચૂંટણીથી 1971 સુધી વલસાડથી કોંગ્રેસના નાનુભાઈ પટેલ ચૂંટાયા. પહેલી સંસદીય ચૂંટણીથી લઈને 2019ની છેલ્લી ચૂંટણી સુધી, વલસાડ બેઠક પર જે પણ પક્ષ જીત્યો, તેણે દિલ્હી પર શાસન કર્યું. આનો અર્થ એ થયો કે જ્યારે નાનુભાઈ પટેલ વલસાડ જીત્યા ત્યારે કોંગ્રેસ સામાન્ય ચૂંટણી જીતી હતી. નાનુભાઈ પટેલ કોંગ્રેસ છોડીને જનતા પાર્ટીમાં જોડાયા અને 1977માં તેમના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા. જનતા પાર્ટી વિજયી બની અને જનતા પાર્ટીના મોરારજી દેસાઈ, સુરતના એક ગુજરાતી વડાપ્રધાન બન્યા.

1980માં કોંગ્રેસે વલસાડમાંથી ઉત્તમભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા. કોંગ્રેસના ઈન્દિરા ગાંધી વડાપ્રધાન બન્યાં અને કોંગ્રેસે ફરીથી સત્તા સંભાળી. તેમની હત્યા પછી, 1984માં કોંગ્રેસ દ્વારા ઉત્તમભાઈને ફરી મેદાને ઉતારવામાં આવ્યા. કોંગ્રેસ ફરીથી જીતી અને રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા.

જોકે, 1989માં વલસાડમાંથી અર્જુનભાઈ પટેલ જીત્યા હતા. તેઓ જનતા દળનું પ્રતિનિધિત્વ કરતા હતા. રસપ્રદ વાત એ છે કે જનતા દળના વીપી સિંહ વડાપ્રધાન બન્યા. 1991ની સામાન્ય ચૂંટણીમાં ઉત્તમભાઈ પટેલ ફરી કોંગ્રેસની ટિકિટ પરથી જીત્યા. કોંગ્રેસના પીવી નરસિમ્હા રાવ વડાપ્રધાન બન્યા અને ફરી કોંગ્રેસનું શાસન આવ્યું. 1996માં પહેલીવાર વલસાડમાંથી ભાજપના સાંસદ મણીભાઈ ચૌધરી જીત્યા હતા. કેન્દ્રમાં ભાજપે તેની સરકાર બનાવી અને માત્ર 16 દિવસ માટે અટલ બિહારી વાજપેયી પ્રથમ વખત વડા પ્રધાન બન્યા. 1998 અને 1999માં મણીભાઈ ફરી વલસાડ બેઠક જીત્યા.


2004 અને 2009માં કોંગ્રેસના કિશન વસ્તાભાઈ પટેલ વલસાડ લોકસભા બેઠક પરથી જીત્યા હતા. બંને વખત કોંગ્રેસની આગેવાની હેઠળ યુપીએએ કેન્દ્રમાં સરકારો બનાવી. જો કે 2014ની લોકસભાની ચૂંટણીમાં બીજેપીના ડૉ. કે.સી. પટેલ જીત્યા હતા, ત્યારે ભાજપના નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બન્યા. ડૉ. કે.સી. પટેલ 2019માં બીજેપીના ઉમેદવાર તરીકે ફરી ચૂંટાયા હતા. બીજેપીની આગેવાની હેઠળ એનડીએ ફરી જીત્યું અને મોદી બીજી વખત પીએમ બન્યા.

આ વખતે 2024માં ભાજપના ધવલ પટેલનો સામનો કોંગ્રેસના અનંત પટેલ સામે છે. ગુજરાતમાં સૌથી વધુ મતદાન વલસાડમાં નોંધાયું છે, ત્યારે જોવાનું રહેશે કે શું વલસાડ ભારત પર શાસન કરતી સરકારને ચૂંટતી બેઠક તરીકેની તેની પ્રતિષ્ઠા આ વખતે જાળવી રાખશે કે નહિ?

# અજબ ગજબ : પરીક્ષકે 200માંથી 212 માર્ક્સ આપ્યા!

## ■ ગુજરાતની ધોરણ 4ની વિદ્યાર્થિનીની માર્કશીટ થઈ વાયરલ

ગુજરાત | વંદન



તાલુકા : ઝાલોદ જિલ્લો : દાહોદ

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

વિદ્યાર્થીનું નામ:- કટા

ધોરણ અને વર્ગ:- ૪-બ

બેઠક નંબર:- 1

| ક્રમ | વિષય | કુલ ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ગ્રેડ | વિષયના સંદર્ભમાં નોંધ |
|---|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | 200 | 211 | A | |
| 2 | ગણિત | 200 | 212 | A | |
| 3 | પર્યાવરણ | 200 | 169 | A | |
| 4 | હિન્દી | 100 | 94 | A | |
| 5 | અંગ્રેજી | 100 | 95 | A | |
| 6 | | | | | |
| 7 | | | | | |
| 8 | વ્યક્તિત્વ વિકાસ | 200 | 175 | A | |
| | કુલગુણ અને એકંદર ગ્રેડ | 1000 | 956 | A | 93.40 % |

| કુલ કાર્ય દિવસ:- | 0 | હાજર દિવસ:- | 198 |
|---|---|---|---|

સ્થળ:- ખરસાણા પ્રા. શાળા

તારીખ:- 4/5/2024

વાલીની સહી:-

વર્ગ શિક્ષકશ્રીની સહી

આચાર્યશ્રીની સહી/સિક્કો

જિલ્લાની એક પ્રાથમિક શાળાની માર્કશીટે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા પર સવાલો ઉભા કર્યા છે. ચોથા ધોરણની વિદ્યાર્થિનીની માર્કશીટમાં થયેલી એક મોટી ગડબડ સામે આવી છે. આ માર્કશીટ જોઈને બધાને આશ્ચર્ય થઈ રહ્યું છે. આ ગડબડની વાત કરીએ તો વિદ્યાર્થિનીને બે વિષયમાં કુલ માર્કસ કરતાં વધુ માર્કસ મેળવ્યા છે. જ્યારે રિઝલ્ટ આપવામાં આવ્યું ત્યારે આ સમગ્ર મામલો સામે આવ્યો છે અને વિવાદ ઉભો થયો છે. આ મામલે હવે તાપસના આદેશ આપવામાં આવ્યા છે .બનાવની બિગતો જોઈએ તો, આ ઘટના છે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ખરસાણા ગામની. પ્રાથમિક શાળાના ચોથા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કટારા વંશીબેન મનીષભાઈને બે વિષયમાં કુલ માર્ક્સ કરતાં વધુ ગુણ આપવામાં આવ્યા હતા. જ્યારે વંશી રિઝલ્ટ લઈને ઘરે પહોંચી ત્યારે આ સમગ્ર બનાવ સામે આવ્યો હતો.આ બાબતે વાલીએ તરત જ શાળાનો સંપર્ક કરી શિક્ષકની ભૂલ તરફ ધ્યાન દોર્યું હતું. ત્યાર બાદ ફરીથી તેનું પરિણામ સુધારીને નવું બનાવવામાં આવ્યું હતું. જો કે ત્યાં સુધીમાં આ માર્કશીટ સોશિયલ મીડિયા પર વાયરલ થઇ ગઈ હતી.વાયરલ થઈ રહેલી આ માર્કશીટની વાત કરીએ તો વંશીને બે વિષયોની પરીક્ષામાં 200 માંથી ગણિતમાં 211 અને ગુજરાતીમાં 212 માર્કસ મેળવ્યા છે. મતલબ કુલ 1000 માર્કસમાંથી 956 માર્કસ મળ્યા છે.તરત જ આ ભૂ ધ્યાને આવતા વાલીએ શાળામાં ફરિયાદ કરી હતી. તે બાદ માર્કશીટ સુધારીને ફરી બનાવવામાં આવી છે.

# સિવિલ હોસ્પિટલમાં અંગદાનની સરવાણી વહી રહી છે...

## ■ દરિયાપુરના 60 વર્ષીય ખોડીદાસ રામજીભાઈ મેંણાએ એક લિવર, બે કીડનીનું દાન કર્યું

ગુજરાત | વંદન



સિવિલ હોસ્પિટલમાં અંગદાનની સરવાણી વહી રહી છે. ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞમાં 152મા અંગદાતાનું દાન મળ્યું છે. 152મા અંગદાનની વાત કરીએ તો અમદાવાદ દરીયાપુરના રહેવાસી 60 વર્ષીય ખોડીદાસ રામજીભાઈ મેંણાને દરીયાપુર ઘર પાસે જ રોડ ક્રોસ કરતા કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તારીખ 05-05-2024ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. સિવિલમાં સારવાર દરમિયાન તારીખ 08-05-2024ના રોજ તબીબોએ ખોડીદાસભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા.અચાનક આવી પડેલ આવી દુ:ખની ઘડીમાં પણ જ્યારે સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે મહેન્દ્રભાઈને ખોડીદાસભાઈના બ્રેઈનડેડ હોવા તેમજ અંગદાન વિશે સમજાવતા બીજા ભાઈઓ સાથે વાત કરતા ત્રણેય ભાઈઓએ સાથે મળી ખોડીદાસભાઈનાં અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો. ખોડીદાસભાઈના અંગદાન થકી બે કીડની, એક લીવરનુ દાન મળ્યુ જેને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલના જરુરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ આ ક્ષણે જણાવ્યું હતું કે, ખોડીદાસભાઈના અંગદાનથી કીડની તેમજ લીવર ફેઈલ્યોરથી પીડાતા અને મૃત્યુની રાહ જોતા ત્રણ દર્દીઓને આ અંગો મળતા તેમની અંગો મળવાની પ્રતિક્ષા પૂરી થશે અને તેમને નવુ જીવન મળશે. સિવિલ હોસ્પિટલ ખાતે આ સાથે અત્યાર સુધીમાં કુલ 152 અંગદાતાઓ થકી કુલ 490 અંગોનું દાન મળેલ છે. જેના થકી 474 વ્યકિતઓને જીવનદાન મળ્યું છે.

# ચર્ચાસ્પદ કુંભાણીનો કોંગ્રેસ પર વળતો ઘા - 'કોંગ્રેસે જ મારી સાથે ગદ્દારી કરી'

## ■ પાછલાં 22 દિવસથી ગાયબ નિલેશ એકાએક મીડિયા સમક્ષ હાજર થયા

ગુજરાત | વંદન



ચૂંટણી વોટિંગ પૂર્ણ થયા બાદ ગેરલાયક ઠરેલા સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી મીડિયા સામે આવ્યા છે. તેમને મીડિયા સાથે વાત કરતા કહ્યું કે 'કોંગ્રેસે મારી સાથે ગદ્દારી કરી છે. અત્યાર સુધી ભાજપ સાથે કોઈ સંપર્ક નથી કે ભાજપ સાથે કોઈ લેવા-દેવા પણ નથી. આટલા દિવસથી હું મારા ઘરે જ હતો. મારા ટેકેદારો કોંગ્રેસના કાર્યકરો જ હતા. હું ભાજપની નહીં પણ મારી ગાડીમાં ફોર્મ ભરવા ગયો હતો. ધક્કા મુક્કી ના થાય એટલે હું પાછળના દરવાજાથી ગયો હતો.

મારે કોઈના પર આરોપ લગાવીને કોઈને મોટા નથી બનાવવા માંગતો. હું મારા કાર્યકર્તાઓને મળીશ પછી નક્કી કરીશ કે રાજકારણમાં રહેવું કે નહીં. કોંગ્રેસે મને સસ્પેન્ડ કર્યો છે. કોંગ્રેસના સુરતના કાર્યકરો કામ નહતા કરતા. મારુ ફોર્મ કોંગ્રેસના વકીલોએ જ ભર્યું હતું. મારા ટેકેદારો અને કાર્યકરોએ કોંગ્રેસ સાથે બદલો લીધો અને હું મારા ટેકેદારો અને કાર્યકરોના સમર્થનમાં છું. હું મારો પોતાનો વોટ આપવા માટે પણ હું ઘરેથી બહાર નહતો નીકળ્યો.'સુરત લોકસભા બેઠક પર નિલેશ કુંભાણી કોંગ્રેસના ઉમેદવાર હતા. પરંતુ, ટેકેદારોની ખોટી સહીના ખુલાસા બાદ નાટ્યાત્મક રીતે તેમનું ફોર્મ રદ્દ થયું હતું. ચૂંટણી લડવા પહેલાં જ કોંગ્રેસ સુરત લોકસભા બેઠક હારી ગયું હતું.

ફોર્મ રદ્દ થયા બાદ પાછલાં 22 દિવસથી નિલેશ કુંભાણી ગાયબ હતા. કોંગ્રેસ કુંભાણીને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા ત્યાર બાદ કુંભાણીનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં કુંભાણીએ જે બન્યું તેના માટે કોંગ્રેસના આગેવાનોને જ દોષિત ઠેરવ્યા હતા. બાદમાં તેમના પત્ની ઘરે પરત આવ્યા હતા. તેઓ પણ આવી રહ્યાં હોવાની ચર્ચા ઉઠી હતી. કુંભાણીના ઘરે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો, પરંતુ તે આવ્યા નહોતા. હજુ સુધી કુંભાણીનો કોઈ પત્તો નથી, ત્યારે તેમને શોધવા ક્રોધિત કોંગ્રેસીઓ રઘવાયા થયા છે.

સુરત લોકસભા બેઠક ભાજપે ચૂંટણી પહેલા જ ઝૂંટવી લીધી છે. ત્યારે ફોર્મ રદ્દ થવા પર કોંગ્રેસમાં થયેલા ડ્રામાને લઈને ચૂંટણી કમિશને તો સૂઓમોટો નહોતો લીધો પરંતુ હવે કોંગ્રેસ મોડે મોડે જાગી હોય તેવું સામે આવ્યું છે. મતદાનના એક દિવસ અગાઉ જ કોંગ્રેસના નેતા દ્વારા વકીલ મારફતે પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી છે. જેમાં ફોર્મ રદ્દ કરાવવામાં મહત્વની ભૂમિકા જેની છે તેવા ઉમેદવાર નિલેશ કુંભાણી, હોસ્ટાઈલ થયેલા ડમી ઉમેદવાર અને સમર્થકો સહિત ચૂંટણી અધિકારી સામે ગુનો નોંધવા પોલીસ કમિશનરમાં અરજી કરવામાં આવી છે. ત્યારે પોલીસ કમિશનરે કહ્યું કે, અરજી મળી છે. યોગ્ય તપાસ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ભાજપનું મજબૂત સંગઠન છત્તા 2 કરોડ મતદારો મતદાનથી કેમ રહ્યાં દૂર?

## ■ શું ભાજપના પેજ -પ્રમુખ-સમિતિના કાર્યકરોએ મતદારોનો સંપર્ક ના કર્યો???

ગુજરાત | વંદન



દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ છે. ત્રણ તબક્કામાં મતદાન પૂરું થઈ ગયું છે. સોમવારે ચોથા તબક્કાનું મતદાન થવાનું છે. જોકે, લોકસભા ચૂંટણીના આ ત્રણ તબક્કાઓમાં વિશ્વના સૌથી મોટા પક્ષ ભાજપના માઈક્રો પ્લાનિંગના લીરેલીરાં ઉડી રહ્યાં છે. વિશેષરૂપે ભાજપના ગઢ ગણાતા ગુજરાતમાં ત્રીજા તબક્કામાં છેલ્લા 10 વર્ષમાં સૌથી ઓછું મતદાન થયું છે. ગુજરાતમાં 7મેના રોજ થયેલા મતદાનમાં અંદાજે 2 કરોડ મતદારોએ મતદાન કરવાનું ટાળ્યું છે. આ મતદાને મતદારોને મતદાન મથક સુધી ખેંચી લાવવાની ભાજપના પેજ પ્રમુખ અને પેજ સમિતિની નિષ્ફળતા દર્શાવે છે.

ભાજપ સતત ચૂંટણી મોડમાં રહેતો પક્ષ કહેવાય છે. ચૂંટણીના સંચાલનમાં ભાજપ વિશેષ નિપુણતા ધરાવે છે. દરેક મતદાર સુધી પહોંચવા માટે અત્યંત ઝિણવટપૂર્વકનું આયોજન જેને માઈક્રોપ્લાનિંગ કહેવામાં આવે છે તેમાં ભાજપને દેશનો બીજો કોઈ પક્ષ પહોંચી શકે તેમ નથી. દરેક મતદાર સુધી પહોંચવા માટે ભાજપે પેજપ્રમુખ અને પેજ સમિતિઓ બનાવી છે, જે ચૂંટણી જીતવા માટેનું ભાજપનું મહત્વનું અંગ છે. પરંતુ 7મેના રોજ થયેલા મતદાને ભાજપના માઈક્રોપ્લાનિંગની નિષ્ફળતા ઉજાગર કરી દીધી છે.

છેલ્લાં છ મહિનાથી વધુ સમયથી આ બધાય પરિબળોને ભાજપે ચૂંટણી કામે લગાડ્યા હતાં. પાંચ લાખના માર્જીનથી 26 બેઠકો જીતવા માટે ભાજપે આખી બ્લૂપ્રિન્ટ બનાવી હતી. મહત્વની વાત એ છે કે, બે મહિના પહેલાં કોંગ્રેસને ચૂંટણી લડવા માટે ઉમેદવાર મળતા ન હતા. પણ ક્ષત્રિય આંદોલન બાદ સ્થિતી એવી બદલાઈ કે, ભાજપના એકેય મુદ્દા મતદારોને આકર્ષી શક્યા નહીં. સાથે સાથે વધુ મતદાન થાય તે માટે ભાજપે ઘણાં ધમપછાડાં કર્યા પણ બુથ મેનેજમેન્ટ કામ લાગી શક્યુ નહીં.

# શહેરની મ્યુનિસિપલ શાળાના બાળકોને દૂધ આપવામાં આવશે

## ■ બાલવાટીકાથી ધોરણ-ચાર સુધીના બાળકોને ૨૦૦ મિલી. દૂધ અપાશે

ગુજરાત | વંદન



નવા શૈક્ષણિક વર્ષના આરંભથી અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા ૮૮ હજાર બાળકોને ૨૦૦ મિલીલીટર દૂધ આપવા તંત્ર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. બાલવાટીકાથી ધોરણ-ચાર સુધીના બાળકોને દર બીજા દિવસે ૨૦૦ મિલીલીટર દૂધ આપવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત બાલવાટીકા અને ધોરણ-એકથી ચાર સુધીના બાળકોને રાજ્ય સરકાર તરફથી મધ્યાહન ભોજન અંતર્ગત ભોજન આપવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની બજેટ રીવ્યૂ બેઠકમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ હસ્તકની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને દર બીજા દિવસે ૨૦૦ મિલીલીટર દૂધ મળી રહે એ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેને કહ્યુ, સ્કૂલ બોર્ડ સંચાલિત બાલવાટીકાથી ધોરણ-ચાર સુધી અભ્યાસ કરતા હોય એવા ૮૮ હજાર બાળકો છે. આ તમામ બાળકોને દૂધ એ એક સંપૂર્ણ આહાર છે.આ કારણથી દર બીજા દિવસે આ બાળકોને ૨૦૦ મિલીલીટર દૂધ મળી રહે એ માટે વાર્ષિક રુપિયા દસ કરોડનો ખર્ચ થાય એમ છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009